Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડૂક્યોપનિષદ

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

२०ग
२२

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

માંડૂક્યોપનિષદ — સંપા૦ મગનભાઈ દેસાઈ

Foundation
Gurukul Kan

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या 20 ग / 22

पंजिका संख्या 33,926

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૩૩,૧૮૭

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા – ૧૩

માંડૂક્યોપનિષદ

[મૂળ શ્લોક, પદાર્થ, અન્વય, અનુવાદ તથા વિવેચન અને ગૌડપાદની કારિકાઓના સાર સહિત]

स्टाक प्रमाणीकरण ११८४-११८५

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्ययुक्तस्य न भयं विद्यते क्वचित् ॥

— ગૌડપાદકારિકા, ૧ – ૨૬.

'પ્રણવ – ૐકારમાં ચિત્ત યોજવું; ૐ એ જ નિર્ભય બ્રહ્મપદ છે. પ્રણવમાં નિત્ય ચિત્ત જોડનારને ક્યાંય ભય રહેતો નથી.'

પ્રકાશક તરફથી

CHECKED 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं.
आगत सं.
तिथि
गुरुकुल ग्रन्थालय काँगड़ी

પહેલી આવૃત્તિ, પ્રત ૨૦૦૦

© સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

કિં. ૧.૭૫ મે, ૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સ્વ૦ શ્રી. જીવાભાઈ રેવાભાઈ પટેલે ઈ. સ. ૧૯૪૨માં વિદ્યાપીઠને કુલ રૂ. ૬,૦૦૦ (તથા પછીથી રૂ. ૨,૦૦૦) આપીને ટ્રસ્ટ-કામ સોંપ્યું કે, આ રકમ વડે વિદ્યાપીઠે એમના પિતાશ્રીના નામે એક સ્મારક ગ્રંથમાળા ચલાવવી અને તેમાં જ્ઞાનવિજ્ઞાનના વિવિધ વિષયોને ધર્મદૃષ્ટિએ ચર્ચતા ગ્રંથો લેવા, જેમાં મુખ્યત્વે બ્રાહ્મણ ધર્મગ્રંથ પણ હોય.

આ હેતુથી શરૂ કરેલી ગ્રંથમાળામાં અત્યાર સુધીમાં ૧૨ ગ્રંથો બહાર પાડવામાં આવ્યા છે. આ તેનો ૧૩ મો મણકો છે.

તેમાં ૧૯૪૭થી ઉપનિષદ ગ્રંથો બહાર પાડવાનું શરૂ કર્યું છે. તે અનુસાર અત્યાર સુધીમાં મુંડક (૧૯૪૭માં) અને કેન (૧૯૫૬માં) એ બે ઉપનિષદો બહાર પાડ્યાં છે. તે જ ઢબે આ ત્રીજું માંડૂક્ય બહાર પડે છે. એની સંપાદનશૈલી પણ પહેલાં બે જેવી જ છે. તેમ જ એનાં પ્રકરણો પણ હપતે હપતે 'નવજીવન' માસિકમાં આવતાં જતાં હતાં. તેમને ફરી સળંગ જોઈ જઈને તથા સુધારીવધારીને હવે પુસ્તકાકારે આપવામાં આવે છે.

આનંદની વાત એ છે કે, સંપાદનની આ શૈલી અને તેમાં અપાતું વિવેચન વાચકોને ગમ્યું છે. કૉલેજના વિદ્યાર્થીઓ પણ તેમના અભ્યાસમાં એમનો સારો ઉપયોગ કરે છે, એમ જાણવા મળ્યું.

આથી, એક નામાંકિત વડીલજને આ ઢબે ઉપનિષદ બહાર પાડવાના કામમાં મદદ રૂપે રૂા. ૧,૦૦૦) વિદ્યાપીઠને દાનમાં આપ્યા છે અને શરત એ કરી છે કે, તેમનું નામઠામ ન જણાવવું. આ સાત્ત્વિક દાનની સાભાર નોંધ લઉં છું. તે રકમ ઉપરોક્ત ટ્રસ્ટ-રકમમાં જમા લેવામાં આવી છે, જેથી દાતાએ ધારેલા નિમિત્તે તે આપોઆપ વપરાતી રહેશે, અસ્તુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપનિષદના વાચકને મારી વિનંતી છે કે, આ અગાઉનાં મારાં વિવેચનો — ‘ મુંડક ’ તથા ‘ કેન ’નાં — તે વાંચે. તો આ ત્રીજા ઉપનિષદના વિવેચનને સમજવામાં વિશેષ આનંદ પડશે, એમ માનું છું.

આ ઉપનિષદ કઠણમાંનું એક ગણાય છે. ૐ મંત્રનું રહસ્ય તે સમજાવે છે. અને એમાં અદ્વૈતનું પ્રતિપાદન એક અનોખી ઢબે કરવામાં આવ્યું છે. આ તેની ખાસિયત પરથી કેવલાદ્વૈતના પુરસ્કર્તા શ્રી ગૌડપાદાચાર્યે તેનો ગૂઢાર્થ વિશદ કરીને સમજાવવાને માટે ખાસ કારિકાઓ લખી છે. આ વિવેચનમાં બીજા ખંડ તરીકે તેમનો સાર પણ આપ્યો છે; તથા તેમનું મહત્ત્વ સમજાવતો વિસ્તૃત ઉપોદ્‌ઘાત શરૂમાં જોડચો છે.

કારિકાઓનો સાર આપતો આ આખો બીજો ખંડ મારી સૂચનાથી ભાઈ ગોપાળદાસે તૈયાર કરી આપ્યો છે, તે માટે આભારી છું. આર્યવિદ્યાઓ બાબતમાં એમનું જ્ઞાન ઊંડું અને વિસ્તૃત છે, તેનો લાભ આ વિવેચન-ગ્રંથને આમ મળ્યો છે, તેથી તેની કિંમત વધી છે, એ ચોખ્ખો લાભ માનું છું.

પુસ્તકને અંતે પરિશિષ્ટ રૂપે ઉપનિષદનો સરળ ગુજરાતી અનુવાદ આપ્યો છે, તે એ દૃષ્ટિએ કે એથી વાચકને આખું ઉપનિષદ સ્વભાષામાં સળંગ વાંચવા મળી શકે; કેમ કે તેનો મર્મ પામવામાં આવું સળંગ વાચન મદદરૂપ થાય એમ છે. અંતે પદસૂચિ પણ જોડવામાં આવી છે.

આશા છે કે, અગાઉની પેઠે આ વિવેચન પણ વાચકોને ગમશે અને આ ઉપનિષદનો સળંગસૂત્ર અને યુક્તિબંધ અર્થ સમજવામાં તે મદદરૂપ નીવડશે.

૧૨–૫–’૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

ખંડ ૧

માંડૂક્યોપનિષદ

પ્રાર્થના ૩
પ્રસ્તાવના ૫
શાંતિપાઠ ૭
૧. ૐકાર એટલે શું ૧૧
૨. સર્વમ્ અને આત્મા બ્રહ્મ છે ૨૩
૩. આત્મા ચતુષ્પાદ છે ૩૨
૪. પહેલો પાદ – વૈશ્વાનર ૩૫
૫. બીજો પાદ – તૈજસ ૪૪
૬. ત્રીજો પાદ – પ્રાજ્ઞ ૪૮
૭. પ્રાજ્ઞ સર્વેશ્વર, સર્વજ્ઞ, અંતર્યામી છે ૫૬
૮. ચતુષ્પાદ આત્મા ૬૧
૯. આત્માનું અસલ સ્વરૂપ ૭૦
૧૦. આત્મા અને ૐકારની એકવાક્યતા ૮૬
૧૧. વૈશ્વાનર પાદ અને અકાર માત્રા ૯૨
૧૨. તૈજસ પાદ અને ઉકાર માત્રા ૯૫
૧૩. પ્રાજ્ઞ પાદ અને મકાર માત્રા ૯૮
૧૪. ચતુર્થ આત્મા અને અમાત્ર ૐકાર ૧૦૧
શાંતિપાઠ ૧૦૩
ઉપસંહાર ૧૦૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૨

ગૌડપાદની કારિકાઓ

	ઉપોદ્ઘાત	૧૧૧
૧.	ઓમ્કાર-પ્રકરણ	૧૨૨
૨.	તથ્ય-રહિતપણું	૧૨૭
૩.	અદ્વૈત પ્રકરણ	૧૩૧
૪.	અસ્પર્શયોગ	૧૩૬
	પરિશિષ્ટ: મંત્રોનો ગુજરાતી પાઠ	૧૪૩
	પદસૂચિ	૧૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડૂક્યોપનિષદ

ખંડ ૧

માંડૂક્યોપનિષદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના

ચાર પગલે જેનું આકલન તથા ચિંતન-મનન અને દર્શન થઈ શકે છે, એવા ચતુષ્પાદ આત્માનું સ્મરણ કરીને, એના સંકીર્તનરૂપ આ માંડૂક્ય ઉપનિષદનો સ્વાધ્યાય શરૂ કરું છું.

એ એક અક્ષરબ્રહ્મરૂપ આત્માની સ્તુતિ ગીતાકારે નીચેનાં રસાળ પદો દ્વારા કરી છે તે યાદ કરીને, ૐકાર-સ્વરૂપ એ આત્મ-પુરુષ વિષેના પ્રવચનરૂપી આ ઉપનિષદનો સ્વાધ્યાય શરૂ કરું છું :

यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद् यतयो वीतरागाः।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत् ते पदं संग्रहेण प्रवक्ष्ये ।।
।।ॐ इत्येकाक्षरं ब्रह्म ।।

(અ० ૮–૧૧, ૧૩)

ततः पदं तत् परिमार्गितव्यम्
यस्मिन् गता न निवर्तन्ति भूयः।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।।

(અ० ૧૫–૪)

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैः
गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ।।

(અ० ૧૫–૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને કહે 'અક્ષર' વેદવેત્તા,
જેમાં વિરાગી યતિઓ પ્રવેશે;

જે ચાહનારા ધરે બ્રહ્મચર્ય,
કહું તને તે પદ સાર રૂપે—

ૐ એકાક્ષરમ્ બ્રહ્મ.
(એક – અક્ષર – બ્રહ્મ એ છે.)

શોધી પછી તે પદને પ્રયત્ને—
જ્યાં પૂહોંચનારા ન પડે ફરીથી—

તે પામવું આદિ પુરુષ રૂપ,
પ્રવૃત્તિ જ્યાંથી પ્રસરી પુરાણી.

નિર્માન, નિર્મોહ, નિઃસંગદોષ,
અધ્યાત્મસેવી નિત, શાંતકામ;

છૂટેલ દ્વંદ્વો સુખદુઃખરૂપી,
અમૂઢ તે અવ્યય ધામ પામે.

ત્રીજે પાદે પ્રાજ્ઞરૂપે પ્રતીત થતા એવા એ સર્વેશ્વર, સર્વજ્ઞ, ભૂતમાત્રના કર્તાહર્તા અને અંતર્યામી પુરુષોત્તમ રૂપી આત્માનું અંતઃકરણમાં સ્મરણ કરીને આ સ્વાધ્યાય શરૂ કરું છું.

સર્વ પૂર્વાચાર્યોની સ્તુતિ કરીને આ ૐકારની ગાથારૂપી ઉપનિષદનો સ્વાધ્યાય શરૂ કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

૧

માંડૂક્ય ઉપનિષદ નાનાં ઉપનિષદોમાંય નાનું છે. તેમાં ૧૨ મંત્ર છે. પરંતુ તેમાં નિરૂપેલી વાત તેવી જ મહાન અને અપૂર્વ છે. તેથી સમજવાં કઠણ ગણાતાં ઉપનિષદોમાં તે ગણાય છે. ત્યારે તેનો મહિમા પણ તે પ્રમાણે જ છે.

મુક્તિકોપનિષદમાં શ્રીરામચંદ્રજીને હનુમાન પ્રશ્ન કરે છે—

इयं कैवल्यमुक्तिस्तु
केनोपायेन सिध्यति?

(હે રામચંદ્રજી, આ પ્રકારની કૈવલ્યમુકિત કયા ઉપાયે કરીને સિદ્ધ થાય?)

રામચંદ્રજી જવાબ આપે છે—

मांडूक्यमेकमेवालम्
मुमुक्षाणां विमुक्तये ।। २६ ।।

(હે મારુતિ, મુમુક્ષુઓની વિમુક્તિ માટે માંડૂક્ય ઉપનિષદ એકલું જ બસ છે.)

મતલબ કે, ૧૦૮ ઉપનિષદોનો સાર કે અર્ક આ ઉપનિષદમાં આવી જાય છે. સાર તો ટૂંકો અને મિતાક્ષરી જ હોય. તે મુજબ આ ઉપનિષદ પણ ટૂંકું અને મિતાક્ષરી જ છે, અને એનું રહસ્ય પણ એવું જ ઊંડું અને બીજરૂપે કહેલું જોવા મળે છે.

આવો તેનો ગંભીર અને બીજરૂપ અર્થ હોવાથી, એને સમજાવવાને માટે શ્રી શંકરાચાર્યના પરમગુરુ શ્રી ગૌડપાદાચાર્યે તેના ભાષ્યરૂપે વિસ્તૃત કારિકા રચી છે, તે માંડૂક્ય-કારિકા નામે ઓળખાય છે. ચાર ખંડમાં કુલ ૨૧૫ શ્લોક તેમાં છે. તેમાં ઉત્તર-મીમાંસા કે વેદાન્તનું અદ્વૈત દર્શન શું છે તે કહ્યું છે. માંડૂક્ય ઉપનિષદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દર્શનનું ઉચ્ચારણ કરતું વિરલ ઉપનિષદ ગણાય છે. તેની આર્ષ વાણીનો પ્રસાદ એવો જ અનુપમ છે.

૨

માંડૂક્ય અથર્વવેદનું ઉપનિષદ ગણાય છે. કોઈ ઋષિના એવા નામ ઉપરથી તેનું નામ પડયું હશે કે શું હશે, તે ખબર નથી. બાકી, તેનું વસ્તુ જોતાં તેને ૐકારોપનિષદ કે આત્મોપનિષદ કે એવું નામ આપવું યથાર્થ લાગે; કારણ કે તેમાં ('ૐકાર એટલે એ અક્ષર આ બધું છે,') 'ॐ इति एतद् अक्षरम्'— એ પ્રતિજ્ઞા સમજાવી છે. શું કામ ૐ એ શબ્દ પરમ સત્યનો વાચક છે એટલું જ નહીં, ૐકાર એ આત્મસત્યરૂપ જ છે એ શી રીતે, તે સમજાવનારું આ ઉપનિષદ છે.

આ સમજ અતિ ટૂંકા વિવેચનથી છતાં પૂરી સયુક્તિકતાથી તે આપે છે. અને એમ કરીને જીવનની સાધના માટે — આત્માને જાણવાને સારુ ૐકારોપાસના પણ ગર્ભિત રીતે સૂચવે છે.

આમ આ ઉપનિષદ ટૂંકમાં જીવનની તર્કશુદ્ધ અને પરિપૂર્ણ મીમાંસા કરે છે. તેમ કરવા માટે તે જ્ઞાનવિજ્ઞાનના સમગ્ર ક્ષેત્રને પોતાના વ્યાપમાં લે છે અને તેની તલસ્પર્શી સમીક્ષા કરે છે, પણ તે તેના વિવરણમાં પડ્યા વગર. આ અનુસ્યૂત રહેલા જ્ઞાનવિજ્ઞાનના વિવરણનો ફોડ પાડીને વિચાર તેની કારિકામાં કરવામાં આવ્યો છે.

૩

આ ઉપનિષદ આવું ગહન હોઈ, એવી માન્યતા પણ લોકોમાં છે કે, તે સંન્યાસીઓને માટે છે. મુક્તિકોપનિષદ કહે છે એમ, તે મુમુક્ષુઓ માટે છે. બધાં જ ઉપનિષદ તેમને માટે છે. તેમાંય આ તો સવિશેષે કરીને તેવું છે, કારણ કે તેમાં બધાં ઉપનિષદોનું તારતમ્ય મંત્રરૂપે રજૂ કરવામાં આવ્યું છે. આમ છતાં, તેની ખૂબી એ છે કે, તર્ક અને ન્યાયની શુષ્કતા વગર,— કાવ્યરસના પ્રસાદવાળી ભાષામાં અને ગેયતાભર્યા છંદમાં, તેના ૧૨ મંત્રો આ તારતમ્ય તે કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિપાઠ

દરેક ગ્રંથની શરૂઆત પ્રાર્થના કે મંગળવાક્ય અથવા શાંતિ-પાઠથી કરવાનો આપણો જૂનો રિવાજ છે. ઉપનિષદની શરૂઆત જે પ્રાર્થનાથી થાય છે તે 'શાંતિપાઠ' કહેવાય છે. માંડૂક્ય ઉપનિષદ નીચેના શાંતિપાઠથી શરૂ થાય છેઃ–

ॐ भद्रं कर्णेभिः शृणुयाम, देवाः,
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभिर्
व्यशेम देवहितं यदायुः ।।
भद्रं नो अपि वातय मनः ।।
ॐ शान्तिः शान्तिः शान्तिः

પદાર્થ

ॐ भद्रं = કલ્યાણ (કરનારી વસ્તુઓને) कर्णेभिः = કાનો વડે शृणुयाम = અમે સાંભળીએ; देवाः = હે દેવો! भद्रं = કલ્યાણને पश्येम = અમે જોઈએ अक्षभिः = આંખો વડે; यजत्राः = યજ્ઞધર્મનું પાલન કરતા રહેતા અમે स्थिरैः = નીરોગી અને મજબૂત એવાં अंगैः = (અમારાં) અંગો વડે तुष्टुवांसः = (તમારી) સ્તુતિ કરતા (અમે) तनूभिः = (અમારાં) શરીરો વડે व्यशेम = (અમે) ભોગવીએ देवहितं = (તમે) દેવોએ (અમારે માટે) ઠરાવેલું, અથવા દેવોના હિતમાં – દેવ પ્રીત્યર્થે यद् = જે आयुः = (અમારું) આયુષ્ય (તેને).

भद्रं = શુભ, કલ્યાણ તરફ नो = અમારા अपि = પણ वातय = પ્રેરણા કર मनः = મનને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્વય

ॐ (हे) देवाः, (वयम्) यजत्राः कर्णेभिः भद्रं शृणुयाम, अक्षभिः भद्रं पश्येम, स्थिरैः अंगैः तनूभिः (च) तुष्टुवांसः (वयम्) यद् आयुः (तद्) देवहितम् व्यशेम ।। नः मनः अपि भद्रं वातय ।।

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

અર્થ

ૐ હે દેવો, યજ્ઞધર્મનું પાલન કરતા રહેનારા અમે કાનો વડે કલ્યાણ (કરનારી વસ્તુઓ) સાંભળીએ, આંખો વડે કલ્યાણ (કરનારી ચીજો) જોઈએ; અમારાં નીરોગ અને મજબૂત અંગો તથા શરીરો વડે તમારી સ્તુતિ કરતા કરતા, જે આયુષ (અમારે માટે તમે ઠરાવ્યું હોય) તેને, દેવોના હિતમાં — દેવપ્રીત્યર્થે અમે ભોગવીએ!

અમારા મનને પણ કલ્યાણ તરફની જ પ્રેરણા કર.

(હે દેવો, આમ અમે માગીએ છીએ; એ પ્રમાણે અમારો જીવનપથ કાપવાનો અમે સંકલ્પ કરીએ છીએ.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

[આ ટૂંકી પ્રાર્થના ભારે અર્થગંભીર છે. તેમાં ટૂંકમાં છતાં પૂરો જીવનમંત્ર કહી દીધો છે. જીવન યજ્ઞમય હોવું જોઈએ — મનુષ્યે 'यजत्र' યજ્ઞધર્મનું પાલન કરનારા હોવું જોઈએ. એનો જ અર્થ ફરી ફરી આપે છે કે, અમે આખું આયુષ દેવહિતમાં, એટલે કે યજ્ઞાર્થે વ્યતીત કરીએ. એમ યજ્ઞ-દીક્ષિત જીવનવાળા માણસની બધી ઇંદ્રિયો અને આખું શરીર યોગારૂઢ હશે; સંયમથી તેમાં દૃઢતા અને એકાગ્રતા સધાઈ હશે; તેવો માણસ જે કાંઈ કરે તે શ્રેયાર્થે જ કરે. તેનાં બધાં અંગોએ એને માટે જરૂરી એવી પવિત્રતા, દૃઢતા અને સંયમ કે એકાગ્રતા મેળવવાં જોઈએ. અથવા કહો કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધી સાધનસંપત્તિ અને યજ્ઞમય જીવન અન્યોન્યાશ્રયે રહેલાં છે: એકમેક કાર્યકારણરૂપે ઓતપ્રોત છે. એમ જીવન કલ્યાણ કે શ્રેય તરફ જનારું, એટલે કે દેવપરાયણ અથવા તો ભક્તિ અને સેવા કે યજ્ઞમાં પરાયણ હોવું જોઈએ; અને આખું આયુષ્ય — વિધિએ આંકયું હોય તેવડું — તે રીતે પૂરું કરવું જોઈએ — તે જ એક આદર્શથી ભરી કાઢવું ઘટે.

અહીં આગળ ઈશોપનિષદના નીચેના મંત્ર (અથવા ગીતાનો સમગ્ર ઉપદેશ) યાદ આવે છે. તે જ વસ્તુ, સંકલ્પ કે પ્રાર્થનાની ભાષામાં આ શાંતિપાઠમાં આવી જાય છે. ઉપનિષદોનો કે યોગ યા સાધનાનો એ સાર છે.

ઈશના મંત્ર આ છે:—

ईशावास्यमिदं सर्वम् यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यस्विद् धनम् ।।१।।
कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ।।२।।

'જગતમાં જે કાંઈ છે તે ફરતું ચાલતું છે. એ બધું ઈશ્વર વડે વ્યાપેલું છે. તેમાં ઈશ્વરનો વાસ છે. તેના ત્યાગ દ્વારા તું (એને) ભોગવ; બીજાના ધનની લાલચ ન રાખ. આ જગતમાં (આ પ્રકારની ભાવનાથી) કર્મો કરતાં કરતાં સો વર્ષ (એટલે કે ઈશ્વરે નક્કી કરેલો મનાતો મનુષ્યના આયુનો આંકડો) જીવવા ઇચ્છવું. તારે માટે એના સિવાય બીજો રસ્તો નથી; તો જ માણસ કર્મના બંધનથી લેપાતો નથી.'

'મનને પણ શુભ તરફ જ પ્રેર,' એમ જણાવતું શાંતિપાઠનું છેલ્લું વાકય જુદું છે. તેમાં જેને સંબોધન છે, તે એકવચનમાં છે; અર્થાત્ સમગ્ર દેવોની સમષ્ટિરૂપ મૂળ દેવને જાણે તે સંબોધન છે.

ઉપરના શાંતિપાઠમાં કર્ણ, ચક્ષુ, તથા બાહ્ય અંગો અને શરીરોની વાત છે; તેની પૂર્તિરૂપે જાણે એ બધાં કરણોનું અંતઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું જે કરણ, એટલે કે મન, તેનો ઉલ્લેખ આમાં કર્યો છે. અમારા મનને પણ શુભગામી — કલ્યાણમુખી કર, એવી તેમાં પ્રાર્થના છે.

મન એ સર્વે કરણો – ઇંદ્રિયો – અંગેનું 'અંતઃ' અંદરનું 'કરણ' છે અને તેથી સર્વ ઇન્દ્રિયોમાં મુખ્ય છે – રાજા છે. બીજાં અંગો જુદી દિશામાં વળ્યાં હોય તોપણ મન તે દિશામાં ન વળે એમ પણ બને. તેથી તેને પણ આ જુદા વાક્યથી આ ઉપનિષદના શાંતિપાઠમાં ઉમેરી લીધું છે.

આ શાંતિપાઠ ઉપનિષદોની શરૂઆતમાં માત્ર એક પરિપાટી કે વિધિ તરીકે નથી ઉમેરાતા. આ ઉપનિષદનો શાંતિપાઠ ઋગ્વેદનો (૧–૮૯–૮) મંત્ર છે. અને પછીનો ટુકડો ૧૦–૨૫–૧નો ભાગ છે. જુદાં જુદાં ઉપનિષદોમાં જુદા જુદા શાંતિપાઠ મૂકેલા હોય છે. તે શાંતિપાઠો એક રીતે એ ઉપનિષદનો ઉપદેશ કઈ પાર્શ્વભૂમિમાં વિચારાય છે, તે દર્શાવવામાં મદદરૂપ બને છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ૐકાર એટલે શું

૧

સામાન્ય રીતે ઉપનિષદો પ્રશ્નોત્તરી રૂપે વિવેચન કરે છે, પણ આ ઉપનિષદમાં તેવું જોવા નથી મળતું. આ ઉપનિષદને જે તત્ત્વનું મૂળ નિરૂપણ કરવું છે, તેની સીધી જ પ્રતિજ્ઞા તે કરે છે, અને પછી તેની દલીલમાં ઊતરે છે. અને એમ તેનું વિવેચન કરે છે—મૂળ કહેવાનું છે તે સમજાવે છે.

છતાં, કોઈ જિજ્ઞાસુનો પ્રશ્ન કલ્પીને તે પ્રતિજ્ઞા સમજવી હોય તો કહી શકાય કે, શિષ્ય અથવા તો જિજ્ઞાસુ મનુષ્ય બ્રહ્મજ્ઞ એવા અમુક ગુરુ પાસે જઈ પૂછે છે, "હે ભગવન્, ૐકાર શું છે? પ્રાચીન કાળથી આપણા લોકો આ અક્ષરનો મહિમા ગાતા આવ્યા છે. એવા એ પરમ અક્ષરનો અર્થ શો છે? હે પ્રભુ, આપણા લોકના આ મહાશબ્દનું ઉપનિષદ મને કહો."

આવા પ્રશ્નના જવાબમાં જાણે માંડૂક્યોપનિષદ શરૂ થતું હોય એમ કહી શકીએ.

શિષ્યના પ્રશ્નના જવાબમાં ગુરુ કહે છે, "હે શિષ્ય, તારો પ્રશ્ન ઉચિત છે. તું ૐકારનો જિજ્ઞાસુ છે; તને તેનું ઉપનિષદ કહેવું જોઈએ. તે વિષે પરાપૂર્વથી અમે જે સાંભળતા આવ્યા છીએ, તે તને કહું. તેમાં વિજ્ઞાનસહિત જ્ઞાનમાત્રનો સાર આવી જાય છે.* એ જેણે જાણ્યું તેણે જાણવાનું જાણ્યું છે; એ મુક્ત થશે. તે તું હવે સાંભળ:"

---

* સર૦ ગીતા ૮–૨, ૯–૧. આ ઉપનિષદની ચર્ચા સાથે ગીતાના અ૦ ૮, ૯, ૧૦ ઇ૦ની ચર્ચા નિકટ સંબંધ તથા સમાનતા ધરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિ કહે છે—

ओमित्येतदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानं भूतं भवद् भविष्यदिति सर्वमोङ्कार एव । यच्चान्यत् त्रिकालातीतं तदप्योंकार एव ।। १ ।।

પદાર્થ

ओम् = ઓમ, ॐ इति = એ एतद् = એ, પેલું अक्षरम् = (૧) અક્ષર; વર્ણ (૨) જે ક્ષર નથી, અમર, અવિનાશી છે, તેવું – અક્ષર; इदम् = આ सर्वम् = બધું, જે આપણને પ્રતીત થાય છે તે બધું દૃશ્ય तस्य = તેનું, તે અક્ષરનું કે તે ઓમકારનું उपव्याख्यानम् = વર્ણન, વિસ્તારનું બયાન, ગાથા. भूतम् = થઈ ગયેલું, ભૂતકાળ भवद् = થતું, વર્તમાનકાળ भविष्यत् = થનારું, ભવિષ્યકાળ इति = એ सर्वम् = બધું ओंकारः = ઓમકાર एव = જ.

यत् = જે च = અને अन्यत् = બીજું त्रिकालातीतम् = ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળથી અતીત – પાર રહેલું છે તે, ત્રણે કાળ ઉપરાંત જે હોય તે तद् = તે अपि = પણ ओंकारः = ઓમકાર एव = જ.

અન્વય

ओम् इति एतद् अक्षरम्, इदं सर्वम् तस्य उपव्याख्यानम्; भूतं भवद् भविष्यद् इति सर्वम् ओंकारः एव। यत् च त्रिकालातीतम् अन्यत् तद् अपि ओंकारः एव।।

અર્થ

ઓમ્ એ પેલું અક્ષર (છે.);

આ બધું (ક્ષર એવું જે દૃશ્ય છે તે) તેનો વિસ્તાર કે તેની વર્ણન-ગાથા (છે.);

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(એટલે) ભૂત, વર્તમાન, (તથા) ભવિષ્ય (એ ત્રણમાં રહેલું) બધું (આ ક્ષર એવું જે દશ્ય તે પણ) ઓમકાર જ (છે.).

તથા તે ત્રણ કાળ પાર જે (તેનાથી નિરાળું કે જુદું પડતું એવું) બીજું છે તે પણ ઓમકાર જ (છે.).

૨

[અક્ષર એટલે વર્ણ કે પદ એવો બીજો અર્થ લઈને મંત્રના પહેલા ભાગનો જરા બીજી રીતે અન્વય એમ પણ કરાય છે કે,

ओम् इति एतद् अक्षरम् इदं सर्वम् ।
तस्य उपव्याख्यानम् भूतं भवद् भविष्यद् इति सर्वम् ओंकारः एव ।...

અને તે અન્વયે આ મંત્રનો અર્થ એવો પણ થાય છે કે, "ઓમ એવો જે અક્ષર કે વર્ણ છે તે આ બધું (દશ્ય) છે. તે (દશ્ય)નું વર્ણન કે વિસ્તાર ભૂત ભવિષ્ય અને વર્તમાન હોઈને, (તે ત્રણે કાળમાં વસતું કે વિચરતું યા પ્રતીત થતું) બધું છે તે ૐકાર જ છે. . . ."

બંને અર્થમાં ઝાઝો ફરક નથી. છતાં એક વસ્તુ પહેલા અન્વયમાં છે, તેથી તે વધારે સારો કહેવાય. તે એ છે કે, પહેલા અન્વયમાં 'અક્ષર' અથવા પરમ બ્રહ્મ પદાર્થનો વિચાર આવે છે. अक्षर = પદ કે વર્ણ અર્થ લેવાથી તેનો 'ક્ષર નહીં એવું જે પરમ અક્ષર ધામ' તે ભાવ આવતો નથી. તે આવવો જોઈએ; તો આ મંત્રનો અર્થ વધુ ગંભીર બને છે. "આ બધું દશ્ય ૐ એ અક્ષર છે" એ ખરું; પરંતુ "પેલું અક્ષર ધામ ૐ છે," એ પણ આર્ય તત્ત્વજ્ઞાનમાં મહત્ત્વનો સિદ્ધાંત છે. એ અર્થ પણ અહીં સમજવો જોઈએ. જેમ કે, જુઓ :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदक्षरं वेदविदो वदन्ति (ગીતા ૮-૧૧); ओमित्येकाक्षरं ब्रह्म (ગીતા ૮-૧૩); ओमित्येतद् (कठ ઉપનિષદ ૧-૨-૧૫); ओम् तत् सत् इति निर्देशः ब्रह्मणः त्रिविधः स्मृतः (ગીતા ૧૭-૨૩).

એમ 'ૐ એટલે આ અક્ષર ધામ કે પદ છે' કહીને મંત્ર આગળ વધે છે અને કહે છે કે, इदं सर्वम् तस्य उपव्याख्यानम्' — આ બધું તે અક્ષરનો પરિવાર કે વિસ્તાર યા વંશવેલો કે તેનો મહિમા કે પ્રશસ્તિ છે.

આ વિસ્તાર એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રિકાળ; અથવા તો થયેલા, થતા, અને થનારા એવા બધા જ ભાવો કે પદાર્થો.

એમ જણાવીને મંત્ર આગળ વધે છે અને કહે છે કે, એ દૃશ્ય પણ ॐकार જ છે. — કહો કે ૐ શબ્દ કે ધ્વનિની જ લીલા, પરિવાર કે વિસ્તાર છે.

આર્ય તત્ત્વજ્ઞાનમાં આ બીજો સિદ્ધાંત પણ અનેક રીતે કહેવાયો છે — જેમ કે ॐकार एव इदं सर्वम्। (છાંદોગ્ય ૨-૨૩-૨); यतः प्रवृत्तिः भूतानाम् येन सर्वमिदं ततम्। (જેમાંથી ભૂતમાત્રની - સંસારની આ બધી પ્રવૃત્તિ પ્રગટે છે, જે વડે આ બધું વ્યાપેલું છે. . .) (ગીતા ૧૮ - ૪૬).

પરંતુ આર્ય તત્ત્વજ્ઞાને હમેશ એથી આગળ વધીને અને ત્રણે કાળની પાર પણ વિચાર લીધો છે. તેમ કરતા પહેલાં, ત્રણ કાળમાં પ્રતીત થનારા બધા દૃશ્યનો સાર તેણે એમ બતાવ્યો છે કે —

ક્ષર ભાવ એ એનું અંતિમ રહસ્ય છે. 'अधिभूतं क्षरो भावः' (ગીતા ૮ - ૪). અને એ ક્ષર ભાવનો જે વિસ્તાર, સર્ગ કે સૃષ્ટિ યા આ દૃશ્ય સંસાર રૂપે, થયા જ કરે છે, તેના સિદ્ધાંતને कर्म કહ્યું છે :—

भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः (ગીતા ૮ - ૩).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(એમ જે વૈવિધ્યપૂર્ણ વિસર્ગ થયા કરે છે તેનું કારણ કર્મ છે.)

બૌદ્ધ તત્ત્વજ્ઞાને આ વસ્તુ તેના ક્ષણિકતાના વિજ્ઞાનવાદ દ્વારા નિરૂપી છે. કાળ કે સમયનો નાનામાં નાનો ઘટક ક્ષણ કે પળ છે. તેનું લક્ષણ ગતિ છે. કાળની ક્ષણે ક્ષણે ગતિ કરતું અને પલટાતું જતું આ દૃશ્ય જગત છે — એમ તે કહે છે. તે પલટાના આપણા અનુભવમાં દુઃખ રહેલું છે. તેથી તે તત્ત્વજ્ઞાન એવો સિદ્ધાન્ત કહે છે કે, આ પલટામાંથી કે તે દુઃખમાંથી નિર્વાણ ખોળવું જોઈએ — મેળવવું જોઈએ.

એટલે નિર્વાણ પદ કાલાતીત થયું જ. ભૂત ભવિષ્ય અને ભવત્ એ ત્રણથી બહાર અથવા પર ન હોય તો તે સંભવી ન શકે. ક્ષર કે ખરતા રહેતા ક્ષણભંગુર એવા આ વિવિધ ભૂતોથી ભરેલા વિસર્ગથી પાર તે અનુભવ રહેલો છે. ત્યાં કર્મની ગતિ નથી; બલ્કે ત્યાં નૈષ્કર્મ્ય અથવા કર્મનાશ રહેલાં છે.

તેથી આ ઉપનિષદ, ત્રણ કાળનું ઉપાખ્યાન પણ ૐકાર છે, એટલું કહીને અટકતું નથી; આગળ જઈને તે કહે છે —

'એ ત્રણ કાળ પાર જે એનાથી નિરાળું બીજું તે પણ એ અક્ષર અથવા ૐકાર જ છે.'

આવા પરમ ભાવની હસ્તીનો સિદ્ધાંત આર્ય તત્ત્વજ્ઞાનનું અદ્વિતીય વિધાન છે, જે એટલી સ્પષ્ટતાથી બૌદ્ધ કે જૈન તત્ત્વજ્ઞાનમાં નથી. આ પરમ ભાવને પરબ્રહ્મ, ૐ, તત્ સત્, વગેરે પદોથી વર્ણવાય છે.

ભક્તિમાર્ગના તત્ત્વજ્ઞાને આ પરમ ભાવને પરમેશ્વર કહીને કામ લીધું છે. (આ ઉપનિષદ આગળ મંત્ર ૬ માં તે વિષે પણ કહેશે કે, એ પરમેશ્વર પણ ૐકાર જ છે — આત્માનું તૃતીય પાદ છે.)

ગીતા અ૦ ૮ આ ઉપનિષદનું ઉત્તમ વિવરણ ગણાય. તેમાં આ મંત્રના રહસ્યનો સુંદર ફોડ પાડી બતાવ્યો છે. જુઓ નીચેના શ્લોકો (અ૦ ૮, શ્લો ૧૮ થી ૨૨):—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अव्यक्ताद् व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ।। १८ ।।
भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ।। १९ ।।
परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात् सनातनः ।
यः सः सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ।। २० ।।
अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ।। २१ ।।
पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ।। २२ ।।

–(બ્રહ્માનો) દિવસ ઊગતાં બધાં ભૂતો અવ્યક્તમાંથી વ્યક્ત થાય છે અને (બ્રહ્માની) રાત્રિ પડતાં તેમનો પ્રલય થાય છે. એટલે કે, અવ્યક્તમાં તે પાછાં લય પામે છે.

હે પાર્થ! આ પ્રાણીઓનો સમુદાય આમ પેદા થઈ થઈને (બ્રહ્માની) રાત્રિ પડતાં પરાણે લય પામે છે, અને દિવસ ઊગતાં વિવશપણે ઉત્પન્ન થાય છે.

આ અવ્યક્તથી પર એવો બીજો સનાતન અવ્યક્ત-ભાવ છે. બધાં પ્રાણીઓ (ભૂતો)નો નાશ થતાં છતાં આ સનાતન અવ્યક્ત-ભાવ નાશ નથી પામતો.

તે અવ્યક્ત, અક્ષર (અવિનાશી) કહેવાય છે; તેને જ પરમ ગતિ પણ કહે છે. તેને પામ્યા પછી લોકોને પુનર્જન્મ નથી થતો, એવું તે મારું પરમ ધામ છે.

હે પાર્થ! ભૂતમાત્ર જેને વિષે રહેલાં છે અને આ બધું જેના વડે વ્યાપ્ત છે, તે ઉત્તમ પુરુષનાં દર્શન અનન્ય ભક્તિ વડે થાય છે.

આ જે પરમ ભાવ, પરમ ગતિ, પરમ ધામ,—જે શબ્દોથી કહેવું હોય તે કહો,—તેને જ શાસ્ત્રો કે વેદો अव्यक्त કહે છે. તેને જ अक्षर પણ કહે છે. ૐકાર એ અક્ષર છે. अव्यक्त, अक्षर, અનામી ઇ૦ નેતિ- કે નકાર- વાચક શબ્દો છોડીને કોઈ હકાર-વાચક કે ભાવાત્મક વાચક કે નામ લેવું હોય, તો તે ૐ છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરનું જ બીજું વાચક આ ॐ છે—તેથી એ ॐ જ છે, એમ ઋષિ પહેલા મંત્રમાં—શિષ્યના 'ઓમ્ શું છે?' એવા પ્રશ્નના જવાબમાં કહે છે.

ગીતા અ૦ ૮–૧, ૨ માં જોઈશું તો અર્જુન ખરું જોતાં આ જ પ્રશ્ન પૂછે છે. ગીતાકારે તે પ્રશ્નના ગર્ભિત અર્થોનો વિસ્તાર કરીને માત્ર તેના વિવરણ રૂપે જ પૂછ્યું છે કે,

किं तद् ब्रह्म किमध्यात्मम् किं कर्म, पुरुषोत्तम।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ।। १ ।।
अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन् मधुसूदन।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ।। २ ।।

"હે પુરુષોત્તમ! એ બ્રહ્મનું સ્વરૂપ શું છે? અધ્યાત્મ શું છે? કર્મ શું છે? અધિભૂત શાને કહે છે? અધિદૈવ શું કહેવાય છે?

"હે મધુસૂદન! આ દેહને વિષે અધિયજ્ઞ શું અને કઈ રીતે છે? અને સંયમી તમને મરણ સમયે કેમ જાણી શકે?"

આ સવાલોની અંદર આર્યોનું આખું તત્ત્વજ્ઞાન, જીવનદૃષ્ટિ અને પુરુષાર્થનું શાસ્ત્ર સમાયું છે. માંડૂક્ય ઉપનિષદ એ જ વસ્તુ અતિ સંક્ષેપમાં અને સાવ સૂત્રભાષામાં કહે છે, જેનું વિવેચન ગીતાકાર અ૦ ૮થી શરૂ કરીને આગળના અધ્યાયોમાં આપે છે. એટલે આ ઉપનિષદનો મર્મ પકડવાને માટે, એ અધ્યાયો ખાસ મનન કરવા જેવા છે.

૩

ઋષિ કે ગુરુ તથા શિષ્ય વચ્ચે થતા સંવાદની શૈલીમાં આ પહેલા મંત્રનો મર્મ વિચારીએ.

શિષ્યે પૂછ્યું, "હે ભગવાન, આપણે પરાપૂર્વથી ॐ એ અક્ષરનો મહિમા ગાઈએ છીએ. આ ॐ શું છે?"

જવાબમાં ગુરુ કહે છે, "હે વત્સ, તારો પ્રશ્ન બહુ ઉચિત છે. ॐ સમજવા માગનારા વિરલ હોય છે. પ્રપંચની ખટપટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂંથાયેલા અને તેના રસમાં ગરક થયેલા લોકને આવો સવાલ નથી ઊઠતો. તને એ ઊઠ્યો, એ કેવી ધન્યતાની — આનંદની વાત છે! તું અધિકારી પુરુષ છે. આ સૃષ્ટિ, આ જીવો, અને તેમના અનુભવમાં આવતું આ બધે વ્યાપેલું પ્રગટ જીવન — આ બધું મૂળે શું છે, એ તું વિચારવા લાગ્યો છે. આ એવો ઊંડો કોયડો છે કે, હજારોમાંથી કોકને તે દેખાય છે; એમ દેખનારાઓમાંથી કોક તે પામવાને મથે છે; અને એમ મથનારામાંથી કોક તેમાં ફાવે છે. (જુઓ ગીતા ૭–૩.) સૃષ્ટિ કે આ જગતનો આ જે ગૂઢ કોયડો છે, તે તું કળવા લાગ્યો દેખાય છે; તેથી તું પ્રશ્ન કરતો થયો છે. તેના ઉત્તરમાં હું તને એ વિષેના સમગ્ર વિજ્ઞાન સહિત તેનું જ્ઞાન કહીશ; તેમાં કાંઈ બાકી નહીં રાખું: આ કોયડાનો પૂરો ક્યાસ કરીને તે વિષે ફોડવાર તને વાત કહીશ. એ તું જાણશે, એટલે પછી વધુ કાંઈ જાણવાની તારી ઉત્કંઠા નહીં રહે, કેમ કે જે જાણવાનું છે તે તેં જાણી લીધું, એમ તને જ થશે — તું આત્મતૃપ્ત થઈશ; તને આત્મસંતોષ થશે, તને શાંતિ થશે.” (જુઓ ગીતા ૭–૨.)

આવી આવકારભરી વાણીથી શિષ્યના પ્રશ્નનો સત્કાર કરીને ગુરુ જવાબ આપે છે, કે જે ઉપનિષદનો પહેલો મંત્ર છે. આપણે જોયું કે, તે મંત્રમાં ગુરુએ પોતાના ઉત્તરની પ્રારંભિક પ્રતિજ્ઞા કહી કે,

“હે શિષ્ય, ૐ એટલે અક્ષર અવિનાશી એવું સત્ય. આ બધું જે તું શબ્દો દ્વારા જાણે – વર્ણવે છે અથવા મન ઇન્દ્રિયાદિ વડે જેનો ઉપભોગ – અનુભવ કરે છે, તે બધુંય એ ૐ અક્ષરનું જ ઉપવ્યાખ્યાન કે વર્ણનગાથા છે. ૐ અક્ષરની જ એ બધી વિસ્તારવાડી છે — ૐનો જ એ બધો પસારો છે.

“અથવા તો હર ઘડી હર પળ આ સંસાર કે જગત કાળની અંદર સર્યા જ કરે છે; કાંઈનું કાંઈ બન્યા જ કરે છે. એમ બનતું એ બધું તું જાણે છે, જુએ છે. એટલે, જે થઈ ગયું તે ભૂત, થતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે તે ભવત્, તથા હવે પછી થશે તે ભવિષ્યત્ — એમ કાળમાં ત્રણ કક્ષાએ પ્રતીત થતું આ બધું છે; તે બધું પણ એ જ અક્ષર — અવિનાશી ॐकार જ છે. હે શિષ્ય, ઉપર કહી તે શબ્દલીલા પેઠે જ આ રૂપલીલા પણ ॐकार જ છે. ટૂંકમાં, નામ અથવા શબ્દ અને રૂપ અથવા ભાવ* એમ બે-ભથ્થુ આ બધું દેખાય છે, તે ખરેખર બે નથી; પણ તે એક ॐकार જ છે. આ બધાને તું કાનથી સાંભળીને — પદ અથવા શબ્દ વડે ગોચર કરે, કે તે બધાને આંખથી જોઈને — ભાવો કે (પદોના અર્થ એવા તે) પદાર્થો વડે તેને ગોચર કરે, બેઉ વાટે તે સંપ્રજ્ઞાન તારા મનમાં જાય છે; અને તું તેમાંથી ચિત્તની અંદર જે પામે છે, તે તારા ભાનનો વિષય એક જ છે. શબ્દ કે પદ વાટે ચિત્તમાં આવ્યું તે એક, અને વસ્તુ કે અર્થ કે પદાર્થ જોવા વાટે જે આવ્યું તે બીજું, — એમ નથી. તે બંને એક જ વસ્તુનાં બે પાંખિયાં છે. તેમને તું જુદાં ન સમજ : બંનેય એક ॐकार જ છે."

આ સાંભળીને શિષ્ય મનમાં વિચાર કરે છે, "બે ચોખ્ખાં જુદાં દેખાય છે. એક તો ખાલી પોલા બોલેબોલ છે, બોલ્યા કે હવામાં ઊડી જાય! ત્યારે બીજું તો નક્કર એવો ચીજ-ભાવ છે. શબ્દ કે વાચા એ તો વસ્તુઓને વર્ણવવાને માટે સંકેત છે; તે કાંઈ વસ્તુ કે પદાર્થ નથી. 'પાણી' બોલીએ તેથી કાંઈ તે બોલ પિવાય નહીં — તેણે તરસ ના છીપે. એ તો પાણી જેવું પાણી જે પદાર્થ છે, તે પીએ તો જ તરસ છીપે. એટલે આપણને શબ્દરૂપે પ્રતીત થતી આ શબ્દસૃષ્ટિ કે શબ્દબ્રહ્મ અને ત્રણ કાળમાં વિહરતા ભાવો કે પદાર્થોરૂપે પ્રતીત થતો તેમનો આ દૃશ્ય સંસાર — એ બેઉ એક જ ॐकार છે, એમ ગુરુ કહે છે, તે કેવી રીતે ??"

શિષ્ય આમ ગૂંચાય અને પ્રશ્ન પૂછે તે અગાઉથી જ પામીને, ગુરુ આગળ કહે છે —

* 'ભાવ'નો મૂળ અર્થ જે થાય તે — એટલે કે ભૂત, ભવત્ અને ભવિષ્યત્ એ ત્રણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખરું જોતાં, ॐ તો અક્ષર અવિનાશી એવું એકમાત્ર જે સત્ય છે, તે જ છે. આ સત્ય બે રીતે પ્રગટ કે પ્રતીત થાય છે — ૧. નામ કે શબ્દથી; ૨. રૂપ કે આકારથી. તેથી તે બંને ૐકાર છે, એમ ભાષામાં ભેદ કરીને કહ્યું, કે જેથી સમજવામાં મદદ થાય. બાકી, ૐકાર તો તેનાથી અતીત કે તેનાથી પાર જે કાંઈ છે તે છે. શબ્દ અને રૂપ એ બે દ્રવ્યો દેશ અને કાળની બે મોટી મર્યાદામાં મનુષ્યના અનુભવમાં આવે છે; એ દેશ અને એ કાળ આપણા પ્રજ્ઞાનનાં બે મોટાં મૂળ માપ કે મૂળ પ્રમાણો છે. આપણું પ્રજ્ઞાન કે વિજ્ઞાન એ મૂળ માપની પરિભાષા કે વિલાસ છે. એની પાર— એ દેશકાળથી અતીત એક હયાતી કે સત્તા રહેલી છે, કે જેના અધિષ્ઠાનમાં, જેની મૂળ ભૂમિકામાં રહીને આ બધો નામરૂપનો વિલાસ ચાલે છે. એ બેથી अन्यत् (બીજું કે નિરાળું), એટલે કે કાળમર્યાદાની પાર એવું त्रिकालातीत છે, તે પણ ૐકાર જ છે. શબ્દસૃષ્ટિ તથા દૃશ્યસૃષ્ટિ બંને ૐકાર છે; તે હિસાબે કે તેવા અર્થમાં આગળના ક્રમમાં ત્રીજું વધુ કાંઈ ૐકાર છે, એમ નથી. પરંતુ એ બેઉ ॐ છે, અને છતાં એ બેથી તે નિરાળું છે. તેથી તે એ બેઉમાં ઓતપ્રોત રહેલું છે. છતાં તે એ જ માત્ર નથી; તેથી अन्यत् પણ એ છે. એ જે છે (કે જેને કેટલીય વાર तत् એવા સર્વનામથી જ ઓળખાણ અપાય છે,) તે પણ ૐકાર છે. તે अक्षर છે. ત્યાં જઈને 'અક્ષર' એટલે કે શબ્દ અને 'અક્ષર' એટલે કે શબ્દ દ્વારા વર્ણવાતા પદાર્થો કે ક્ષર એવા ભાવો એ બંનેથી જુદું એવું જે અવિનાશી અમરત્વ — એ બંને અર્થ મળે છે. પદ અને અર્થ બંને એ ૐકાર–અક્ષરમાં એકતા પામે છે. ॐ એ આવું एकमेवाद्वितीयम् છે."

આ અટપટી વાત 'વિજ્ઞાન સહિત જ્ઞાન' (ગીતા ૯–૧) છે, કે જે જાણવાથી અશુભમાંથી છૂટી શકાય છે. આ જ અતિ સૂક્ષ્મ બાબતને કવિએ નીચેના અમર કાવ્યની વાણીમાં નિર્દેશી છે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२० गा
२२

33,196

वागर्थाविव संपृक्तौ
वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे
पार्वतीपरमेश्वरौ ।।

— રઘુવંશ ૧–૧.

"વાણી અને અર્થના જ્ઞાન માટે હું વાણી અને અર્થની પેઠે એકરૂપ થયેલાં જગતનાં માતાપિતા પાર્વતી અને પરમેશ્વરને વંદું છું."

પ્રકૃતિ અને પુરુષ પેઠે, સ્ત્રી અને પુરુષ પેઠે, વાચા અને તે દ્વારા કહેવાતા અર્થ પેઠે, અતૂટ એકતા એ જ્ઞાનનું ચરમ રહસ્ય છે; —પ્રજ્ઞાન કે વિજ્ઞાનમાં ભલે એ ભેદ રૂપે દેખાય. એ ભેદનો પાર પામવો એ જ્ઞાન છે. ત્યાં ભેદ નથી, અભેદ છે; ત્યાં ક્ષરતા નથી, અક્ષરતા છે; ત્યાં વ્યક્તતા નથી, અવ્યક્તતા છે; ત્યાં આ બધો 'ભૂતગ્રામ' (ગીતા ૯–૮) નથી, ત્યાં કેવળ પરમ ભાવ કે હસ્તી જ છે; — જાત જાતના ભાવો રૂપે એની જે સંભૂતિ કે વિભૂતિઓ જોઈએ છીએ, તે ત્યાં નથી,— ત્યાં તો કેવળ ભૂતિ કે હયાતી અથવા સત્તા જ છે. ૐકાર આ છે.

આમ ગુરુ શિષ્યને જવાબ આપે છે. પણ તેથી શિષ્યને કેમ સંતોષ થઈ શકે? તેને એમ થાય છે કે, આ બધું જગત, આ મારો સંસાર, આ હું, આ મારી જીવનકળા અને તેનો રસ, — આ બધું ત્યારે કાંઈ નહીં! એના સંબંધમાં અને એ બધું ત્યારે શું છે, તે ચર્ચીને જો વાત થાય, તો કાંઈક સમજાય. માટે તે ગુરુને કહે છે કે, કૃપા કરીને વિસ્તારથી કહો કે, આ બધું ૐકાર જ છે એ કેવી રીતે?

આના જવાબમાં ગુરુ પોતાની વાત — પોતાની દલીલ આગળ ચલાવે છે, ને ઉપનિષદના બીજા મંત્રમાં કહે છે —

"હે શિષ્ય, આ બધું બ્રહ્મ છે એ તો તેં સાંભળ્યું જ હશે. હવે હું તને કહું છું કે, આ બધા વિસ્તારમાં જે આત્મા કે "હું છું"

GURUKULA KANGRI LIBRARY

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી ચેતનાવાળી સત્તા અથવા અસ્તિત્વના અહંકાર રૂપે જે જીવન કે જીવભાવ તને દેખાય છે, અને જે જોઈને તું ગૂંચવાય છે — તને શંકા સવાલ જાગે છે, તે પણ કાંઈ તેનાથી જુદું નથી; તે આત્મા કે આપાપણું પણ બ્રહ્મ જ છે. તે આત્માનું કે અહંકારનું પૃથક્કરણ હવે તને કહું, એટલે તને સમજાશે કે, આ બધું ૐકાર છે એમ શ્રુતિ શું કામ કહે છે. આ જે આત્મા કે જે તું જીવનતત્ત્વના "હું છું" એવા અહંકાર રૂપે જુએ છે, તે चतुष्पाद् — ચાર પાદવાળો છે. એ તેનાં ચાર 'पाद' તને કહીશ, એટલે તને સ્પષ્ટ જણાશે કે, આ બધું ૐકાર શું કામ છે. ૐકારનાં પણ એવાં જ ચાર અંગો કે માત્રાઓ છે, તે તને બતાવીશ. એ એ પરથી તને જણાશે કે, એ ચાર પાદ કે એ ચાર માત્રા એક જ છે, અને એથી કરીને જ કહેવાય છે કે, આ બધું ૐકાર જ છે."

આ ટૂંકામાં આ ૐકાર- કે પ્રણવ- ઉપનિષદની કુલ દલીલ પણ છે. એ દલીલની માંડણી બીજા મંત્રમાં ઋષિ કરે છે; પછીના મંત્રોમાં તેને ક્રમે ક્રમે આગળ લે છે; અને છેવટે બતાવે છે કે, આમ મૂળ કહેલી પ્રતિજ્ઞા સાબિત થાય છે કે, एवम् ओंकारः आत्मा एव । (મંત્ર ૧૨.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

सर्वम् અને आत्मा બ્રહ્મ છે

૧

ગુરુ-શિષ્ય-સંવાદ રૂપે વિચારતાં આપણે જોયું કે, ગુરુએ પ્રથમ મંત્રમાં શિષ્યને ૐકાર એટલે શું, એનો જવાબ આપ્યો.

તે પરથી શિષ્યે પૂછ્યું, "ૐ એ અક્ષર છે. એટલે કે, તે એક પદ છે, વાચક શબ્દ છે. મનુષ્ય પોતાની વાચાશક્તિને લઈને, આ આખી શબ્દસૃષ્ટિ રચે છે; તે આખી આ મૂળ અક્ષર ૐમાં સમાઈ ગઈ છે, એમ તો ખ્યાલમાં બેસી શકે છે. પરંતુ, હે મહારાજ, આપ તો એમ પણ કહો છો કે, ઇંદ્રિયગોચર આ સાકાર દૃશ્ય સૃષ્ટિ પણ તેમાં આવી ગઈ! આ ધ્યાનમાં બેસી શકતું નથી. પદ તે પદ, શબ્દ તે શબ્દ; અને તેનો અર્થ તો અર્થ છે — નક્કર નિરાળો પદાર્થ છે. તે પણ વાચક પદમાં આવી ગયો એ કેવી રીતે, એ કહો."

શિષ્યનો આ પ્રશ્ન, ખરું જોતાં, ઉપનિષદોનો મૂળ વિષય કે માનવ જીવાત્માની જિજ્ઞાસામાત્રનો મૂળ પ્રશ્ન છે:

"આ બધું જે જણાય છે — જોઈએ છીએ, તે શું છે?

"હું જે તે જોનાર જાણનાર જીવાત્મા છું, તેનો અને આ બધા દૃશ્યનો શો સંબંધ છે?

"અનુભવ થાય છે તે જોતાં આ બે વચ્ચે ચોખ્ખી જુદાઈ જણાય છે; તે ખરેખર જુદાઈ જ છે કે તેમાં કશો ફેર છે?

"આ અમને જે બધું જણાય છે તે; અને બીજી બાજુએ અમે જે તેનો ઉપભોગ કરનારા અથવા તેના સંગને લઈને સુખ-દુઃખાદિ અનુભવીને તેને માણનારા છીએ, કે જે અમને હું કે अमे

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે પ્રતીત થાય છે તે; — આ શું છે?" — ઉપનિષદો આ કોયડાનો ઉકેલ આપે છે. માંડૂક્ય ઉપનિષદ તેની ચર્ચા, (શિષ્યના ઉપરના જેવા સવાલના જવાબમાં,) બીજા મંત્રથી ઉપાડે છે.

૨

બીજા મંત્રમાં ઋષિ કહે છે, 'હે શિષ્ય, તને પ્રતીત થતું આ सर्वम् અને તેને માણનાર તું आत्मा બંને જુદાં ગણાય એવાં છે; પણ બંને બ્રહ્મ છે:—

सर्वं ह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥२॥

પદાર્થ

सर्वम् = બધું; ઇંદ્રિયગોચર આ બધું દૃશ્ય કે સૃષ્ટિ हि = જ एतद् = એ; પેલું (આપણે પોતે કે હું, - કે જે હું આંગળી કરીને બતાવી શકે એવું પેલું બધું તેને વીંટળાઈને રહેલું દેખાતું બધું વિશ્વ - सर्वम्) ब्रह्म = બ્રહ્મ.

अयम् = આ (પેલું જોનાર જાણનાર આ) आत्मा = આત્મા (એટલે કે તું, હું, આપણે સૌ) ब्रह्म = બ્રહ્મ.

सः = તે अयम् = આ आत्मा = આત્મા चतुष्पात् = ચાર પાદવાળો; ચોથે પદે જઈને સિદ્ધ થતો; ચોથે પગલે જઈને જોતાં જણાતો કે ખ્યાલમાં આવતો.

અન્વય

सर्वम् हि एतद् ब्रह्म । अयम् आत्मा ब्रह्म । सः अयम् आत्मा चतुष्पात् ॥

અર્થ

પેલું બધું જ બ્રહ્મ (છે.); આ આત્મા બ્રહ્મ (છે.); તે આ આત્મા ચતુષ્પાદ (છે.).

૩

[પદાર્થમાત્ર પદ કે શબ્દ રૂપી વાચક દ્વારા વર્ણવાતો અર્થ કે વસ્તુ યા વિષય જ નહીં, તે इंद्रियार्थ પણ છે. એટલે કે, ઇંદ્રિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે જે પ્રજ્ઞાન આપણને થાય છે, તેનો અર્થ કે વિષય યા વસ્તુ પણ એ જ છે. પદાર્થ અને ઇંદ્રિયાર્થનો મૂળ ભાવ એક જ છે.

આમ વિચારતાં જણાશે કે, પદ દ્વારા બોધ થતો પદાર્થ અથવા તો ઇંદ્રિય દ્વારા બોધ થતો ઇંદ્રિયાર્થ, — એટલે કે, શબ્દ વડે સાંભળીને કે આંખ ઇ૦ વડે જોઈ જાણીને આપણે અર્થ કે વસ્તુને પામીએ છીએ, તે અર્થ કે મૂળ ભાવ એક જ છે — જુદો નથી. તે શબ્દગોચર થાય કે દૃષ્ટિગોચર થાય, તેથી જુદો નથી.

બીજી રીતે વિચારીએ તો વસ્તુ તો એક છે. તેને દેશ-કાળનાં ચશ્માંથી ચિત્ત રૂપી આંખ વડે માણસ જુએ છે. એવું તેનું આ દર્શન અથવા તેને થતું આવું પ્રજ્ઞાન કે બોધ બે મોટા વિભાગમાં પડી જાય છે — ૧. વસ્તુના નામ વડે અર્થને પામીએ છીએ, અથવા તો ૨. તેના રૂપ વડે અર્થને પામીએ છીએ. બંનેમાં અર્થ તો એક સમાન છે; તેને ગોચર કરવાની પ્રજ્ઞાન-ક્રિયા જુદી છે. તે બે પ્રક્રિયા હવે તપાસીએ.

૪

નામ કે શબ્દ વડે વસ્તુને પામીએ છીએ, ત્યારે આપણને એમ લાગે છે કે, વસ્તુ એના નામથી જુદી છે; વસ્તુને ઓળખવા કે પરસ્પર વ્યવહારમાં તેને અંગે સામાને બોધ કરાવવાને સારુ, આપણે વાચા કે ભાષાનો સંકેત કે સંજ્ઞા અથવા ચિહ્ન કે તે બતાવતી નિશાની પેદા કરી છે. શબ્દ વાટે થતી આ પ્રથમ પ્રક્રિયામાં આપણને વાચા અને અર્થ જુદાં જણાય છે.

હવે ઇંદ્રિય વડે વસ્તુ જોઈએ છીએ ત્યારે શું લાગે છે? ત્યારે આપણને એમ લાગે છે કે, આપણે જાણે કે વસ્તુને પ્રત્યક્ષ જોઈએ છીએ. સામે પડેલું — હાથમાં લીધેલું આ પાત્ર હાજરા-હજૂર જોઈએ છીએ અને તેને ઉપયોગમાં આણીને સાક્ષાત્ અનુભવ કરીએ છીએ, એમ આપણને લાગે છે. શબ્દોથી (એટલે કે, કાન યા જીભ દ્વારા) કેવળ એની વાત કરીએ કે સાંભળીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ એમ લાગે છે; જોવા સૂંઘવા ઇ૦ દ્વારા થતા જ્ઞાન અંગે આપણને એવું નથી લાગતું. મતલબ કે, ઇંદ્રિય વડે થતું પ્રજ્ઞાન સાક્ષાત્ વસ્તુ-જ્ઞાન છે, અને શબ્દથી સાંભળીએ તે તેની સરખામણીમાં પરોક્ષ એવું શબ્દ-જ્ઞાન છે — સાક્ષાત્ જ્ઞાન નથી, એમ લાગે છે.

એટલે વિચાર કરો કે, શબ્દ પણ ઇંદ્રિયો વડે જ — કાન દ્વારા જ આપણને પહોંચે છે. અને વસ્તુનું રૂપ પણ ઇંદ્રિયો વડે — આંખ દ્વારા કે આંધળા હોઈએ તો સ્પર્શ દ્વારા જ આપણને પહોંચે છે. પરંતુ શબ્દ-સાધન વાપરીએ ત્યારે, – વસ્તુના રૂપનો અભાવ પણ હોય તેમ છતાં, – શબ્દના જોરે આપણું મન તે વસ્તુને સાકાર કરી લે છે અને જાણે તેને સાક્ષાત્ કર્યાની કે જોયાની ગરજ સારે છે. અહીં આગળ આપણું પ્રજ્ઞાન 'શબ્દ-જ્ઞાનાનુપાતી'* બને છે — શબ્દના અનુપાતને લઈને તે પેદા થાય છે. ત્યારે પ્રત્યક્ષ જોવા વડે કે સ્પર્શવા વડે (સાંભળવા વડે છોડતાં બીજી ઇંદ્રિયો વડે) થતું જ્ઞાન (નવો શબ્દ બનાવીને કહું તો) 'રૂપજ્ઞાનાનુપાતી' છે. પહેલી પ્રક્રિયામાં વસ્તુ શબ્દ વાટે અને બીજી પ્રક્રિયામાં તે તેના રૂપ વાટે આપણને અનુભવવા મળે છે.

૫

હવે જો ઊંડે ઊતરીને આપણું પ્રજ્ઞાન જોઈએ, તો શબ્દ દ્વારા, વસ્તુ ખરેખર સામે ન હોય તેમ છતાં, તેનો ભ્રમ અથવા વસ્તુશૂન્ય આભાસ ઊભો કરી શકાય છે. જેમ કે, સાહિત્ય શું કરે છે? નવલકથા શું છે?

અને તેમ જ રૂપ દ્વારા પણ, વસ્તુ ખરેખર ન હોય તેમ છતાં, તેનો ભ્રમ કે વસ્તુશૂન્ય આભાસ ઊભો થઈ શકે છે; પણ આ બીજી બાબત પૂરતી લક્ષમાં નથી આવતી. દા. ત. ચિત્રકળા

* યોગસૂત્રના પ્રથમ પાદ, સૂત્ર ૯ — 'શબ્દજ્ઞાનાનુપાતી વસ્તુશૂન્યઃ વિકલ્પઃ'માંથી આ શબ્દ અહીં વાપર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તેમાં ફોટો, સિનેમા, 'ટેલિવિઝન,' ઇ૦ ગણી લેવાં.) શું કરે છે? સ્વપ્નામાં શું બને છે?

મતલબ કે, શબ્દ પેઠે જ આકાર કે રૂપ પણ વસ્તુને પ્રગટ કરતો તેનો ધર્મ કે લક્ષણ કે સંકેત જ છે. જે કાંઈ છે તેની અભિ-વ્યક્તિ — તેની પ્રગટતા બે મોટા માર્ગે થાય છે:— શબ્દ કે નામ દ્વારા અને રૂપ કે આકાર દ્વારા. શબ્દનો વિલાસ આપણી ભાષા છે, જે વડે સૃષ્ટિ કે આ બધું જે દશ્ય વિશ્વ છે તેને આપણે પકડીએ છીએ. આ શબ્દનો વિલાસ આકાશક્ષેત્રમાં છે. તેને પણ દેશકાળમાં ઉતારીને આપણે સાકાર કરીને સાહિત્ય કે જ્ઞાનનું એક અતિ પ્રબળ સાધન પેદા કરીએ છીએ. શબ્દને સંઘરવા આપણે ફોનોગ્રાફ, રેડિયો ઇ૦ પણ યોજ્યાં છે.

હવે રૂપનો વિલાસ જુઓ. તેનો જ આ આપણો સંસાર છે, કે જેને શબ્દ વડે અને આંખ ઇ૦ વડે પામીએ છીએ અને જીવનમાં વાપરીએ છીએ. આ દગ્-વિલાસ દેશ અને કાળમાં છે. તેને પણ ચિત્રકળા, સ્થાપત્ય, ઇ૦ વડે આપણે સંઘરીએ છીએ. ચલ-ચિત્રકળા દ્વારા ન કેવળ 'દેશ'ને પરંતુ 'કાળ'ને પણ સંઘરીએ છીએ.

આમ વસ્તુના શબ્દને અને રૂપને બંનેને આપણે સાહિત્ય તરીકે સંઘરી શકીએ છીએ. મતલબ કે, રૂપ અને નામ — શબ્દ અને રેખા બંને એક જ વસ્તુ કે અર્થનાં અભિવ્યંજનો છે; ચાહે તેને पद-अर्थ કહો કે इंद्रिय-अर्थ કહો.

આથી કરીને શબ્દથી અર્થ ઓછો પ્રગટ થાય છે અને રૂપથી કે ઇંદ્રિયો વડે તે વધારે સાચો કે સચોટ પ્રગટ થાય છે, એવું ન કહેવાય. ઇંદ્રિયો વડે પણ ભ્રમ થઈ શકે છે; જોકે તે વડે પણ આપણે જે કાંઈ છે તે વસ્તુને જ પકડવા ઇચ્છતા હોઈએ છીએ. અને તેમાં પણ ઇંદ્રિયોની જોડે શબ્દ દ્વારા પણ પ્રયત્ન કરતા હોઈએ છીએ. દા. ત. સામે ઝાડ છે. એક ધાવણું બાળક પણ તે જુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; ‘ ઝાડ ’ શબ્દ જાણતો છોકરો પણ તે જુએ છે; અને એક વનસ્પતિશાસ્ત્રી પણ તે જુએ છે. ત્રણેના જ્ઞાનમાં કારણ રૂપ જે ઝાડ વસ્તુ છે તે તો એકસમાન જ છે. ધાવણું બાળક તે વિષે કાંઈ કહેશે નહિ; ત્યારે છોકરો તેને ‘ ઝાડ ’ કહેશે; પણ વનસ્પતિશાસ્ત્રી જેટલું તે પામ્યો નથી. વનસ્પતિશાસ્ત્રીએ તો તે વિષે શબ્દોના ઉપયોગ દ્વારા એકસૂત્ર કરીને અમુક જ્ઞાનસંભાર ઊભો કર્યો છે. એટલે કે, જ્ઞાનપ્રક્રિયામાં શબ્દજ્ઞાન કેવળ અલગ અને ઇંદ્રિયજ્ઞાન અલગ રહેતાં નથી. બંનેનો સુમેળ કરીને આપણે ઇંદ્રિયો અને ચિત્ત કે અંતઃકરણ દ્વારા પ્રજ્ઞાનપ્રક્રિયા ચલાવીએ છીએ.

૬

આટલે આવતાં બે ત્રણ નવા સવાલ પેદા થાય છે. ચોતરફ વીંટળાઈને પથરાયેલું બધું વિશ્વ આપણે ઇંદ્રિયો તથા મન બુદ્ધિ ઇ૰ મારફતે અનુભવીએ છીએ; એટલે કે, વિશ્વ આપણી ભોગ્ય વસ્તુ બને છે, તેમાં મન (મનની અંદર ઇંદ્રિયજ્ઞાન આવી ગયું) સાધન કે કરણ છે. અને આપણે જે કાંઈ હોઈએ તે તેને ભોગવનાર કર્તા છીએ, એમ લાગે છે. મતલબ કે, બે નિરાળાં છે, એ આ આખી પ્રક્રિયામાં ગૃહીત રહેલું છે — આપણે એમ જ માનીએ છીએ : એક દશ્ય કે ભોગ્ય છે; બીજું દ્રષ્ટા કે ભોક્તા છે. એવો કર્તા કર્મનો સંબંધ હોઈને તે જુદાં જણાય છે. ભોગ્ય જડ છે અને ભોક્તા ચેતન છે, એમ પણ આપણે કહીએ છીએ; અને જડ તથા ચેતન બે છે, એમ સમજીને ચાલીએ છીએ.

આમ બેને નિરાળાં માનીએ, આવું દ્વૈત છે એમ કહીએ, તોપણ એક વસ્તુ કબૂલ કરીએ છીએ કે, આ કર્તા અને કર્મ એ વચ્ચે કડી રૂપે — કરણ રૂપે અંતઃકરણ કે મન રહેલું છે. અને આપણે ઉપર જોઈ આવ્યા કે, શબ્દ અને રૂપ એ બે દ્વારા મન આ ‘ કર્મ ’રૂપી દશ્યને સાંધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે સવાલ અહીંયાં એવો ઊઠે કે, આપણે જડ કહીને કે દૃશ્ય કહીને આ જે બધું વિશ્વ કે સૃષ્ટિ ગોચર કરીએ છીએ, તે આપણા મન વાટે ઊભી થતી શબ્દલીલા કે રૂપલીલા જ કેમ ન હોય? અને તો પછી આ સૃષ્ટિ ખરેખર મનોમય જ કેમ ન હોય? મનનો ખેલ જ એ કેમ ન હોય? અહીંયાં કલ્પના કરો કે, એ દૃશ્ય સૃષ્ટિ વિષે ધાવણું બાળક કે પશુપક્ષી શું જાણતાં હશે? શું સમજતાં હશે? શબ્દલીલા કે રૂપલીલા વડે વિસ્તાર કરીને વર્ણવવા લાગેલા આપણે મનુષ્યો માટે અને પશુપંખી તથા બાળક ઇ૦ અવાક્ અથવા જુદી જાતનું મન ધરાવતાં પ્રાણીઓને માટે, વિશ્વ કે દૃશ્યનું વસ્તુ તો એ જ એકસમાન છે; એમાં તો ફરક નથી. ફરક આપણે આપણાપણાથી કે તે દાખવીને — ઇંદ્રિયો, વાચા ઇ૦ વાપરીને — તે દ્વારા તો ઊભો નથી કરતા?

અને બીજો વિચાર અહીંયાં એ જાગે છે કે, આ આપણે કે આપણાપણું કે હુંપણું શું છે? તે પણ બાળક પશુ, પક્ષી તથા સમજણા કે મોટા થયેલા આપણે — એ બધામાં એકસરખું જ રહેલું છે ને? દરેકના મન વડે કે ચિત્તને કારણે જુદાઈ તો નથી થતી કે લાગતી? દરેક પ્રાણીના ચિત્તના ગુણધર્મો મુજબ, ચિદાકાશમાં તે જુદે જુદે રૂપે પ્રતીત થતું હોય, પણ મૂળે એકની જ બહુતા હોય એમ ન બને?

અને આગળ વધીએ તો, પેલું બધું एतत् सर्वम् અને તેને મન વડે જોનાર જાણનાર આ આપાપણું કે આત્મા अयम् आत्मा, એમ બે દેખાય છે, તે શું બે છે? કેમ કે પેલા બધાની હયાતી એનો ઉપભોગ કરનાર ભોક્તારૂપ આ જીવાત્મા કે આપાપણા વગર આપણે ભાગ્યે જ અનુભવી શકીએ. એટલે, એ બધાની હયાતી, કે જે આપણને જીવનના અનુભવથી લાગ્યા જ કરે છે, તે શું છે? અને આપણે શું છીએ? બે અલગ કે એક? આ પ્રશ્ન મનુષ્યની કે શિષ્યની મૂળ જિજ્ઞાસા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ઋષિ ઉપનિષદના બીજા મંત્રમાં તેનો જવાબ આપે છે કે, તે બંને એક જ બ્રહ્મ છે. નામરૂપની વિરાટ પ્રક્રિયાથી આકાશમાં પસરેલું દેખાતું પેલું सर्वम् જે છે તે, અને તેને જોનાર ભોગવનાર રૂપે ચિદાકાશમાં વિલસતો આ જે આત્મા છે તે, — બંને એક બ્રહ્મ છે!

ઋષિ બીજા મંત્રમાં ब्रह्म પદ વાપરે છે; પહેલામાં ૐ પદ કહેલું અને તે अक्षर છે એમ પ્રતિજ્ઞા કરી હતી. આ બંને એક જ છે, ઓમ્ એટલે બ્રહ્મ, એમ તૈત્તિરીય ઉપનિષદ કહે છે — ओम् इति ब्रह्म (૧-૮-૧).

આ ઉપનિષદમાં ૐનો વિચાર કરાતો હોવાથી પહેલા મંત્રમાં કહ્યું કે, ૐ આ સર્વ છે તથા અક્ષર એવું પરમ સત્ય પણ તે છે. તે કઈ રીતે કહો છો, તે વિચારતાં ગુરુ કહે છે —

"પરાપૂર્વથી આ તો કહેવાતું આવ્યું છે કે, આ બધું બ્રહ્મ છે અને આ આત્મા પણ બ્રહ્મ છે. એ તો તું જાણે છે ને?"

શિષ્ય તેના જવાબમાં કહે છે — હાજી, પણ એ ૐ છે, એમ જે કહ્યું તે કેવી રીતે?

ગુરુ — "તે તને સમજાવવાને માટે જ મેં કહ્યું કે, આ બધું બ્રહ્મ છે એ તો તને ખબર છે ને? હવે એ બ્રહ્મ રૂપ જે આત્મા છે, તે શું છે એ તને બતાવું છું કે, તે ચતુષ્પાદ છે. આ તેનાં ચાર પાદ કે પ્રતીતિસ્થાનો કે પ્રત્યયો તું સમજશે, એટલે પછી તે ૐ પણ કેવી રીતે છે, એ તને દેખાશે."

શિષ્ય કહે છે — સમજ્યો. મારી મૂંઝવણ તો એ પણ છે કે, પેલું બધું सर्वम् અને આ હું જીવનરૂપ આત્મા એ બેઉ એક બ્રહ્મ જ શી રીતે? અને પછી આગળ મારો પ્રશ્ન આવે છે કે, એ બ્રહ્મ જ ૐ પણ કહો છો તે કઈ રીતે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ આ જાતની શિષ્યની ગૂંચ જોઈને જ તેનો ઉત્તર આપતાં કહે છે, 'એ સમજવાને માટે આત્મા કે આપાપણા તરીકે તું જે અસ્મિતા ધરાવે છે, તે પદાર્થ કે વસ્તુ શું છે તે તપાસી જોવું જોઈશે. તે તપાસતાં તને દેખાશે કે, પેલા સર્વમ્‌થી અલગ આ આત્માની પ્રતીતિ જ નથી, જોકે એ બે અલગ લાગે છે એ વાત પણ છે ખરી; પણ એ જ લાગણીને અજ્ઞાન, અવિદ્યા કે દુઃખમૂલ કહે છે. જે શંકા, સવાલો અને મૂંઝવણ જીવોને થયા કરે છે, તે આ જે દ્વૈતની લાગણી છે, તેને લઈને જ છે. પણ આ બીજું પ્રકરણ અત્યારે જવા દઈએ. અત્યારે આપણે જો આત્માનું સ્વરૂપ સમજીશું તો જણાશે કે, एतत् सर्वम् અને अयम् आत्मा બેને એક જ બ્રહ્મવસ્તુ શું કામ કહું છું.'

૮

અહીંયાં કોઈ પૂર્ણ ઉપમા તો આપી શકાય એમ જ નથી. છતાં, દાખલો આપીને સમજાવવું હોય તો આ જે દ્વૈત દેખાય છે તે કોના જેવું છે? વીજળીશક્તિ ચુંબક વડે બે છેડે છૂટી પડી જઈ સાવ જુદી જ લાગે છે અને તે ઋણ અને ધન રૂપે બે દેખાય છે. તેમ જ આ એક જ પદાર્થ — કે જેને આર્ય પ્રજા બ્રહ્મ કહે છે અથવા ૐ પણ કહે છે, તેને સંસાર કે અજ્ઞાન યા અવિદ્યા સ્પર્શે છે, ત્યારે સ્પર્શનારો ને સ્પૃશ્ય વસ્તુ જાણે જુદાં હોય તેમ પ્રતીત થાય છે; એ જ અવિદ્યા પણ છે! પરંતુ એમ બે થવું કે લાગવું એ દેખવામાત્ર જ છે; બે ભેગાં જ છે — એક જ છે, અને તે જ હયાતી કે એકમાત્ર ખરી સત્તા છે. આ જ ઉપનિષદોની પ્રતિજ્ઞા છે — બ્રહ્મજ્ઞાન છે.

આનું વિવેચન કરવાને માટે ઋષિ આગળ વધે છે અને આત્મપ્રકરણ શરૂ કરે છે કે, આ આત્મા ચતુષ્પાદ છે. જે આપાપણું છે તે જો તપાસીએ, તો ચાર પગલાં કે ચાર તબક્કા ખ્યાલમાં લેવા પડે છે. એ ચાર પગલાં જોઈશું તો જણાશે કે, તે પગલાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની જોડાજોડ પેલું सर्वम् જ છે; દેહ અને દેહી જેવાં તે છે. એક જ વસ્તુ કે સત્તા, નામ તથા રૂપ દ્વારા, બે રૂપે — કર્તારૂપે अयम् आत्मा અને કર્મરૂપે एतत् सर्वम् — એમ લાગે છે.

બીજા મંત્રમાં ઋષિ આમ કહીને આત્માને સમજવાને માટે જે ચાર પગલાંએ વિચાર કરવો જોઈએ — કેમ કે તે ચતુષ્પાદ છે, — તે શરૂ કરે છે.]

૩

આત્મા ચતુષ્પાદ છે

૧

પહેલા બે મંત્રોમાં ગુરુએ શિષ્યને એટલી વાત કહી કે, "હે શિષ્ય, આ બધું જે તું દેશ તથા કાળમાં પથરાયેલું અને વિહરતું રહેતું જુએ છે તે તથા તેની પાર ત્રિકાલાતીત કે સર્વાતીત જે છે તે,— આ બધું ૐકાર જ છે. (મંત્ર ૧.)

"એ શી રીતે? તે તને સમજાવું.

"આટલું તો તું જાણે છે કે, આ બધું જે 'सर्व' છે તે બ્રહ્મ છે, એમ શ્રુતિ કહે છે.

"બીજી વાત એ પણ તને માલૂમ છે કે, આ आत्मा જે છે તે પણ બ્રહ્મ છે, એમ શ્રુતિમાં કહેવાતું આવ્યું છે.

"તારી મૂંઝવણ હવે અહીંથી આગળ વધતાં શરૂ થાય છે. તે એ છે કે, 'તો તો आत्मा અને सर्व બેઉ બ્રહ્મ હોઈ એક ઠરે! આ કેવી રીતે?'

"તને એમ શંકા ઊઠે છે કે, હું-રૂપે દેખાતો મારો आत्मा આ सर्व બધા સંસારને જુએ જાણે છે અને માણે છે, એ તો ઉઘાડું જણાય છે. પરંતુ તે જ પાછો એ સંસાર પણ છે, એ કેમ કરીને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આગળ વધીને પાછું એ બ્રહ્મ અને ૐકાર શબ્દ કે વાચક એક છે એ શી રીતે?

"હે શિષ્ય, ઉપર કહી તેવા પ્રકારની તારી શંકા સાચી છે. કર્તા રૂપે રહેલો તું કે આ બધા જીવો અને જેને કર્મ રૂપે તેઓ અનુભવે છે એવું આ દૃશ્ય જગત,—એ બેઉ એક બ્રહ્મ છે, એમ કેવી રીતે બને? આ બે વચ્ચે ભેદ તો ચોખ્ખો જણાય છે!

"અરે, આગળ જઈને તને એમ પણ થતું હશે કે, 'હું', 'તું', 'તે' દ્વારા બોલાતા અનેક 'પ્રત્યગાત્મા' કે જીવો પણ જુદા છે; એટલે આ સંસારનો એમનો અનુભવ કે તેમનું પ્રજ્ઞાન પણ જુદું જુદું છે. એથી કરીને, તે જીવો પણ આત્મરૂપે એક જ શી રીતે, એ પણ સવાલ છે. આવી બધી જુદાઈઓના દરિયા જેવું આ 'સર્વ' અને તેના ભોક્તા તરીકે પડેલા અસંખ્ય યોનિઓના વિસ્તાર જેવા બધા જીવાત્માઓ,—આ બધું એક બ્રહ્મ કેવી રીતે કહેવાય છે?

"હે શિષ્ય, આ તારી શંકા માનવમાત્રની મૂળ શંકા છે, જ્ઞાનનો આદિ પ્રશ્ન છે. તને તે પ્રશ્ન જીવનમાં અનુભવે પ્રગટ થયો, એ તેનો ઉત્તર સમજવાને માટેનો તારો અધિકાર બતાવે છે. તે શંકાનું નિરસન કરવા માટે જ ઉપનિષદો છે."

૨

શિષ્યની શંકાના જવાબમાં માંડૂક્યના ઋષિ આગળ કહે છે કે,

"જાત જાતના પદાર્થોનું બનેલું આ બધું જે સર્વ છે, તે બધું એક છે. પદાર્થ (પદ વડે વાચ્ય અર્થ) કે દ્રવ્યની દૃષ્ટિએ જોતાં, પંચ ભૂતોનો તે ખેલ છે; અને પદ કે વાચક શબ્દની દૃષ્ટિએ જોતાં તે અક્ષરોનો ખેલ છે.

"તેમ જ જાત જાતની પ્રકૃતિ અથવા ગુણધર્મો ધરાવતા બધા જીવો આત્મા કે ચેતન રૂપે જુદા નથી; તે બધા આત્મતત્ત્વે કરીને એક છે.

માં.—૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આમ, તું આટલું તો સમજી શકશે કે, દૃશ્ય કે સ્થૂલ રૂપે પ્રતીત થતું આ બધું સર્વમ્–વૈવિધ્યપૂર્ણ વિરાટ કે વિશ્વ વસ્તુતાએ એક अधिभूत છે. તેમ જ તેના ભોક્તા કે દ્રષ્ટાના સૂક્ષ્મ રૂપે છતાં અહંકારે કરીને જુદા દેખાતા આ બધા જીવોની સૃષ્ટિ પણ વસ્તુતાએ अध्यात्म કે એક આત્મતત્ત્વ છે.

"આટલું સમજ્યા પછી આગળ સવાલ એ રહે છે કે, પહેલું જે સર્વ કહ્યું તેનું એકત્વ અને બીજું જે પ્રત્યગાત્માનું એકત્વ — તે બે એકત્વ પણ એક જ બ્રહ્મ છે, તે કેમ કરીને કહેવાય?

"અને આ એકત્વ, કે જે अधिभूत રૂપે કે अध्यात्म રૂપે જુદું લાગે છે, તેમ છતાં માનીએ કે તે એક છે; એટલે કે, બીજા મંત્રમાં કહ્યું છે તેમ, सर्वम् અને आत्मा એ બેઉ બ્રહ્મ છે એમ માનીએ; પણ તે પાછું अक्षर કે ૐકાર છે, એવી પ્રતિજ્ઞા પહેલા મંત્રમાં કરવામાં આવે છે, તે શી રીતે — એ બીજો મોટો સવાલ છે."

૩

આવા પ્રશ્નના ઉત્તરમાં ઋષિ કહે છે, "હે શિષ્ય, તારી આ મૂંઝવણ સાચી છે. તારા બંને સવાલોનો જવાબ હવે પછીના મંત્રોમાં આવે છે. તે તું શાંત એકાગ્ર ચિત્તે જાણ."

પહેલો સવાલ લઈએ — 'આ सर्व એવું દૃશ્ય અને ચેતન એવો आत्मा તે બે એક શી રીતે?' એ સવાલનો જવાબ મંત્ર ૩ માં શરૂ થાય છે.

ઋષિ કહે છે કે, આ જવાબ જાણવાને માટે, જે आत्मा કહેવાય છે તેનું સ્વરૂપ સમજવું જોઈએ. મનુષ્યને જે આપાપણું દેખાય છે, તે ખરેખર શી બાબત છે, તે અહીં જાણવાની જરૂર છે.

એ દૃષ્ટિએ માંડૂકચકારે બીજા મંત્રમાં તે કહેવાની શરૂઆત કરી છે કે, આ आत्मा, કે જે બ્રહ્મ છે,— જેમ આ બધું सर्व પણ બ્રહ્મ જ છે તેમ, — તેને સમજવો હોય, તો તે આત્મા ચતુષ્પાદ છે, એ પહેલું ધ્યાન પર લેવું ઘટે છે. આત્માનું આ 'ચતુષ્પાદ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણ એમ બતાવે છે કે, તેની પ્રતીતિ ચાર પગલાં ભરીને વિચારીએ તો થશે. તે ચાર પગલાં કયાં છે તે મંત્ર ૩ થી કહેવા માંડે છે. તેનું પહેલું પગલું वैश्वानर છે (મંત્ર ૩); બીજું तैजस છે (મંત્ર ૪); ત્રીજું प्राज्ञ છે (મંત્ર ૫), કે જે સર્વેશ્વર-સર્વજ્ઞ-અંતર્યામી છે (મંત્ર ૬); અને ચોથું તે आत्मा છે, કે જેને ઓળખવાનો છે (મંત્ર ૭). આમ ચતુષ્પાદ આત્માનું પ્રકરણ ત્રીજા મંત્રથી હવે શરૂ થાય છે તે સાતમા મંત્રે પૂરું કરાયું છે. અને પછી મૂળ દલીલની પ્રતિજ્ઞાના ઉપલક્ષમાં ૮ મા મંત્રથી ૐકારનું પણ આ પ્રકારે પૃથક્કરણ બતાવે છે કે, ૐકાર પણ ચોથે પાદે સમન્વય છે અને તે એની માત્રાઓ જોવાથી જણાશે. તેની આ માત્રાઓ અને આત્માના પેલા પાદ સમાન જ છે (મંત્ર ૮). એટલે ૐકાર, કે જે અક્ષર છે, તે અને આત્મા વચ્ચે અભેદ છે (મંત્ર ૧૨). આમ ઉપનિષદ તેનો બોધ પૂરો કરે છે.

૪

પહેલો પાદ – વૈશ્વાનર

૧

ગયા પ્રકરણમાં આપણે જોયું કે, પહેલા બે મંત્રમાં આપવા માંડેલી ૐકારની સમજૂતી શા માટે આત્માના સ્વરૂપ-વિચાર ઉપર આવી. તે આપણે ગુરુ-શિષ્ય-સંવાદ-શૈલીમાં જોયું.

આ વિચારમાં ઊંડે જઈને જોઈએ તો, બેએક બાબતો મૂળ ગૂંચ રૂપે મનમાં ઊઠે છે. એ ગૂંચ ઉકેલવા માટે હવે ઉપનિષદનું વિવેચન આગળ વધે છે.

ગૂંચની પહેલી બાબત એ છે કે, सर्वम् એવું આ બ્રહ્માંડ કે વિશ્વ, કે જે જીવાત્માનું દૃશ્ય કે ભોગ્ય કે જ્ઞેય છે, – તે सर्वम् બ્રહ્મ છે, એમ કહ્યું. (મંત્ર ૨.) તેમ જ એનો દ્રષ્ટા-ભોક્તા-કે-જ્ઞાતા એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે આત્મા અથવા હું, તે પણ બ્રહ્મ છે, એમ કહ્યું. (મંત્ર ૨.) જો આમ છે, તો પછી તે બેઉ — सर्वम् અને आत्मा — એટલે કે, દૃશ્ય અને દ્રષ્ટા કે ભોગ્ય અને ભોક્તા અથવા જ્ઞેય અને જ્ઞાતા, — તે બંને પણ એક બ્રહ્મ જ થયાં; બ્રહ્મભાવે કરીને તે બંને સમાન કે એક ઠરે. પરંતુ આપણને અનુભવમાં તો એ બે જુદાં જણાય છે! અરે, આવા દ્વંદ્વની જુદાઈનો પસારો જ આ બધું सर्वम् જણાય છે. છતાં सर्वम्નો એ પસારો બ્રહ્મ છે અને હું આત્મા પણ બ્રહ્મ છે, એ કેવી રીતે? આ મોટી ગૂંચનો સવાલ પહેલો છે.

અને વળી ઊંડે જઈ વિચારતાં, બીજી ગૂંચ મનમાં ઊભી થાય છે, તે પહેલા મંત્રના બોધ પરથી પ્રગટે છે. તેમાં એવી પ્રતિજ્ઞા કરી છે કે, ૐકાર પેલું અક્ષર છે.

આ सर्वम् (એટલે કે, ઉપર જોયો તે દ્વંદ્વનો બધો પસારો) તે ૐ નું 'ઉપવ્યાખ્યાન' — એટલે કે, તેનો પસારો કે વંશગાથા કે વિસ્તારવેલો છે; એટલું જ નહીં, તેની પાર ત્રિકાલાતીત જે अ-क्षर — અમૃતત્વ છે, તે પણ ૐ છે.

એટલે કે, ૐકાર એક શબ્દ કે અક્ષર જ છે, જે આપણે બોલીએ છીએ, સાંભળીએ છીએ. તે ૐ જેની સંજ્ઞા કે વાચક છે તે પરમ અક્ષરતત્ત્વ છે; એથી ૐ એ अक्षर છે, એ સમજવાનું છે, એમ આ મંત્રમાં કહ્યું.

હવે જો જોઈએ તો, આ ૐકાર, જેને પહેલા મંત્રમાં अक्षर કહ્યો, તે ब्रह्म તો ખરો જ; કેમ કે બ્રહ્મ પણ अ-क्षर એવા અમૃતત્વનું જ બીજું નામ છે, એમ સાંભળીએ છીએ — શ્રુતિ કહે છે.

એટલે ૐકારની લીલા કે ઉપાખ્યાન આ सर्वम् છે અને ૐકાર પોતે अक्षर – ब्रह्म છે, એમ માનવાનું થાય છે.

અને બીજા મંત્રમાં કહ્યું કે, आत्मा પણ બ્રહ્મ છે.

તેથી કરીને, હું આત્મા અને ૐકાર, મૂળ ब्रह्म ભાવે કરીને, એક ઠરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આગળ જઈ સારાંશે જો જોઈએ તો, सर्वम् પણ બ્રહ્મ છે, એમ મંત્ર ૨ માં આપણે જોયું. એટલે ન કેવળ આત્મા અને ૐકાર જ એક બ્રહ્મ છે, પરંતુ આ सर्वम् પણ તે જ એક બ્રહ્મ છે, એમ માનવું જોઈએ.

મતલબ કે, દ્વંદ્વના પસારારૂપે દેખાતું એક બાજુએ આ દૃશ્ય અને તેની બીજી બાજુએ તેનો દ્રષ્ટા હું આત્મા એ બંને એક अक्षर ब्रह्म ૐકાર છે, એવા નિદાન પર પહોંચવું જોઈએ.

આ બીજી ગૂંચ છે.

૨

આ બે ગૂંચો મૂળે એક જ ગૂંચનાં બે પાંખિયાં પણ હોય. પરંતુ એટલી વાત સાચી કે, બધે વિવિધતા કે બહુતા કે અનેકતા દેખાતાં છતાં, તે सर्वम् અને તેવે બહુરૂપે કે બહુનામે દેખાતા તે બધાનું આદિકારણ એક સત્ત્વ કે સત્તા હોય તો તે, એ બે જુદાં નથી; પરંતુ એ બધું તે એક અદ્વિતીય અક્ષર કે બ્રહ્મ અથવા આદિ-સત્ત્વ કે સત્તા જ છે અને તે ૐકાર છે, એમ પહેલા બે મંત્રમાં પ્રતિજ્ઞા કરાતી હોય એમ સમજાય છે. આમ જો હોય તો તે પ્રતિજ્ઞા ફોડ પાડીને વધુ સ્પષ્ટ કરવી જોઈએ. કેમ કે સાવ જુદાં જોવામાં આવતાં सर्वम् અને आत्मा એક શી રીતે? તથા એક શબ્દ જેવો ૐકાર તે પણ તે બંનેની જેમ એક બ્રહ્મ શી રીતે?

ટૂંકમાં આ બધું દૃશ્ય અને હું આત્મા મૂળ એક अक्षर ब्रह्म કે ૐ છે એમ કહો, તો તે ઝટ મનમાં બંધબેસતું થતું નથી.

આવી ગૂંચના ઉકેલ અર્થે જ મંત્ર ૨ માં અંતે જવાબની શરૂઆત, 'આત્મા ચતુષ્પાદ છે;' એવી પ્રતિજ્ઞાથી કરી છે.

તે દ્વારા ઋષિ જણાવે છે કે, सर्वम् અને आत्मा બંને બ્રહ્મ છે એ કેવી રીતે, તે સમજવાને માટે, આત્મા શું છે, તે છણી જોવાની જરૂર છે. તેને સારુ ઋષિ આત્માને વિષે પ્રતિજ્ઞા રજૂ કરે છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા ચતુષ્પાદ છે. તેના એ ચાર પાદ એકે એકે જોવા જોઈએ. તેમાં પહેલો પાદ વૈશ્વાનર છે તે હવે કહે છે:—

૩

जागरितस्थानो बहिष्प्रज्ञः सप्तांग एकोनविंशतिमुखः स्थूलभुग् वैश्वानरः प्रथमः पादः ।। ३ ।।

પદાર્થ

जागरितस्थानः = જાગ્રત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો बहिष्प्रज्ञः = જેની પ્રજ્ઞા બહારના (એટલે એ જાગ્રત દશાએ પ્રતીત થતા – દેહની બહાર દેખાતા એવા અલગ લાગતા) ક્ષેત્રમાં કામ કરે છે તેવો, બહિર્મુખ सप्तांगः = સાત અંગોવાળો एकोनविंशतिमुखः = ઓગણીસ મુખવાળો स्थूलभुक् = સ્થૂળ એવા આ દશ્ય પદાર્થોને ભોગવનારો वैश्वानरः = વૈશ્વાનર; વિશ્વપુરુષ प्रथमः = પહેલો पादः = પાદ; પગલું; પગથિયું.

અન્વય

(तस्य आत्मनः) प्रथम पादः जागरितस्थानः बहिष्प्रज्ञः सप्तांगः एकोनविंशतिमुखः स्थूलभुक् वैश्वानरः ।।

અર્થ

(તે આત્માનો) પહેલો પાદ જાગ્રત દશાના સ્થાન કે ક્ષેત્રમાં વિચરતો એવો બહિર્મુખ, સાત અંગ અને ઓગણીસ મુખ ધારણ કરનારો, (અને તે વડે) સ્થૂલ એવા આ દશ્યને ભોગવતો એવો વૈશ્વાનર છે.

૪

[મનુષ્યને પોતાપણાની પ્રતીતિ કે આત્મભાવ અથવા પોતાની હસ્તીનો અહંભાવ દશ્ય એવા આ સર્વના અનુભવે કરીને થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ભાષામાં કહીએ તો, આપણને જે પ્રજ્ઞાન થાય છે, તે આપણા આત્માપણાનું પ્રતીક કે બાહ્ય લક્ષણ છે; ચિત્તમાં જે અહંકારગુણ રહેલો છે, તે આવા પોતાપણાનું કારણ બને છે. આ પ્રજ્ઞાનનો અથવા ચિત્તની એ પ્રક્રિયાનો વિચાર કરીએ, તો આત્મતત્ત્વને ચીનવાનું[1] કામ સહેલું થઈ જાય.

વાચક જોશે કે, જીવને પોતાના આત્માનો કે અસ્મિતાનો અનુભવ દૃશ્ય પરત્વેના પ્રજ્ઞાનની વાટે જ આવી શકે છે. તેથી જ કહેવાય છે કે, આત્મા 'પ્રતિબોધ-વિદિત' છે.[2] અહીંયાં આ કહેવાની મતલબ એ છે કે, આત્મા વિષે વિચાર કરવા જતાં વાણીના ક્ષેત્રમાં કે શબ્દ યા અક્ષરના વિલાસમાં આવીએ છીએ. અને તેમ કરવાની સાથે દૃશ્ય એવા આ સર્વને ગોચર કરનારો એ આત્મા આ દૃશ્યના સંબંધે કરીને જ સમજવો પડે છે. એમ આ આત્મા અને પેલું દૃશ્ય — એ બે વચ્ચે અતૂટ સંબંધ સ્વીકારીને જ ચાલવું પડે છે. તેથી કરીને આત્માને સમજવા માટે જાગ્રત દશાના આ અનુભવને પહેલું પગથિયું કહેવામાં આવે છે.

૫

પરંતુ, જે મૂળ સવાલનો ઉકેલ શોધવા નીકળ્યા છીએ, તે તો એ છે કે, આ सर्वम् અને આ आत्मा બે જુદાં છે એમ જણાય છે, છતાં તેમને એક બ્રહ્મરૂપ કહો છો તે શી રીતે?

આ વિચારમાં જતાંવેંત વાચક એક વસ્તુ જોશે કે, આ જુદાઈની પ્રતીતિ જે છે તે કેવળ શાબ્દિક (એટલે કે, તર્કથી વાત સમજવાને માટે જરૂરી શબ્દો વાપરીને તેવા બે ભાવ કે ખ્યાલ ઊભા કરવા પડે છે; તેથી તર્કની જરૂર પૂરતા શબ્દો વાપરીને

---

૧. નરસિંહ મહેતાએ ગાયેલી પેલી પ્રખ્યાત કડીમાંથી આ શબ્દ અહીં વાપર્યો છે:–'જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'

૨. જુઓ કેનોપનિષદ ૨–૪ અને તેનું મારું વિવેચન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલવા જેવી) કેમ ન હોય? કારણ કે, આત્મા, દશ્યની સાથેના અતૂટ સંબંધે* કરીને, અલગ ભાવરૂપે આપણા વિચારમાં પકડી નથી શકાતો. અથવા, માંડૂક્યની ભાષામાં આ વસ્તુ કહીએ તો, આત્મા 'ચતુષ્પાદ' છે; તે પાદોમાં ગયા વિના તેની ઓળખ આપણને બીજી રીતે મળી શકતી નથી.

અને આગળ માંડૂક્યના ઋષિ કહેશે કે, આત્માનાં આ ચાર પદ કે પગલાં ભરીએ તો પહેલાં ત્રણ પગલાં વડે, વામનનાં ત્રણ પગલાં પેઠે, આખું આ વિરાટ રૂપે દેખાતું વિશ્વ અથવા તો જીવ-રૂપે અનુભવાતી આપણી સૃષ્ટિ તેમાં પૂરી થઈ જાય છે; અને પછીને ચોથે પગલે,—બલિ રૂપે પ્રગટતો પેલો પ્રશ્ન કે, આત્મા ને इदम् सर्वम् જુદાં છે?—તે પ્રશ્ન ઉપર આવતાં, કેવળ આત્મતત્ત્વ હાથમાં આવે છે, કે જ્યાં આગળ જગત કે જીવ કે કોઈ જ અન્ય હસ્તી નથી—एकमेवाद्वितीयम् જ છે.

૬

આ અદ્વૈત કલ્પનામાં આવી શકે છે, તે એ રીતે કે, આત્માનાં પહેલાં ત્રણ પગલાં જુઓ; તે પહેલાં પકડો. એમ એનું પગેરું જો કાઢો, તો જ એ સદા અલોપ જ રહેલા 'ચોર'ને પકડવા તેની કેડે પડી શકાશે.

પણ તેમ કરતાં, આપણી પેલી લોકકથામાંની માતાની પેઠે થઈને ઊભું રહે છે કે, 'કેડમાં છોકરું અને ખોળાખોળ કરીને આખું ગામ ગાંડું કર્યું!' અથવા આપણા જ્ઞાની કવિએ ગાયું એમ, 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં!' આ તરણું આત્માના ત્રણ પાદ રૂપે આગળ આવીને તેના મૂળ ડુંગરને ઢાંકે છે, કે જે ખરો (ચોથો) પાદ છે.

---

* જેમ કે, સ્વર વગર વ્યંજન નથી કે પ્રત્યય વિના પદ (ભાષામાં) નથી, તેમ આ અતૂટ કે અવિચ્છિન્ન સંબંધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ત્રણ પાદ એટલે આપણા સમગ્ર પ્રજ્ઞાનની ત્રણ અવસ્થાઓ છે — જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ કે નિદ્રા. 'જીવાત્મા' રૂપે થતી આત્મપ્રતીતિ આ ત્રણ દશાઓ બહાર છે નહીં; આ આખા દૃશ્યનો કે इदम् सर्वम्નો વિસ્તાર પણ એ ત્રણ દશાથી બહાર રહેતો નથી. એટલે, માંડૂક્યકાર એ ત્રણ અવસ્થાઓને સમજાવવાને માટે, વિરાટ એવા એ 'सर्वम्'ની તુલનામાં જોઈએ તો તદ્દન વામન જેવા જ લાગતા આપણા જીવાત્માને ત્રણ પગલાં ભરાવે છે.

તેમાંનું પહેલું પગલું આ મંત્રમાં કહ્યું કે, તે આપણી જાગ્રત અવસ્થા છે. તે દરમિયાન આપણે, એટલે કે આપણો ચેતનરૂપ આત્મારામ બહિર્મુખ જોવા મળે છે. તે દશામાં એ પોતાની બહાર લાગતા આ સ્થૂળ દૃશ્યને ભોગવવા માટે બહાર વર્તે છે. તેથી તેનાં સાત અંગવાળો અને ૧૯ મોઢાંવાળો આ તેનો દેહ જોવા મળે છે. પંચ ભૂત અને મન તથા બુદ્ધિ એ સાત* અંગોના બનેલા દેહ વડે તે સ્થૂળ દૃશ્યને આરોગે છે. તે માટે એને ૧૯ મોઢાં છે, જેમની વાટે તે એમ કરે છે. આ ૧૯ એટલે પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, પાંચ પ્રાણ, અને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર. આર્ય તત્ત્વજ્ઞાનમાં જીવાત્માનું પંચીકરણ કે પૃથક્કરણ આ ઢબે કરાયું છે.

---

* અહીં સાત અંગ કયાં તે વિષે ચર્ચા જાગી શકે છે. આ બાબતનું આર્ય વિજ્ઞાન ઇતિહાસકાળમાં આગળ વધ્યું હશે. મેં સાત અંગ વ્યક્તિના દેહનાં ગણાવ્યાં છે. ગીતાકાર અ૦ ૭માં શ્લો. ૪ થી ૭માં પ્રકૃતિના નામથી આઠ અંગ ગણાવે છે અને જીવને તેથી અલગ પાડી, તેને પરા પ્રકૃતિ કહીને વર્ણવે છે. 'જીવ' અને અહંકાર'ને જુદા ન પાડીએ કે બે ન ગણીએ તો દેહીનાં સપ્ત અંગ મળી જાય છે.

ગીતાકાર વૈશ્વાનર પદ વાપરીને કહે છે કે, વૈશ્વાનર થઈને હું પ્રાણીઓના દેહમાં રહું છું ને તેમના પ્રાણોને ચાલુ કરીને અન્ન પચાવું છું, — એટલે કે, તેઓ જીવે એમ કરું છું. મતલબ કે, પ્રાણીઓમાં રહેલો આત્મા તે વિરાટમાં પંચભૂતો તથા સૂર્ય આદિ દેવોને લઈને દેહધારી બનતો વૈશ્વાનર જ છે, એવો અર્થ ઘટાવવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તેના શરીર- તથા ચિત્ત- વિજ્ઞાનનો ભાગ છે. દેહીનો આ દેહ છે, જેના વડે જાગ્રત દશામાં દેહી વિચરતો જોવા મળે છે. આ દ્વારા આત્મા વિષેની પહેલી અને સ્થૂળ સમજ આપણને મળે છે.

૭

આ મંત્રમાં 'દેહી' કે આત્માને માટે 'वैश्वानर' શબ્દ વાપર્યો છે. વૈશ્વાનર એટલે વિશ્વપુરુષ. દેહને વિશ્વરૂપે કલ્પીને તેમાં રહેલો દેહી કયો એમ પૂછીએ, તો તે વૈશ્વાનર છે. 'यथा पिंडे तथा ब्रह्माण्डे' એ ન્યાયે અહીં જોવાનું છે. જીવો રૂપે અલગ જોવા મળતાં છતાં, તેમની જાગ્રત અવસ્થાનું જો પંચીકરણ કરીએ તો, દરેક જીવ પોતપોતાના દેહે કરીને ભિન્ન દેખાવા છતાં, બધા જીવોનું સમાન લક્ષણ એવું છે કે, તે સપ્તાંગ છે, ૧૯–મુખી છે, સ્થૂલભોગી છે, બહિર્મુખ છે. એટલે કે, જુદાઈનો ખ્યાલ દૃશ્ય પરત્વે રહેલો છે; વસ્તુતાએ તેનો ભોક્તા જૂજવે રૂપે છતાં એક જ આત્મારામ છે. તેથી તેને માટે સમર્પક અને સૂચક એવો બીજો શબ્દ વાપરીને મંત્રમાં તે ભાવ સ્પષ્ટ કર્યો છે કે, એ वैश्वानर છે; જીવો જેમાં વિચરે છે તે ચિદાકાશમાં મૂળે એકરૂપ ચેતન તરીકે વિશ્વના ખેલને જાણનાર વિશ્વપુરુષ કે વિશ્વાત્મા તે છે.

૮

સાંખ્યદર્શનમાં અહીં આગળ જે અનેકપુરુષવાદ કહ્યો છે, તેથી આગળ જઈને માંડૂક્યકારે વેદાન્તની આ વાત કરી છે. સાંખ્ય દર્શને બાહ્ય દૃશ્યનું પૃથક્કરણ કરી જે પદાર્થવિજ્ઞાન અને માનસવિજ્ઞાન રચ્યાં છે, તે આર્ય તત્ત્વજ્ઞાનનો સામાન્ય વારસો બન્યાં છે. પોતપોતાના દેહ કે ગુણધર્મોએ કરીને જીવ-રૂપ બધા ચેતન ભાવો અલગ અલગ પુરુષવિશેષ ગણી શકાય. એવા પુરુષવિશેષો અસંખ્ય હશે. બહિષ્પ્રજ્ઞત્વને લીધે સ્થૂલ કે જડને વળગેલા, પરંતુ ગુણધર્મો જો અલગ અલગ કરીને જોઈએ તો, એ બધાને લઈને વિચ્છિન્ન કે વિવિધ રૂપે લાગતા બધા પુરુષવિશેષોનો મૂળ ભાવ તો એક જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરશે, કે જેને માંડૂક્યકાર આત્મા કહે છે. ગણિતની ભાષામાં કહીએ તો, ક્ષ એવા અજ્ઞાત પદને ઉપર કહેલા અનેક ગુણધર્મોએ કરીને આપણે ક્ષ$_{૧}$, ક્ષ$_{૨}$, ક્ષ$_{૩}$, ક્ષ$_{૪}$ . . . એમ અનેક પદો રૂપે જોઈએ છીએ. પણ ૧, ૨, ૩, ૪ ઇ૦ ઉપાધિઓના વ્યતિરેકે કરીને જુદાં લાગતાં એ બધાં પદો મૂળે તો ક્ષ એવો પેલો એકસમાન અજ્ઞાત પદાર્થ જ છે.*

અને સમષ્ટિના આખા દૃશ્યને એક વ્યક્તિ કે વ્યષ્ટિ કલ્પીને તેના પુરુષવિશેષને જો જોઈએ, તો તે પણ એક વૈશ્વાનર છેવટે તો ક્ષ જ છે. મતલબ કે, મૂળ ભાવે કરીને જો જોઈએ તો, બ્રહ્માંડમાં વિચરતો વિરાટદેહી વૈશ્વાનર અને પિંડમાં વિલસતો વામનદેહી જીવાત્મા, મૂળ લક્ષણે કરીને તો, આત્માના પ્રથમ પાદ એવા જાગરિત સ્થાનમાં પ્રતીત થતો ચતુષ્પાદ આત્મા જ છે.

એમ આત્માની ઓળખ આપતાં માંડૂક્યકાર તેનું પહેલું સ્થાન સમજાવે છે. બીજું સ્થાન સ્વપ્નાવસ્થા છે, તે આ પછીના ચોથા મંત્રમાં કહે છે.]

---

* એમ જ જીવો અનેક છે, તેમને તપાસીને સાંખ્ય તેમનાં ‘સપ્ત અંગ’ ગણાવે છે. પણ એ પણ છેવટ નથી. એ બધા ભેદોનું મૂળ લક્ષણ ‘ક્ષરભાવ’ છે. એટલે કે, અક્ષર એવા સત્યનો આધાર ત્યાં અનુસ્યૂત રહેલો છે. આ જે ‘ક્ષ’ છે તે જ એ પણ છે જ. એમ ‘અધિભૂત’ અને ‘અધિ-આત્મ’ તેમના પ્રત્યયો કે વ્યંજનોએ કરીને અનેક દેખાય છે; પરંતુ બેઉ મૂળે એક જ છે, તે પ્રથમ પગલે બે દેખાય છે અને એ બે — પુરુષ-પ્રકૃતિ — પછી આ સમગ્ર ખેલનો પ્રત્યય પેદા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

બીજો પાદ – તૈજસ

આત્માનો પહેલો પાદ જીવાત્માની જાગ્રત અવસ્થા છે. તેનો બીજો પાદ જીવાત્માની બીજી અવસ્થા સ્વપ્ન છે. આપણા સમગ્ર અનુભવનો આ એક બીજો મોટો ખંડ છે, કે જે દ્વારા આત્માની પ્રતીતિ થાય છે.

૧

માંડૂક્યકાર તે બીજો પાદ નીચે પ્રમાણે વર્ણવે છે :—

स्वप्नस्थानोऽन्तःप्रज्ञः सप्तांगः एकोनविंशतिमुखः प्रविविक्तभुक् तैजसो द्वितीयः पादः ।। ४ ।।

પદાર્થ

स्वप्नस्थानः = સ્વપ્ન દશાના સ્થાન કે ક્ષેત્રવાળો अंतःप्रज्ञः = જેની પ્રજ્ઞા અંતરના (એટલે કે, સ્વપ્નમાં મનની અંદર પ્રતીત થતા) ક્ષેત્રમાં કામ કરે છે તેવો सप्तांगः, एकोनविंशतिमुखः (જુઓ મંત્ર ૩ માં) प्रविविक्तभुक् = પ્રવિવિક્ત (એટલે આ સ્થૂલથી છૂટું પડીને સાવ અલગ એકલું બનીને છૂટક રૂપે પ્રવર્તે છે તેવું પદાર્થોનું પ્રજ્ઞાન, – સ્મૃતિવૃત્તિ દ્વારા) ભોગવનારો तैजसः = તૈજસ, તેજપુરુષ (વિશ્વ રૂપે સ્થૂલ નહીં પણ તેજ રૂપે સૂક્ષ્મ હોઈ તૈજસ નામે કહેવાતો) द्वितीयः = બીજો पादः = પગ, પગલું, પગથિયું.

અન્વય

(तस्य आत्मनः) द्वितीयः पादः स्वप्नस्थानः अंतःप्रज्ञः सप्तांगः एकोनविंशतिमुखः प्रविविक्तभुक् तैजसः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ

(તે આત્માનો) બીજો પાદ સ્વપ્નદશાના સ્થાન કે ક્ષેત્રમાં વિચરતો એવો અંતર્મુખ બનેલો, સાત અંગ અને ઓગણીસ મુખ ધારણ કરનારો, (અને તે વડે) પ્રવિવિક્ત કે સૂક્ષ્મ એવા આંતર જગતને ભોગવતો એવો તૈજસ છે.

૨

[બીજા પાદમાં વર્તતા આત્માનું સ્વરૂપ પણ 'સપ્તાંગ' અને 'એકોનવિંશતિમુખ' છે. એટલે કે, ત્યાં દેહીનું પ્રજ્ઞાન સાત અંગવાળા અને ઓગણીસ મુખવાળા દેહ વડે જ સંભવે છે. આ પ્રજ્ઞાનથી તે માણે છે, તે એને 'ભોગવે' છે, એમ કહેવાયું છે.

પણ આ પાદે રહેલા આત્માની સ્થિતિમાં ફરક એ બતાવ્યો છે કે, આ ક્ષેત્રનું તે પ્રજ્ઞાન આંતર છે. તેથી તેને 'અંતઃપ્રજ્ઞ' કહ્યો છે.

એટલે એના ભોગ્ય જગતનું લક્ષણ પણ 'સ્થૂલ' મટીને આંતરિક કે સૂક્ષ્મ બને છે. આ સૂક્ષ્મ જગતને માંડૂક્યકાર 'પ્રવિવિક્ત' કહે છે. એટલે આત્મા પહેલા પાદે 'સ્થૂલભુક્' હતો તે અહીં 'પ્રવિવિક્તભુક્' છે, એમ કહ્યું. અને તેના ભોક્તાને પહેલે પાદે 'વૈશ્વાનર' કહ્યો, આ પાદે તેને 'તૈજસ' કહે છે.

૩

આપણે જગતને મન (તેના હાથ નીચે કામ કરતી ઇંદ્રિયો તેમાં આવી ગઈ.) રૂપી આંખ વડે જોઈએ છીએ. આ જગતના બે નોખા ભાગ અનુભવમાં આવે છે. એ બે ભાગો આપણી પોતાની બે અવસ્થાઓ સાથે જડાયેલા છે. એક સ્થૂલ જગત અને બીજું સૂક્ષ્મ આંતર જગત. બંને જગત દૃશ્ય એવા આ વિશ્વના જ ભાગ ગણાય. બંને વચ્ચે કડી રૂપે આપણે તેના એકસમાન ભોક્તા છીએ. હવે સવાલ એ આવે છે કે, એ બે દૃશ્ય કે ભોગ્ય વિભાગો વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શો સંબંધ? એકને આપણે વૈશ્વાનર રૂપે માણીએ છીએ; બીજાને તૈજસ રૂપે. એ બે અનુભવોની જુદાઈ છે, છતાં એ જુદાઈ બે અલગ પદાર્થોને કે સત્ત્વોને લઈને છે કે કેવી રીતની છે? બીજી રીતે પૂછીએ તો, જાગ્રતમાં જે જગત જોઈએ જાણીએ કે માણીએ છીએ તે સત્ત્વ, અને સ્વપ્નમાં જે જગત જોઈએ જાણીએ કે માણીએ છીએ તે સત્ત્વ, એ બેમાં જે ભેદ છે તે વસ્તુઓ તરીકે મૂળ ભેદ છે કે મૂળે એક વસ્તુ હોવા છતાં તે માત્ર તેનો અવસ્થાભેદ છે? ભોક્તા તો એક છે; પણ ભોગ્ય એક છે કે જુદાં? ટૂંકમાં, 'સ્થૂલ' અને 'પ્રવિવિક્ત' બે જુદાં કે એક છે?

આ પ્રશ્નનો જવાબ 'પ્રવિવિક્ત' પદના અર્થમાંથી મેળવવો જોઈએ.

૪

સ્થૂલ જગતના અનુભવને આપણે અંતઃકરણ દ્વારા છણીને કે તેનો વિગતે વિવેક કરીને, — એટલે કે આપણી કલ્પનાશક્તિ, તર્ક-વિતર્કશક્તિ, વિચારશક્તિ, બુદ્ધિશક્તિ વગેરે બધી અંતઃકરણની વિભૂતિઓ વડે, — નાણીએ છીએ. બાહ્ય કે સ્થૂલનું આપણું પ્રજ્ઞાન આ રીતે વિવેક પામીને તે રૂપે આપણું બને છે. અને એમ થયા પછી એ રૂપે તે આપણા અંતરમાં જડાય છે. એમ માનો કે, બાહ્ય કે સ્થૂલનો ફોટો, મન રૂપી કૅમેરા વડે, આપણા ચિત્તની પ્લેટ પર પડ્યા કરે છે; કાલના વહનની સાથે તેનું રેખન ત્યાં પડ્યા જ કરે છે. એક પ્રકારનું ચલચિત્ર ત્યાં અંકાતું રહે છે, એમ કહો.

સ્થૂલનું આવું રેખાંકન ઇંદ્રિયો વાટે — ખાસ કરીને આંખથી મનમાં કોતરાતું રહે છે; તે જ આપણી સ્મૃતિ વૃત્તિ છે. તેને આધારે અને તે વડે આપણે જાગ્રતદશામાં ચિંતન મનન કરીએ છીએ. તે જ આંતર સંચય સ્વપ્નદશામાં પણ પોતાની સૃષ્ટિ ખડી કરે છે, કે જેને 'પ્રવિવિક્ત' કહ્યું છે. સ્વપ્નમાં તે સૃષ્ટિને આપણે માણીએ છીએ. એમ કહો કે, જેમ અનેક રેકર્ડો આપણી પાસે હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી જેવી આપણી ઇચ્છા ઊઠે તે મુજબ તેમાંથી અમુક પાછી સાંભળીએ, તેમ સ્વપ્નમાં, તેના કોઈક અમુક ન્યાયે, સ્થૂલના પ્રવિવેક રૂપે પડેલા પેલા સંચય-જગતમાંથી અમુક પાછું આપણે અંતઃપ્રજ્ઞ બનીને જોઈએ છીએ.

મતલબ કે, 'સ્થૂલ તથા 'પ્રવિવિક્ત વચ્ચે વસ્તુભેદ નથી, પણ અવસ્થાભેદ છે. સ્વપ્નમાં પણ સ્થૂલ જગત જ ભોગરૂપે તો છે, પણ તે 'પ્રવિવિક્ત' રૂપે તેનાથી છૂટું પડીને વર્તે છે. અને તે વખતે, જેમ ચલચિત્ર તેજસૃષ્ટિ છે તેમ જ આ 'પ્રવિવિક્ત' પણ સ્થૂલ ભૂતસૃષ્ટિ ન રહેતાં તેજસૃષ્ટિરૂપ બન્યું હોય છે, અને તેનો ભોક્તા તૈજસ નામ પામે છે, પરંતુ મૂળ રૂપે આત્મા છે. નવાઈ એ છે કે, આ સૃષ્ટિ કેવળ એક કે અમુક થોડી ઇંદ્રિયોથી ગોચર નહીં, પણ જાગ્રત પેઠે જ બધી રીતે ગોચર થાય છે. જોકે, આમ જોતાં શરીર જાગ્રત દશામાં બહાર વિચરતું હોય છે, ત્યારે પ્રવિવિક્ત સૃષ્ટિના કાળે તે સૂતું જ હોય છે. તે કાળે ઇંદ્રિયો અંતઃપ્રજ્ઞાની બનીને કામ કરે છે. તેથી માંડૂક્યકારે તૈજસ આત્માના દેહને આ દશામાં પણ સપ્તાંગ અને ૧૯-મુખી જ કહ્યો છે.

આ બે સૃષ્ટિઓ — બાહ્ય કે જાગ્રત સૃષ્ટિ અને આંતર કે સ્વપ્ન સૃષ્ટિ — આત્માના સ્થાનભેદે કરીને બે અલગ પ્રતીત થાય છે. એક ત્રીજો અનુભવ પણ આપણને છે, કે જયાં આ બંને સૃષ્ટિ લય પામી જઈને એક વળી ત્રીજું બને છે. તે છે નિદ્રા કે સુષુપ્તિની દશા. એ દશા આત્માનું ત્રીજું સ્થાન છે; તે એનો ત્રીજો પાદ છે. તેનું વર્ણન પછીના મંત્રમાં ઋષિ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ત્રીજો પાદ – પ્રાજ્ઞ

પાંચમા મંત્રમાં ઋષિ આત્માનો ત્રીજો પાદ વર્ણવે છે. તે જોતા પહેલાં અગાઉ થઈ ગયેલા આત્મ-તત્ત્વ-વિચારનો સાર બીજી રીતે ટૂંકમાં જોઈને આગળ ચાલીએ.

૧

જીવ અને જગત

આ ભવસંસારના બધા ખેલને આપણે જીવાત્મા જોઈએ, જાણીએ અને માણીએ છીએ. બીજી તરફથી કહીએ તો, તે શું છે એ સમજવા અને તે સમજને આધારે ચાલીને આ જગતમાં — આપણા સમાજમાં, આપણાં યોગક્ષેમ કે જીવનનો નિર્વાહ કરવા પણ તાકીએ છીએ. આપણી બધી વિદ્યાઓ — બધું જ્ઞાનવિજ્ઞાન અને સાહિત્યસામગ્રી — આ મૂળમાંથી ફૂટે છે.

ઉપરના આ સાદા વિચારમાં કોઈ મતભેદ નથી.

તત્ત્વજ્ઞાન આ સામાન્ય સમજની વાતથી આગળ વધીને આ વસ્તુને તપાસે છે. તેની સાદી ભૂમિકા આમ છે:

'હું છું' એવો 'અસ્મિ-તા' ભાવ અથવા અહંકાર જીવમાત્રમાં રહેલો જ છે. સંસારના અનુભવનું બીજ એ જ છે. એક બાજુએ આ અહંભાવ છે. તેની સામી બાજુએ તેવા અનુભવ કે ભોગના વિષય તરીકે પ્રતીત થતો આ બધો ભવસંસાર છે. જીવ અને જગતની આવી જોડી માન્યા વગર વિદ્યા કે વિચાર સંભવે નહીં.*

---

* ગીતાકાર આ જોડીનું વર્ણન અ૦ ૭—૪, ૫, ૬, ૭માં કરે છે તે અહીં સાથે જોવા જેવું છે. એક અક્ષર બ્રહ્મ જ છે, ત્યાં જીવ અને જગત જેવું દ્વૈત (તત્ત્વ સમજવાની બૌદ્ધિક જરૂર ઉપરથી) સ્થાપીને વિચાર કરવાનો બને છે. જગત જડ અપરા પ્રકૃતિ છે અને જીવ ચેતન પરા પ્રકૃતિ છે; બંને મળીને થતી પ્રકૃતિ આ સૃષ્ટિની માતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બે વસ્તુઓના વિચારમાંનો પહેલો પદાર્થ છે તે ભવસંસાર છે. તેને શાસ્ત્રીય રીતે પકડવાને માટે, વિજ્ઞાન દ્વારા તેનું પંચીકરણ કે પૃથક્કરણ કરીને બતાવવામાં આવે છે કે, મૂળ પંચભૂત છે અને દેશ તથા કાળમાં તેમની ગતિ રૂપે આ ભવસંસાર ચાલે છે.

પહેલા ગણાવેલા જગત પદાર્થ પરત્વે, આર્ય તત્ત્વજ્ઞાન કે દર્શન-શાસ્ત્રનો સિદ્ધાંત આમ કહે છે. અર્વાચીન યુરોપીય તત્ત્વજ્ઞાન પણ, તેની જુદી પરિભાષા છતાં, આનો ઇન્કાર કરતું નથી.

ઉપરના દૈકનો બીજો પદાર્થ છે તે જીવાત્મા અથવા 'હું'-પદ. તેને લઈને જ આપણને રોજ હરઘડી હરક્ષણ ચાલતા-ફરતા રહેતા સંસારની ઘટનાઓનો અનુભવ થાય* છે. તેની હસ્તી ન હોય તો સંસારની પ્રતીતિ હોય નહીં. તે વિના સંસારની હસ્તી આપણે માટે તો નથી, એમ જ ઠરે. તેથી તે પૂરતો સૃષ્ટિ-દૃષ્ટિ-ન્યાય સાચો છે. તેથી જ કવિ એ ગાયું કે, "આપ મુએ પિછે ડૂબ ગઈ દુનિયા!"

૨

આત્મભાન અને તેની અવસ્થાઓ

દેશ અને કાળમાં થયા કરતા આ અનુભવો કે પ્રજ્ઞાનની મણિમાળાની અંદર સૂત્ર રૂપે સતત એકભાવ રહેલો છે અને તે આપણને લાગતું આત્મભાન છે. આખા ભવસંસારની અનુભવ-મણિમાળાનું સૂત્ર તેના ભોક્તા કે દ્રષ્ટા તરીકે રહેલી આપણી આ અસ્મિતા કે આત્મભાન છે. કોઈ આનો પણ ઇન્કાર ન કરી શકે. તેના નિરૂપણની પરિભાષા કે પૃથક્કરણ-શૈલી કદાચ જુદી ભલે હો.

આ આત્મભાનનું પૃથક્કરણ પણ દર્શનશાસ્ત્રો કરે છે. ઉપર આપણે જોયું કે, દૃષ્ટિ-સૃષ્ટિ-ન્યાયે સંસાર એ પંચભૂતોની દેશકાળમાં ચિત્ત વાટે આપણને થતી પ્રતીતિ રૂપ છે. આ પ્રતીતિ ચિદાકાશમાં થયા કરતા પ્રજ્ઞાન વડે થાય છે. એ પ્રજ્ઞાનને જેમ ત્રણ પાયરીઓ છે, તેમ જ એ પ્રતીતિ જેને થાય છે તે અસ્મિતા, અહંકાર,

---

* ઊંઘમાં આ 'હું' નથી હોતો, ત્યારે તે કાળમાં કાંઈ ભાન પણ નથી થતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મભાન કે આત્મ-પદને પણ (ત્રિવિધ પ્રજ્ઞાનની ઉપાધિએ કરીને) એને જ મળતી ત્રણ પાયરીઓમાં જોઈ શકાય. એથી ઉપર આપણે જોયું કે, સંસાર અને આત્મભાન વચ્ચે દ્રષ્ટા-દૃશ્ય કે ભોક્તા-ભોગ્ય જેવો એક પ્રકારનો અતૂટ સંબંધ રહેલો છે; એનો ભેગો વિચાર કર્યા વગર ચાલે નહીં.

અને ઉપનિષદકાર આગળ જઈને ઊંડે ઊતરીને કહે છે કે, સદા સતત પરિવર્તી એવા સંસારમાં જે આપણને આપણાપણા તરીકે સતત સદા એક આત્મભાન રૂપે હયાત રહેતું લાગે છે, તે વસ્તુ આ ત્રણે પાયરીમાં મૂળરૂપે રહેલું એક આત્મપદ જ છે; તે ત્રણ પાયરીઓમાં ત્રણ જુદી વસ્તુ નથી.

તથા ત્રણેમાં હોવા છતાં, તે ત્રણેથી નિરપેક્ષ એવું એ પદ હોઈને, તેની આવી નિરપેક્ષતાને, ભાષામાં, તે એક એવા આત્માની ચોથી પાયરી કહી શકાય. તે ઉપરથી માંડૂક્યકાર આત્માની આવી ચાર પાયરીઓ ગણી તેને 'ચતુષ્પાદ', એટલે કે, ચાર પાયરી કે અવસ્થાવાળો કહે છે, તે સમજવા માટેની બુદ્ધિની યુક્તિ પૂરતું છે.

૩

આત્માની આ પાયરીઓમાં પ્રથમ બે તે જાગ્રત અને સ્વપ્ન. જાગ્રતમાં કામ કરતા આત્મ-પાદને ઓળખવા ઉપનિષદકાર 'વૈશ્વાનર' નામ આપે છે; સ્વપ્નમાં કામ કરતા આત્મપાદને ઓળખવા તેનું નામ 'તૈજસ' પાડે છે. વસ્તુતાએ બંને અવસ્થા ભોગવનાર આત્મા, તેની પાયરીઓની ઉપાધિને લઈને, નામે કરીને જુદા ગણાવતાં છતાં, એક જ છે.

હવે આત્માના ત્રીજા પાદનું કે તેની ત્રીજી અવસ્થાનું વર્ણન જોઈએ.

નિદ્રા કે સુષુપ્તિની અવસ્થા આત્માનો ત્રીજો પાદ છે. તે અવસ્થામાં આત્માનો પ્રત્યય કે પ્રતીતિ યા ઓળખ અમુક તેની નિરાળી અને અગાઉની બે અવસ્થાથી નોખી પડી આવતી ઢબે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. તેથી એને તેની ત્રીજી દશા કહી છે. માંડૂક્યકાર તે પાદ કે સ્થાને આત્માને 'પ્રાજ્ઞ' કહે છે, અને તેને નીચે પ્રમાણે વર્ણવે છે :—

यत्र सुप्तो न कंचन कामं कामयते, न कंचन स्वप्नं पश्यति, तत् सुषुप्तम् । सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवानंदमयो ह्यानंदभुक् चेतोमुखः प्राज्ञस्तृतीयः पादः ॥५॥

પદાર્થ

यत्र = જ્યાં, જે દશા કે સ્થાને યા સ્થિતિમાં (પહોંચતાં કે આવતાં) सुप्तः = સૂતેલો – ઊંઘતો (પુરુષ) न = નહીં कंचन = કાંઈ પણ कामं = કામનાને, ઇચ્છાને, મનની વાંછિત વસ્તુને कामयते = ચાહે છે; न = નહીં कंचन = કાંઈ પણ स्वप्नम् = સ્વપ્નું पश्यति = જુએ છે; तत् = તે (સ્થાન) सुषुप्तम् = સુષુપ્ત (કહેવાય છે).

सुषुप्तस्थानः = સુષુપ્ત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો एकीभूतः = (સાત અંગવાળો નહીં, પણ તે બધાં એક થવાથી) એકાકાર બનેલો प्रज्ञानघनः =(સાત અંગ કામ ન કરતાં હોવાથી, પ્રજ્ઞા જ્યાં આંતર કે બાહ્ય ક્ષેત્રગામી નથી, પણ જ્યાં પ્રજ્ઞાન પોતે જ થીજી જઈ કે સ્થગિત થઈ જઈ ઘનરૂપ બને છે એવો) પ્રજ્ઞાનઘન एव= જ आनन्दमयः = (તેથી) આનંદમય हि=જ (હોઈને) आनन्दभुक् = (સ્થૂલ કે પ્રવિવિક્તને નહીં, પણ) આનંદ ભોગવનારો चेतोमुखः = (૧૯ મુખવાળો નહીં, પણ એક) ચિત્તરૂપી મુખને ધારણ કરનારો प्राज्ञः = પ્રાજ્ઞ, પ્રજ્ઞાનરૂપ હોઈને પ્રાજ્ઞ કહેવાય છે તે तृतीयः = ત્રીજો पादः = પગ, પગલું, પગથિયું, પાયરી.

અન્વય

यत्र सुप्तः न कंचन कामं कामयते, न कंचन स्वप्नं पश्यति, तत् सुषुप्तम् ।

(तस्य आत्मनः) तृतीयः पादः सुषुप्तस्थानः, एकीभूतः, प्रज्ञानघनः एव, चेतोमुखः, आनन्दमयः हि आनन्दभुक् प्राज्ञः ॥

GURUKULA KANGRI LIBRARY HARDWAR
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદ

(પુરુષ) ઊંઘમાં પડેલો હોઈને, જે સ્થાને (જાગ્રત દશામાં કરે છે તેમ) કશી પણ કામના કરતો નથી, (સ્વપ્ન દશામાં કરે છે તેમ) કાંઈ પણ સ્વપ્ન જોતો નથી, તે (એ બેઉથી જુદું પડતું સ્થાન) સુષુપ્ત છે.

તે (આત્માનો) ત્રીજો પાદ (એ પ્રકારના) સુષુપ્ત સ્થાન કે ક્ષેત્રવાળો હોઈને, (સાત અંગો હોવા છતાં) એકાકાર બનેલો, (અને તેથી કરીને ત્યાં તેનો પ્રજ્ઞાન ગ્રહણ કરવાનો ગુણ પોતે જ, — જાગ્રત પેઠે ન બહાર કે સ્વપ્ન પેઠે ન અંદર કામ કરે છે, પરંતુ પોતાના મૂળ, કારણ કે બીજ રૂપે જ અખંડ, અવ્યાકૃત કે ઘનરૂપ રહેતો હોઈને) પ્રજ્ઞાનઘન, તથા (૧૯ મુખવાળો છતાં) ચિત્ત રૂપી (એક જ) મુખ ધારણ કરનારો, આનંદમય જ, (એટલે ચિત્તમુખ વાટે કેવળ) આનંદ ભોગવનારો એવો પ્રાજ્ઞ છે.

૪

સુષુપ્તાવસ્થા

[આત્માનું ત્રીજું પગલું સમજાવવાને માટે માંડૂક્યકાર પહેલું તો સુષુપ્ત શું છે તે કહે છે.

જાગ્રતમાં આપણે કામના કરીએ છીએ — ઇંદ્રિયના પદાર્થો પ્રત્યે બહિર્મુખ થઈને વર્તીએ છીએ.

સ્વપ્નમાં આપણે જાગ્રતકાળમાં માણેલા અને અંદર સંચિત પડેલા સંસ્કારોની સ્મૃતિને આધારે સ્વપ્નાં માણીએ છીએ.*

---

* બંને અવસ્થામાં મૂળ અનુભવની વસ્તુ એક હોવા છતાં, બંનેમાં દેશકાળ જુદી રીતે પ્રતીત થવાથી અનુભવમાં મૌલિક અવસ્થા–ભેદ પેદા થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બેમાંથી એકે જ્યાં નથી બનતું, છતાં જે સ્થાન કે ક્ષેત્રને આપણે અનુભવીએ છીએ, (ઊંઘમાંથી જાગતાં) જેનું પ્રજ્ઞાન થાય છે, જેના વગર આપણું જીવન ન ટકે, તે સુષુપ્તિ કે નિદ્રાની અવસ્થા છે; અને તેથી એ આત્માની ત્રીજી અને નોખી પાયરી બને છે.

એટલે કે, નિદ્રાવસ્થામાં આપણે નથી જાગતા કે નથી સ્વપ્ન જોતા; એ બંને દશાનો ત્યાં અભાવ છે. છતાં ત્યાં આપણે કોઈ ને કોઈ રૂપે હયાત તો હોઈએ જ છીએ. નહિ તો જાગ્યે ઊંઘ્યાનું પ્રજ્ઞાન ન સંભવે. તે કાળનું એ આપણું આત્મરૂપ 'પ્રાજ્ઞ' કહેવાય છે.

તેનાં લક્ષણો માંડૂક્યકાર ચોકસાઈથી વર્ણવે છે. આગળનાં બે સ્થાનોમાં વિચરતાં બે આત્મરૂપ — વૈશ્વાનર તથા તૈજસ, એમની તુલનામાં ત્રીજા આ પ્રાજ્ઞનું સ્વરૂપ ચોખ્ખું સમજાય, એ રીતે એ કહે છે.

નિદ્રાવસ્થામાં આપણને કાંઈ ખબર પડતી નથી, કારણ કે ત્યાં આગળ જીવ કાચબાની પેઠે પોતાનાં સાત અંગો સંકોચી લઈને 'એકીભૂત' બને છે.

એટલે જીવાત્માની ભોગ કે પ્રજ્ઞાનની શક્તિ અથવા તેવો તેનો ગુણ પોતે જ ઘન બનીને રહી જાય છે;— કહો કે થીજી જઈને ચોસલું બનીને ઠરીઠામ રહે છે. એટલે ત્યારે જીવાત્મા 'પ્રજ્ઞાનઘન' બનીને રહે છે.

તેથી જ તેમને બે નોખી જ ભાત પાડતાં પ્રજ્ઞાન કે અવસ્થાઓ કહે છે. પરંતુ જીવાત્માને તો બંને સાથે ને સાચી છે. બેમાં અમુક ખરો અનુભવ અને અમુક ખોટો, એમ ન કહી શકાય. આત્મભાનની દૃષ્ટિએ વિચારીએ તો, બંને અનુભવ વાસ્તવિક હકીકત છે, એની ના ન પાડી શકાય. જાગ્રતદશાએ સ્વપ્નદશા હયાત નથી અને સ્વપ્નદશાએ જાગ્રત હયાત નથી, એ ખરું. પરંતુ એ બે અવસ્થામાં પરસ્પર-સાપેક્ષતા રહેલી છે તે જો આત્મદશાએ જઈને વિચારીએ, તો બંને અવસ્થાઓ બે ચોખ્ખી હકીકતો બને છે, અને તેથી તે આત્માના બે પાદ ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ થવાથી સુખદુઃખ કે રાગદ્વેષ વગેરે દ્વૈતભાવથી પ્રતીત થતો સ્વપ્ન-જાગ્રત-દશાઓનો ભોગ પણ નિદ્રાદશામાં થતા ભોગ કે ભોગની શૂન્યતાથી જુદો પડે છે. ત્યાં ચિત્તની મૂળ દશા સાત્ત્વિક રૂપે વર્તે છે. બીજી રીતે કહીએ તો, દ્વૈતના મૂળ કારણરૂપ જે સમભાવની પ્રસન્નતા — સરોવરનાં મોજાં જે સમતલ સપાટી પર વિલસે છે તેના જેવી ચિત્તની નિરુપાધિક સ્વભાવદશા ત્યારે હોય છે. ચિત્ત ત્યાં આગળ તેનાં કરણો રૂપી ઇંદ્રિયો દ્વારા કામ નથી કરતું. પહેલી બે દશામાં ચિત્ત ઇંદ્રિયો વડે ભોગવે છે, તેથી તે બે પાદમાં આત્મા एकोनविंशतिमुखः છે એમ કહ્યું. અહીં ત્રીજા પાદે આત્મા તેવો નથી; તેને મુખ છે તે સાત્ત્વિક દશાવાળું ચિત્ત-સત્ત્વ જ છે. તેથી આ પાદે આત્મા चेतोमुखः છે કહ્યું. એ પદ વાપરીને ઉપનિષદકાર એમ કહેવા ચાહે છે કે, નિદ્રામાં પડેલો જીવાત્મા ત્યારે તેવા સાત્ત્વિક દશાના ચિત્તરૂપી મુખ વડે માણે છે. શું માણે છે? પ્રથમ પાદે આત્મા स्थूलभुक् છે — સ્થૂળને માણે છે. બીજે પાદે આત્મા प्रविविक्तभुक् છે — ચિત્તમાં સંચિત કે અંકિત પડેલા ભાવોને માણે છે. ત્રીજે પાદે આત્મા आनंदभुक् છે — તે આનંદને માણે છે. ત્યાં ચિત્ત વડે સુખદુઃખ, રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વ ભોગવાતાં નથી. ત્યાં આત્મા પોતે પોતાને માણે છે. તેથી આત્માના ત્રીજા પાદે તેને માટે આ મંત્રમાં आनंदमयः વિશેષણ વાપરીને કહ્યું કે, તે સુખદુઃખભુક્ નહીં, પણ आनंदभुक् હોય છે. તેનો ભોગ આ દશાએ સુખદુઃખથી પર અને નિરપેક્ષ એવો આનંદ હોય છે.

જીવાત્મા, આ દશાએ જતાં, સંસારને ભોગવતી તેની અન્ય પહેલી બે દશાના મૂળ કારણ રૂપે ત્યાં રહે છે. તેને તે દશાનું અભિમાન પણ હોય છે, કે જે ઊંઘમાંથી જાગ્યે તેને પ્રતીત થાય છે. એટલે કે, નિદ્રાની પાયરી તેના પ્રજ્ઞાનનો ભાગ પણ બની શકે છે. તેથી જ તેને આત્માનો એક પાદ ગણવો ઘટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિદ્રા વિના આપણાં તન તથા મન નીરોગ કે સ્વસ્થ ન રહી શકે, એ આપણે સૌ જાણીએ છીએ. એમ કહો કે, નિદ્રાવસ્થાની એ સ્વસ્થ સમતલ પ્રસન્ન ભૂમિકાના પટ ઉપર જ આપણું દ્વંદ્વમય જાગ્રત જીવન ચાલે છે. સ્વપ્નનો અનુભવ એ બે વચ્ચે કડી જેવો રહે છે. નિદ્રાવસ્થાની ભૂમિકામાં જ સ્વપ્ન વિલસે છે. એમ માનો કે, નિદ્રા અને જાગૃતિનું મિશ્રણ એ ન હોય!

આ ત્રણે દશાઓ સ્મૃતિ વાટે આત્માના પ્રજ્ઞાનનો વિષય બને છે. નિદ્રામાં આત્મા અખંડ અવ્યાકૃત પ્રજ્ઞાનરૂપ રહે છે; તેથી તેનું નામ 'પ્રાજ્ઞ' કહ્યું છે. તે રૂપે આત્મા આપણામાં રહે છે, તેથી આપણે જીવતા રહીએ છીએ. બાકી નિદ્રા એ મરણ જેવી જ સ્થિતિ થઈ રહે. પણ તેવી તે નથી, કારણ કે જીવાત્મા ત્યારે પોતાનું ખોળિયું છોડીને જતો નથી; પ્રજ્ઞાનઘન આનંદમય રૂપે પોતે ત્યાં વિલસે છે. અમુક વખત પૂરો થયે તે દશા પૂરી થાય છે, એટલે પાછા આપણે સ્વપ્ન કે એથી આગળ જઈને જાગ્રત દશામાં પાછા વિલસીએ છીએ. જ્ઞાતા કે ભોક્તા રૂપે જીવાત્માને ત્રણે દશામાં આત્મ-પ્રતીતિ રહે જ છે.

ત્રીજી દશાનું જે પ્રાજ્ઞ સ્વરૂપ છે, તેને વળી વધુ સમજાવવા માંડૂક્યકાર પછીનો મંત્ર કહે છે. તેમાં નવો વિચાર, નવી દૃષ્ટિ, નવું તત્ત્વ રજૂ કરે છે, તે છે ઈશ કે ઈશ્વર તત્ત્વ. અને આત્માનો ત્રીજો પાદ આ 'પ્રાજ્ઞ' તે ઈશતત્ત્વ છે એમ કહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

પ્રાજ્ઞ સર્વેશ્વર, સર્વજ્ઞ, અંતર્યામી છે

આત્માનો તૃતીય પ્રાજ્ઞ પાદ સુષુપ્ત અવસ્થા છે. તે અવસ્થામાં તેનો સ્વરૂપ-પ્રકાર આગળના બે પ્રકાર – (જાગ્રત તથા સ્વપ્ન અવસ્થાના અનુક્રમે વૈશ્વાનર અને તૈજસ) – થી જુદો છે. તે કઈ કઈ રીતે તે ઉપનિષદકારે પાંચમા મંત્રમાં વર્ણવ્યું. હવે આગળ વધીને તે કહે છે કે, આર્ય જીવન અને તત્ત્વજ્ઞાનનું ઈશ્વર તત્ત્વ — જીવ અને જગત ઉપરાંત ત્રીજું શિવ તત્ત્વ જે છે, તે આ પ્રાજ્ઞ છે. તે આ પ્રાજ્ઞ પાદની વિશેષ ઓળખાણ છે.

૧

છઠ્ઠો મંત્ર આ છે:—

एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्यामी एष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् ।। ६ ।।

પદાર્થ

एषः = આ (પ્રાજ્ઞ) सर्वेश्वरः = સર્વનો – સૃષ્ટિમાં અનુભવી શકાતા સર્વ ભાવો કે પદાર્થોનો ઈશ્વર – સ્વામી एषः = આ सर्वज्ञः = સર્વને જાણનાર एषः = આ अन्तर्यामी = સર્વના અંતરમાં રહેલો હોઈને તેમનું નિયમન કરનાર एषः = આ सर्वस्य = સર્વની योनिः = જન્મસ્થાન प्रभवाप्ययौ = પ્રભવ તથા અપ્યય; જન્મ તથા મરણ; ઉદય તથા અસ્ત हि = જ भूतानाम् = ભૂતમાત્રનાં; સર્વ ભૂતોનાં.

અન્વય

एषः (प्राज्ञः) सर्वेश्वरः, एषः सर्वज्ञः, एषः अन्तर्यामी, एषः सर्वस्य योनिः भूतानाम् प्रभवाप्ययौ हि ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ

આ (પ્રાજ્ઞ) સર્વનો ઈશ્વર છે; આ સર્વજ્ઞ છે; આ અંતર્યામી છે; આ સર્વની યોનિ કે જન્મસ્થાન છે – ભૂતોનો પ્રભવ તથા લય આ જ છે.

૨

[સુષુપ્તિમાં જોવા મળતું આત્માનું પ્રાજ્ઞ સ્વરૂપ, એક રીતે જોતાં તરત જણાશે કે, પહેલાં બે કરતાં વિલક્ષણ છે. પહેલાં બે સ્વરૂપો દરેક જીવ પરત્વે જુદાં જુદાં દેખાય છે. જાગૃતિ અને સ્વપ્નમાં મને થતું પ્રજ્ઞાન બીજા સૌને થતા પ્રજ્ઞાનથી નોખું છે. મતલબ કે, આ બે પાદસ્થાને વૈયક્તિક જુદાઈ રહેલી છે. હવે જોઈએ કે, પ્રાજ્ઞસ્થાને આવી જુદાઈ છે? હોઈ શકે? આ મુદ્દો વિચારીએ તો આત્માના તૃતીય પાદ પ્રાજ્ઞની વિલક્ષણતા તરત પકડાશે.

પ્રાજ્ઞસ્થાને અગાઉની દશા જેવી જુદાઈ સંભવતી નથી, એ પાંચમા મંત્રમાંથી સ્પષ્ટ છે. નિદ્રામાં દેશકાલજ્ઞાનનો લોપ છે; તેથી જુદાઈ માટે કોઈ કારણ કે નિમિત્ત ત્યાં છે નહીં. પરંતુ તેના મૂળમાં રહેલી પ્રજ્ઞાનશક્તિ જ ત્યાં એકીભૂત રહેલી હોય છે. આ પ્રજ્ઞાનને, તે તે નિદ્રાગ્રસ્ત વ્યક્તિ પરત્વે, કોઈ ઉપાધિ દ્વારા જુદાઈ અર્પતું કાંઈ જ મળતું નથી.

એટલે, આત્માના ચાર પાદ વિચારતાં, જીવમાત્રમાં ત્રીજે પાદે આત્મા એકસરખા સ્વરૂપવાળો છે, એમ સ્પષ્ટ થાય છે. તે પાદ પ્રાજ્ઞ છે. આ પ્રાજ્ઞ રૂપ વ્યક્તિ પરત્વે ખાસ નથી રહેતું; જીવોમાં રહેલું ચેતન એક ઘનાકાર ત્યાં હોય છે, એમ માન્યા વગર ન ચાલે. તેને જ ચિદ્‌ઘન પણ કહે છે.

આ દશાએ ચિત્તનું પ્રજ્ઞાન કે સુખદુઃખાદિનો ભોગ વગેરે બધા જીવોમાં એકરૂપ થાય છે. ત્યાં સર્વનું ચિત્ત એકસમાન એવી નિદ્રાવૃત્તિને અનુભવે છે. ભૂતમાત્રની સમગ્ર સૃષ્ટિનું ચેતન તત્ત્વ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તે આ ત્રીજા પાદે જઈને જોતાં સ્પષ્ટ થાય છે. પૂર્વની બે અવસ્થાઓમાં જે સ્થૂલનો તથા પ્રવિવિક્ત એવા સૂક્ષ્મનો અનુભવ કે ભોગ મણાય છે, તે વિવિધ અને જુદો હોય છે; ત્રીજા પાદે તે ભોગ સુખદુઃખથી નિરપેક્ષ એવો એક આનંદમય બને છે. તેમાં પણ પૂર્વ દશાઓનો દ્વૈતભાવ કે અનેકભાવ નથી રહેતો. ચિત્ત, – કે જે પ્રજ્ઞાન તથા ભોગનું દ્વાર છે, – તે બહારથી કે અંદરથી કાંઈ પ્રજ્ઞાન (અને તેને પરિણામે ભોગ પણ) ગ્રહણ કરતું નથી. નિદ્રા દશાએ તેની ઇંદ્રિય દ્વારા ગ્રહણ કરવાની આવી શક્તિ પોતાના મૂળ કે બીજ રૂપે જ સ્થિર રહે છે. ચિત્તનું મૂળ ચિદ્‌ઘનત્વ કે ચિત્તપણું જ તે કાળે હયાત છે. કહો કે ચિત્તની સર્વ જાણવાની જે સર્વજ્ઞતા-શકિત છે, તે જ તે કાળે તેના અસલ રૂપે જોવા મળે છે. જાગ્રત તથા સ્વપ્નનાં બંધનોમાં ભલે એ શકિત પરિમિત બને, અલ્પજ્ઞ લાગે; પણ નિદ્રાકાલે તે શકિત તેની મૂળ પ્રકૃતિમાં તો છે જ, અને ચિત્તની એ મૂળ પ્રકૃતિનું લક્ષણ સર્વજ્ઞતા છે.

મતલબ કે, આ વિશ્વ કે સૃષ્ટિની દૃષ્ટિએ જોઈએ તો, આ ત્રીજા પ્રાજ્ઞ પાદે આવતાં, આ સૃષ્ટિનાં ભૂતમાત્ર દ્વારા વ્યકત થયા કરતું તેનું ચેતન કારણ હાથ લાગે છે. તે प्राज्ञ છે, પ્રજ્ઞાનમૂર્તિ છે, સર્વજ્ઞ છે, અંતર્યામી છે; સર્વની અંદર રહેલી અને ત્યાંથી તે બધાને ચલાવનારી નિયામક શકિત છે; જગતની બધી જુદાઈનું મૂળ કારણ એ છે; તેથી તેમાંથી બધું નીપજે છે અને છેવટે ત્યાં જઈને લીન થાય છે.

૩

આ એક નવો ભાવ છે. અગાઉના બે પાદોમાં વર્તતા જીવ કરતાં તે જુદો પડે છે. અહીં આગળ જીવોની જુદાઈ મટી જઈ, તેમની મૂળ એકરૂપતા કે આત્મૈક્ય જોવા મળે છે. તેથી તે રીતે તેને નિરૂપવા માટે એને 'શિવ' ૬૦ અનેક નામે વર્ણવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષત્કારે તેને सर्वेश्वर, सर्वज्ञ, अन्तर्यामी, ઇ૦ નામે વર્ણવ્યો છે. ભૂતમાત્રનું પ્રભવસ્થાન અને તેનું લયસ્થાન પણ એ છે, એમ કહ્યું છે.

આ ત્રીજા પાદમાં જતાં સમજાતો આત્મા એ જ છે, જેને 'પરમાત્મા' 'પુરુષોત્તમ' 'પરમેશ્વર' વગેરે કહીને આપણે પૂજીએ છીએ, જેની સ્તુતિ કરીએ છીએ. આ પાદ ભક્તિનું આલંબન છે. ગીતાકાર આ જ વસ્તુ અ૦ ૭થી માંડીને ૧૫માં કહે છે. કવિઓએ આને જ સંબોધીને સ્તુતિગાન કર્યાં છે. જેમ કે, જુઓ ધ્રુવજી ભગવાનની સ્તુતિ ભાગવતમાં આમ કરે છે—

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्ताम्
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान् नमो भगवते पुरुषाय तस्मै ।।

[હે સર્વશક્તિમાન્! તમે મારા હૃદયમાં પ્રવેશ કરીને પોતાના તેજથી મારી સૂતેલી વાણીને જગાડો છો; મારા હાથ, પગ, કાન, ત્વચા વગેરે બીજી ઇંદ્રિયો અને પ્રાણોને સજીવન કરો છો. એવા હે ભગવન્! હું તમને નમસ્કાર કરું છું.]

નીચેની કડીઓમાં કવિ નિદ્રાવસ્થાને જ કારણમાં લઈને સ્તુતિ કરે છે—

નિદ્રા મહીં નહિ હતું તન-ભાન જ્યારે,
જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે;
તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરું રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરું રે.

૪

આ સંસાર કે પ્રપંચ નિદ્રાદશાએ શમે છે; ત્યાં લીન થાય છે. પણ બીજી રીતે કહીએ તો ત્યાંથી તે પ્રગટે છે. એટલે કે, તેનું બીજકારણ તે દશાએ જોવા મળે છે. તેથી તે સર્વેશ્વર છે; તે એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રષ્ટા છે. સંસાર કે જગતની દૃષ્ટિએ જોઈએ તો તેની ઉપાધિએ કરીને કહેવું પડે છે કે, ચેતન એવું એકમાત્ર જે આત્મતત્ત્વ કે મૂળ કારણ છે, તે આમ 'ઈશ્વર' કે 'શિવ' કે 'પુરુષોત્તમ' કે 'પરમાત્મા' તરીકે જોવા જાણવા અને અનુભવવા મળે છે. જગત કે 'इदं सर्वम्'ની સાપેક્ષતાએ કરીને એ કેવળ હસ્તી છે— અક્ષર કે બ્રહ્મ છે; તેને આ ત્રીજે પાદે સર્વેશ્વર સર્વજ્ઞ પદ લાધે છે. ત્યાં જઈને ભૂતમાત્ર બધાં વિરમે છે. તે સર્વનું પ્રભવ- તથા પ્રલય- સ્થાન છે. સર્વનું જીવન એ છે, સર્વનું બીજ એ છે. (ગીતા અ૦ ૭–૯, ૧૦.)

૫

છતાં આ પણ આત્મતત્ત્વની એક અવસ્થા જ છે. જગતની ઉપાધિએ કરીને તે પેદા થાય છે. તેથી આગળ વધી તે તત્ત્વ જોવું જોઈએ, કે જ્યાં એ નિરુપાધિક છે. સદા-પરિવર્તી સંસારની ગતિની જાગ્રત સ્વપ્નમાં પ્રતીત થતી હયાતી તરફથી વિચારતાં તેનું સ્થિતિરૂપ એવું મૂળ કારણ તેનો સર્વેશ્વર-સર્વજ્ઞ-અંતર્યામી આત્મા છે, એમ કહીએ છીએ. પરંતુ સંસારનો મૂળ પદાર્થ જાગ્રત-સ્વપ્નની બે દશાએ જણાતી આ ગતિ નથી. આ તેની ગતિ સાપેક્ષ છે. તેની અપેક્ષાએ, કોઈ સ્થિતિ રહેલી છે, તેની જ તુલના કે સાપેક્ષતામાં સંસાર સંસરતો કે ગતિરૂપ દેખાયા કરે છે. તેથી મૂળ હયાતી કે સત્તા તેની જ છે, એમ કહેવું પડે. આવી જે કેવળ, નિરુપાધિક હયાતી કે સત્તા યા અચલ સ્થિતિ, કે જે અ-ક્ષર, એકરૂપ, કદીય-ન-પરિવર્તી, એકાકાર બ્રહ્મ છે, તે બાજુથી વિચારીએ તો આ ત્રીજો પાદ તે अक्षरથી જુદો ગણાય. આ પાદ છે ભૂતમાત્રના પ્રભવ-અપ્યયનું મૂળ સ્થાન, તેમનું જીવન (जीवनं सर्वभूतानाम् ' – ગીતા અ૦ ૭–૯), તેમનો પ્રાણ કે અંતર્યામી. તેથી अ-क्षर એવી જે કેવળ સ્થિતિ કે હયાતી તેને ચોથો પાદ કહેવો ઘટે, અને તેની તુલનામાં સંસાર કે 'સર્વમ્'ના બીજસ્થાનને તેથી નિરાળો એવો ત્રીજો પાદ કહેવાનો થાય છે. તર્કથી આમ કહી શકાય; તો શબ્દોમાં એને ઉતારી શકાય. ઉપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષત્કાર એને ચતુર્થ પાદ કહે છે તે એટલા પૂરતું જ. બાકી તે કાંઈ તેની ચોથી ગણાય એવી અવસ્થા નથી, કેમ કે તે જ એનો મૂળ પાદ છે; એ જ આત્મા છે અને બીજું કાંઈ નથી. આ રૂપનું વર્ણન હવે પછીના મંત્રમાં ઉપનિષત્કાર આપે છે. અને એમ મંત્ર ૨ માં કરેલી 'આત્મા ચતુષ્પાદ છે'–એ પ્રતિજ્ઞા પૂરી કરે છે.

૮

ચતુષ્પાદ આત્મા

૧

ચતુષ્પાદ એવા આત્માના ત્રણ પાદ કે તેના અસલ સ્વરૂપને સમજવાને માટેના ક્રમિક વિચારનાં ત્રણ પગથિયાં જોયાં — જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ. તે ત્રણ સ્થાનોએ વિલસતો આત્મા અનુક્રમે વૈશ્વાનર, તૈજસ તથા પ્રાજ્ઞ કહેવાય છે. વિશ્વ કે આ દૃશ્ય જગતની તે તે અવસ્થાની ઉપાધિને લઈને આત્મા પરત્વે એ ફોડ પાડવામાં આવ્યો.

જીવનમાં આપણા આત્માની જે પ્રજ્ઞાન-લીલા છે, આ બધા વિશ્વના સંબંધમાં જે સંપ્રજ્ઞાન આપણને થાય છે, તે સમગ્રને આવરી લેતું તેનું શાસ્ત્રીય વર્ગીકરણ કરીને કહેવાયું કે, આત્માની એ ત્રણ દશા કે અવસ્થાઓ કે તેના ત્રણ પાદો કે પદ છે.

આ સંપ્રજ્ઞાન થાય છે તેને આત્મા જાણે છે એટલું જ નહિ, તેને ભોગવે છે કે માણે છે પણ, એમ કહેવાય. એ રીતે 'ભોગ'ની પરિભાષામાં પણ આત્મા તથા દૃશ્ય વિશ્વનું વર્ણન કરાય છે.

એટલે કે, આ સંપ્રજ્ઞાન ફક્ત જાણવું જ નથી; અર્થાત્ જોવું, સુણવું, સૂંઘવું ઇ૦ ઇંદ્રિયજ્ઞાન ફક્ત એટલે જ નથી થોભતું; જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણીએ તેને આપણે અંદર અંતઃકરણમાં માણીએ કે ભોગવીએ પણ છીએ. તેમાં આપણે આનંદનો અંશ પણ અનુભવીએ છીએ.

તેથી જ આત્મા દ્રષ્ટા જ નહીં, ज्ञाता અને भोक्ता પણ કહેવાય છે; અને તે જેને જુએ-જાણે-માણે છે, તેને दृश्य, ज्ञेय કે भोग्य પણ કહી શકીએ.

અને તેથી ઉપરની ત્રણ દશાઓમાં એક એવું જે દશ્ય કે ભોગ્ય કે જ્ઞેય, તે પણ ત્રણ જુદાં જુદાં નામે કહી બતાવ્યું છે:— 'વૈશ્વાનર'નો ભોગ તે સ્થૂલ; 'તૈજસ'નો ભોગ તે 'प्रविविक्त'; અને 'પ્રાજ્ઞ'નો ભોગ તે आनन्द. આત્મા વૈશ્વાનર તરીકે સ્થૂલભુક્ છે, તૈજસ તરીકે 'પ્રવિવિક્તભુક્' છે, અને પ્રાજ્ઞ તરીકે 'આનંદભુક્' છે.

એટલે કે, એકલા આત્માની જ ત્રણ અવસ્થા નથી; 'इदम् सर्वम्' એવું જે બ્રહ્માંડ કે જગત, જેને આત્મા જુએ-જાણે-માણે છે, તે 'सर्वम्'ની પણ ત્રણ અવસ્થા કે પાયરી છે — સ્થૂલ, પ્રવિવિક્ત, અને આનંદ.

તથા એ પણ સમજવાનું છે કે, જેમ ત્રણે અવસ્થા પામતાં છતાં તે પામતો દેખાતો આત્મા તો એક જ અપરિવર્તી છે, તેમ જ ત્રણ રૂપે सर्वम् ભણાતાં પમાતાં છતાં, ભોગ્ય વસ્તુ જુદી નથી. ચોથે સ્થાને તે પણ બ્રહ્મ જ છે. એટલે આત્મા પેઠે, 'इदम् सर्वम्' પણ चतुष्पाद છે, એમ કહો.

અથવા, ખરું કહીએ તો, આત્માનું આ ચતુષ્પાદપણું જે કહેવાય છે કે ગણાવાય છે, તેનું કારણ જ એ છે કે, इदम् सर्वम्નો વિચાર આત્મવિચારમાં અવિચ્છિન્ન અતૂટ જોડાઈને રહેલો છે. આત્માનું આ પ્રકારનું ચતુર્વિધ વ્યાકરણ કે તેવો પૃથગ્વિચાર જે સંભવે છે, તે इदम् सर्वम् કહેવાતા આ દશ્ય જગતની ઉપાધિને લીધે જ. મતલબ કે, બે સાવ નિરાળાં કોઈ તત્ત્વો કે પદાર્થોનું આ વિવેચન નથી; आत्मा અને इदम् सर्वम् એ બે પોતપોતાની સ્વસત્તાએ કરીને બે અલગ દ્વૈત તત્ત્વો કે વસ્તુઓ નથી. દેહ અને દેહી પેઠે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ અને તેની છાયા પેઠે, આ બે વચ્ચે અવિચ્છેદભાવનો સંબંધ રહેલો છે. 'ચતુષ્પાદ' શબ્દ વાપરીને, બે વચ્ચે આ જે અવિનાભાવ છે, તે બતાવવામાં આવ્યો છે. ચતુષ્પાદત્વ એકનું નહીં, બંનેનું છે. એ બે પદાર્થોનો ભેગો ખ્યાલ કરવામાંથી જ આ ચાર દશાનો ફોડ પાડીને વાત કરવી પડે છે. બાકી, ખરું જોતાં, અગાઉ મંત્ર ૨ માં આપણે જોયું તેમ, એ બંને એક જ બ્રહ્મ પદાર્થ છે — सर्वम् हि एतद् ब्रह्म; अयम् आत्मा ब्रह्म। (આ સર્વ, તેમ જ તું આત્મા, — બ્રહ્મ છો.) એમ એનું એકત્વ પ્રતિપાદન કરીને આગળ એ મંત્ર કહે છે કે, આત્મા ચતુષ્પાદ છે. એમાં એટલો ઉમેરો કરીને આપણે એ જ સમજવાનું છે કે, એથી જ કરીને, 'ઇદમ્ સર્વમ્' પણ ચતુષ્પાદ ગણી શકાય. ઢાલની એક બાજુ જોઈએ તો ચતુષ્પાદ આત્મા છે; તેની બીજી બાજુ જુઓ તો ત્રણ અવસ્થામાં પ્રસરેલું પ્રતીત થતું इदम् सर्वम् છે, કે જે ચોથે પગલે આત્માની સાથે એક બ્રહ્મરૂપ જ છે. અવ્યક્ત એવો આત્મા આ સર્વ એવા વ્યક્ત દ્વારા પ્રગટ થાય છે.

૨

ઉપરાંત, આટલે આવતાં એક બીજો વિચાર પણ સ્પષ્ટ સમજી લેવા જેવો છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણ દશા સામાન્ય રીતે દિવસના આપણા જાગતા અને ઊંઘતા સમયને લાગુ પડતી સમજીએ છીએ. અને એ ઠીક છે. પરંતુ એ શાસ્ત્રશુદ્ધ કે પૂરી સમજ નથી. આત્મા હરઘડી હરક્ષણ હાજરાહજૂર હોવાથી એની ત્રણે પૂર્વ દશાઓ — એટલે કે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એ ત્રણે તેનાં રૂપો પણ મોજૂદ રહેલાં છે. જ્યારે જેવો દેશકાળ, એટલે કે દૃશ્ય જોડેના ભોગનો સંબંધ, ત્યારે તેવું રૂપ પ્રગટે છે, એટલો જ એનો અર્થ.

આ બાબત જરા વધારે ફોડ પાડવા જેવી છે. આપણને એક સંપ્રજ્ઞાન થાય છે. શરૂમાં આપણને ઇંદ્રિય વાટે તે મળે છે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે સાત અંગવાળો, બહિષ્પ્રજ્ઞ એવો વૈશ્વાનર તેનાં ૧૯ મુખ વડે તેને ભોગવતો પ્રગટે છે. તે રીતે આત્માને આપણે વર્તી શકીએ છીએ.

હવે આગળ વિચારીએ. બહારનું જે સ્થૂલ છે, તેનું બાહ્યેંદ્રિયો વડે ગ્રહણ થયેલું સંપ્રજ્ઞાન પછી અંદર અંતઃકરણ પાસે પહોંચે છે. ત્યાં સૃષ્ટિ કે દૃશ્ય જગત સૂક્ષ્મ સ્મરણ રૂપે અંકિત થયેલા એવા પ્રવિવિક્ત રૂપે છે. સાત અંગવાળો, પણ હવે અંતઃપ્રજ્ઞ બનેલો એવો તૈજસ, એ જ તેનાં ૧૯ મુખ વડે, એ સંપ્રજ્ઞાનને સૂક્ષ્મ રીતે ભોગવતો પ્રગટે છે. આત્માને અહીં આપણે એ રૂપે વર્તી શકીએ છીએ.

આ સૂક્ષ્મ પ્રક્રિયા પણ જાગતાં જ થાય છે. છતાં શાસ્ત્રીય ભાષામાં તેનેય આત્માના બીજા પાદનું સ્વપ્નસ્થાન જ કહ્યું છે. (જુઓ મંત્ર–૪.) કારણ કે, હરેક સંપ્રજ્ઞાનના બીજા પગથિયા વેળા જે પ્રક્રિયા થાય છે તે, અને ઊંઘમાં સ્વપ્નું આવે ત્યારે અંતઃકરણમાં જે પ્રક્રિયા થાય છે તે બંને સૂક્ષ્મ અને માનસશાસ્ત્રની નજરે સરખી હોય છે.

મન બધી ઇંદ્રિયોનો રાજા કહેવાય છે. બધી ઇંદ્રિયોની સૂક્ષ્મ શક્તિ આપણી અંદર રહેલા એ અંતઃકરણમાં છે. તેથી જ સ્વપ્નમાં જ્યારે બાહ્ય ઇંદ્રિયો કામ નથી કરતી ત્યારે પણ બધી જાતનું પ્રજ્ઞાન — સાંભળવું, જોવું, ઇ૦ — મન વાટે આપણને થઈ શકે છે. જાણે જાગતા હોઈએ તેમ જ સ્વપ્નમાં બધી વાતો અનુભવાય છેં, કારણ કે, મન કે અંતઃકરણ એ બધું કામ દઈ શકે છે.

આ પ્રકારની શકિતવાળું મન પોતાનો વ્યાપાર બે રીતે કરે છે — ૧. ઇંદ્રિય વાટે દર્શન, શ્રવણ ઇ૦; ૨. તે સ્થૂલ ગ્રહણ અંદર જાય ત્યારે ત્યાં સ્મૃતિવૃત્તિ જાગીને સ્મરણ ઇ૦ દ્વારા આંતરગ્રહણ થાય છે. *

---

* શંકરાચાર્ય તેમના ભાષ્યમાં કહે છે, ‘दर्शनस्मरणे एव हि मनःस्पंदिते’ દર્શન અને સ્મરણ એ જ. મનનાં સ્પંદન છે : મનની વૃત્તિ આ બે કામ કરે છે. મનના એ બે ધર્મો છે. દર્શનના વિષયને દૃશ્ય કહેવાય છે, તેમ સ્મરણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગતા હોઈએ ત્યારે આ બંને ઓતપ્રોત બનીને ચાલે છે. એટલે કે, જાગરિત અને સ્વપ્ન બંને સ્થાનનો વેપાર ચાલુ છે; પોતપોતાને ક્રમે, આત્માના વૈશ્વાનર અને તૈજસ બંને પાદ મોજૂદ હોય છે.

૪

ઊંઘમાં સ્વપ્ન ચાલે ત્યારેય આ બંને સ્થાન ચાલે છે?— એવો સવાલ ઊઠશે. જાગતા હોઈએ ત્યારે, जागरित અને स्वप्न કહેવાતાં બંને સ્થાનનો મનોવ્યાપાર ચાલે છે, તેમ જ ઊંઘમાં સ્વપ્નું આવે છે તે વખતે પણ બંને સ્થાનો કામ કરતાં હોય છે?

આનો જવાબ 'હા' આપવો જોઈએ. ઊંઘમાં હોવાથી બાહ્ય ઇંદ્રિયો સૂતી છે: આંખ બંધ છે; કાન સાંભળતા નથી; હાથ અડકતા કે પકડતા નથી, વગેરે. એટલે કે, જાગતાં જેમ ઇંદ્રિયો કરે છે કે વર્તે છે, તેવું કામ કે વર્તન ઇંદ્રિયો કરતી નથી. કાંઈ નહીં તોય એટલું તો ચોકસ કે, ઇંદ્રિયો કામ કરતી હોય તોપણ આપણને જાગતાં જણાય છે તેમ તેની ખબર નથી પડતી. પણ તેથી એમ ન જ કહી શકાય કે ખબર નથી પડતી, માટે તેમ થતું જ નથી. સ્પર્શેન્દ્રિય ઇ૦ કર્મેન્દ્રિયો મરી નથી ગઈ. તેમાંની આંખ બંધ હોય; પણ કાન, નાક, ત્વચા

વિષયને જુદું નામ આપીએ, તો તેને સ્મર્ય કહેવાય. આ સ્મર્ય સૃષ્ટિ દૃશ્યથી અલગ નથી; કેવળ ઇંદ્રિયો દ્વારા ગ્રહણભેદને લઈને દૃશ્ય એ બાહ્ય છે અને સ્મર્ય એ આંતર છે, કારણ કે તેનું ગ્રહણ અંતઃકરણ વડે થાય છે.

આ જ ભેદ દ્રષ્ટા કે સ્મર્તા સુધી લઈ જઈએ તો બાહ્ય એવા વિશ્વને ગોચર કરતી વખતનું જે ચેતન તે વૈશ્વાનર, અને એ જ દૃશ્યને અંતરમાં સ્મર્ય રૂપે ગોચર કરતી વખતનું જે ચેતન તે સ્મર્તા કે તૈજસ. એક જ ભાવનો આવો ભેદ કરવાનું કારણ એ કે, વૈશ્વાનર બહિષ્પ્રજ્ઞ છે અને તૈજસ અંતઃપ્રજ્ઞ છે. અથવા એમ કહો કે, સંપ્રજ્ઞાનની પ્રક્રિયા સમજવા માટે, તર્કશુદ્ધ રીતે ગોઠવીને પ્રજ્ઞાનને તપાસવા માટે, આપણે ભાષામાં આંતર અને બાહ્ય બે ભાગ પાડીએ છીએ; અને એ જ ન્યાયે આગળ વધીને, તે બે ભાગને અનુલક્ષીને, એક આત્મતત્ત્વનેય એ મુજબ બે રૂપે વર્ણવીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇ૦ બંધ નથી.* અને સ્વપ્નમાં મન કામ કરે છે. તેથી સંભવ છે કે, કાન નાક ઇ૦ વાટે કાંઈનું કાંઈ સંચરતું રહેતું હોય કે જે ઊંઘને ગરબડ કરીને સ્વપ્નદશા જન્માવે. તે ઉપરાંત બાહ્ય જગતના કોઈ અનુભવ એવા ઉગ્ર અને બલવાન હોય કે સ્મૃતિવૃત્તિ દ્વારા, ઊંઘમાં છતાં, આપણને પજવે અને સ્વપ્નાં આણે. મતલબ કે, આપણને ખબર ન પડે, છતાં બાહ્ય ઇંદ્રિય સ્થૂલનો ભોગ કરતી હોય અને તે નિમિત્ત-કારણ બનીને પ્રવિવિક્ત એવી આંતર સૃષ્ટિમાં ચાલના આપે, કે જેને લઈને સ્વપ્ન પેદા થાય.

એટલે, સામાન્ય રીતે આપણે ભલે કહીએ કે, જાગતાં આપણે સ્થૂલનો ભોગ કરીએ છીએ ત્યારે સુષુપ્ત તો નથી જ હોતું, પણ શાસ્ત્રીય રીતે જેને પ્રવિવિક્ત ભોગનું સ્વપ્નસ્થાન કહ્યું તે તો હોય છે. અને ઊંઘમાં સ્વપ્નું જોતા હોઈએ ત્યારે પણ સ્વપ્નસ્થાનની પ્રક્રિયા ચાલે છે; પણ તેની ખબર તો જાગ્યે જ પડે છે. કેમ કે, ઊંઘને આશરે એ ચાલે છે, એટલે તે કાળે એ જણાય છે; પરંતુ જાગ્રત દશામાં તે નથી રહેતું. ઊંઘમાંથી જાગ્યે જાગ્રત દશામાં સ્મૃતિરૂપે એનું સંપ્રજ્ઞાન થાય છે. નિદ્રાનો ભાગ બનીને સ્વપ્ન ચાલતું હોઈ, એમ બને છે. સ્વપ્નું કેવળ આંતરિક ક્ષેત્રમાં —'ચિદાકાશ'માં સ્ફુરતી સ્મૃતિવૃત્તિનો સંસાર છે, કે જેનું સંપ્રજ્ઞાન જાગીએ ત્યારે જાગરિત સ્થાનની એક બીના તરીકે આપણને થાય છે. અને સ્વપ્નમાં થયેલું બધું જ જાગીએ ત્યારે ન પણ યાદ આવે એમ બને. આવી જ રીતે જાગતી દશામાં પણ બનતું જોવા મળે છે. 'દિવાસ્વપ્ન' એને કહે છે. અથવા એકાગ્ર ચિંતન, મનન કે નિદિધ્યાસન કરાતું હોય ત્યારે પણ જે પ્રક્રિયા ચાલે છે તે, આપણે જાગતાં છતાં, પ્રવિવિક્ત સૃષ્ટિનો જ વિહાર છે. એટલે કે, ઊંઘમાં

* આંખ બંધ હોવાથી તે કાન નાક ત્વચા ઇ૦ પેઠે, ઊંઘતાં જોવાનું કામ ન કરી શકે. તેથી ઊંઘમાં સ્વપ્ન 'જોઈએ' છીએ તે આંતર ઇન્દ્રિયથી. તેથી 'તૈજસ' ત્યાં છે એમ કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ स्वप्न-स्थान છે, તેમ જ જાગતાં પણ તે હોય છે, કે જેને ઉપનિષદકાર શાસ્ત્રીય રીતે વર્ણવે છે.

૫

આથી કરીને આત્માના ત્રણ પાદમાં વચલો સ્વપ્ન-સ્થાનનો પાદ ઉભયવર્તી છે --ઉભયા-ન્વયી છે. એક બાજુ તે બાહ્ય સંબંધવાળા જાગરિતને અને બીજી બાજુ તેના સદંતર અભાવરૂપ જે સુષુપ્ત-સ્થાન તેને સ્પર્શે છે. યોગશાસ્ત્ર ચિત્તની પાંચ વૃત્તિઓ ગણાવે છે તેની પરિભાષામાં આ સમજવાથી વધારે સ્પષ્ટતા થશે.

પાંચ વૃત્તિઓ કહી છે — પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, સ્મૃતિ અને નિદ્રા. તેમાં પ્રમાણ એ બાહ્ય પડેલા પ્રત્યક્ષને માટે કહી શકાય. એ એક છેડે રહેલી બાજુ થઈ. બીજે છેડે નિદ્રા છે કે જ્યાં બાકીની ચાર વૃત્તિનો અભાવ છે. એ બે વચ્ચેનું ત્રણ વૃત્તિઓનું રાજ્ય છે, તે જ ઉપનિષદની प्रविविक्त સૃષ્ટિનો વિષય છે.

વૃત્તિ પેદા થાય ત્યારે દ્રષ્ટા તેનું સારૂપ્ય પામે છે, વૃત્તિરૂપ બને છે, એમ યોગશાસ્ત્ર કહે છે. એટલે, બાહ્યને ગોચર કરતી વખતે દ્રષ્ટા વૃત્તિરૂપ બને તે જ વૈશ્વાનર. અને નિદ્રા વખતે દ્રષ્ટા તદ્રૂપ બને, તે જ પ્રાજ્ઞ. બાકી, ચિદાકાશની આંતર સૃષ્ટિમાં વિપર્યય, વિકલ્પ, અને સ્મૃતિની વૃત્તિઓ ઊઠ્યા કરે ત્યારે દ્રષ્ટા તદ્રૂપ બને તે જ તૈજસ.

૬

ઉપરની બાબત ટૂંકમાં ફરી બીજી ભાષામાં જોઈએ. મનના બે ધર્મ — બાહ્ય સ્થૂલનું ઇંદ્રિયો વડે દર્શન (એમાં શ્રવણ, ઘ્રાણ, સ્પર્શન ઇ૦ સમજી લેવું); અને આંતર સૂક્ષ્મનું અંદરની ઇંદ્રિય કે અંતઃકરણ વડે સ્મરણ. દર્શન વેળા બહાર-અને સ્મરણ વેળા અંદર જાગીએ છીએ. દર્શન અને સ્મરણ ઓતપ્રોત વણાઈને પરસ્પર-ભાવથી કામ કરે છે અને આપણો કુલ ચિત્તવ્યાપાર ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે નિદ્રા લઈએ. નિદ્રા પણ મનનો જ એક ધર્મ કે વૃત્તિ છે. તે વખતે મન નથી દર્શન કરતું કે નથી સ્મરણ કરતું. એટલે કે, તેના દેખાતા કે પ્રતીત થતા બે ભાવોનો તે વખતે અભાવ હોય છે. એક રીતે કહીએ તો, મન તે વખતે શરીરની જોડાજોડ ઊંઘી જાય છે — આરામ લે છે. તે ઊંઘે છે તેથી દૃશ્ય અને સ્મર્ય બંને સૃષ્ટિઓમાંથી કશું સ્ફુરતું નથી. જો જાગે તો બાહ્ય દશ્ય જોવા માંડે — એટલે કે, જાગૃત અવસ્થા થાય; જો ન જાગે અને સ્મર્ય (કે જે મનને વીંટળાયેલું અંદર પ્રવિવિક્ત રૂપે પડેલું છે,) કોઈ ને કોઈ કારણે સ્ફુરે, તો મન સ્વપ્ન જોવા માંડે; એટલે કે સ્વપ્નાવસ્થા થાય. બેમાંથી કાંઈ ન થાય અને જે સ્થિતિ આવે, તે નિદ્રા.

હવે વિચારીએ કે, નિદ્રા વખતે જીવન ક્યાં છે? મગજ, સ્નાયુઓ ઇ૦ ઊંઘે છે. જાગે છે — એટલે કે નિદ્રામાં પણ કામ કરે છે,— કેવળ હૃદય અને તેની જોડે ફેફસું; એટલે કે પ્રાણ ચાલે છે. ઊંઘતા અને મરેલા દેહમાં ફેર આટલો જ છે. તેથી જ ઊંઘતો ફરી જાગે છે. મતલબ કે, તેનું જીવનબીજ ચાલુ છે કે જે પાછું પાંગરે છે. આ જીવનબીજને પ્રાજ્ઞ કહ્યું છે. તે જ પરમેશ્વર છે. તેથી પ્રભુ હૃદયમાં રહે છે — આપણો પ્રાણનાથ છે, એમ ભાષા વાપરીને આપણે એ સર્વવ્યાપી શક્તિ એક સ્થાને હૃદયમાં રહે છે, એમ કહીએ છીએ. નિદ્રા વખતે કેવળ તે જ છે — વૈશ્વાનર કે તૈજસ નથી.

હવે વિચારો કે, જાગતાં આ સર્વજ્ઞ, સર્વેશ્વર કે અંતર્યામી એવા પ્રાજ્ઞનું શું? શું જાગતાં કેવળ વૈશ્વાનર અને તૈજસ જ કામ કરે છે? ના, એમ બનતું જ નથી. કેમ કે, જાગતી વખતે આપણે કેવળ દર્શન અને સ્મરણ જ નહીં, પરંતુ એ બે કામોને અંતે પ્રજ્ઞાનક્રિયા પણ કરીએ છીએ. સાદી ભાષામાં કહીએ તો, આપણે બાહ્ય ઇંદ્રિયો વડે જોઈ જાણીને અંતઃકરણમાં તેને મમળાવીએ છીએ — સ્મરણ કરીને તે બાબતનો ક્યાસ કાઢીએ છીએ; અને છેવટે આપણી પ્રજ્ઞા કે બુદ્ધિ વડે તે વિષે નિર્ણય પર પહોંચીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. आ त्रीजी क्रिया ए तर्कशक्ति के मननो व्यापार नथी, बुद्धिशक्ति के प्रज्ञानो छे. एनुं स्थान त्रीजूं छे, अने त्यारे खरुं जोतां प्राज्ञ काम करे छे.

એટલે, ખરું જોતાં, હરકોઈ સંપ્રજ્ઞાન વખતે ત્રણે અવસ્થામાં આપણો આત્મા વિહરે છે. છેવટે જ્ઞાન* થાય છે તે સર્વજ્ઞ સર્વેશ્વર એવા અંતર્યામી પ્રાજ્ઞને જ થાય છે. આપણે અજ્ઞાને કરીને અભિમાનથી માનીએ છીએ કે, આપણે જાણીએ છીએ કે બધું કરીએ છીએ. તેથી જ ભક્તે ગાયું કે, "હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે." તેથી જ ભક્તિ કીમતી બને છે; કેમ કે તે જીવથી જુદા જણાતા એવા સત્ત્વ શિવ ભણી તેને અભિમુખ કરે છે. અહીં પહોંચતાં જણાય છે કે, જીવ અને શિવ વચ્ચે તત્ત્વતઃ ભેદ કે જુદાઈ નથી.

પરંતુ માંડૂકયના ઋષિ કહે છે, પ્રાજ્ઞ પણ આત્માનું ત્રીજું સ્થાન કે પાદ જ છે; આત્માની ઓળખ માટેની એ એક નિશાની જ છે. આત્માની ત્રણ નિશાનીઓ પકડો, તો ચોથે પગલે એ કળી શકાય કે કલ્પાવાનો છે. અને જે પરમમાં પરમ અથવા આખરી ને ખરું જ્ઞાન જીવે મેળવવાનું છે, તે આ આત્મજ્ઞાન છે.

એ જગાએ જતાં આત્મા અને તેના ભોગરૂપ 'इदम् सर्वम्' એકત્વને પામે છે; અભેદ જોવા મળે છે. તે અભેદ વર્ણવતો આત્માનો

---

* ગીતાકાર કહે છે કે, સર્વ કર્મની આખર જ્ઞાન છે (અ૦ ૪-૩૩), તે અહીં યાદ કરવા જેવું છે. અને કર્મની વ્યાખ્યા એ કહે છે (અ૦ ૮-૩), ભૂતભાવનો ઉદ્ભવ કરનારું જે જીવનું વિસર્ગ-કાર્ય છે, એટલે કે તે જે પોતાની વિશેષ સૃષ્ટિ કે સર્ગ પેદા કરે છે, તે કર્મ છે. કર્મ એને બાંધે છે અને મુક્ત પણ કરી શકે છે, એમ કહે છે. આ કર્મનો વિસર્ગ મન દ્વારા દર્શન અને સ્મરણ વાટે ચાલે છે, જેની છેવટે જ્ઞાન રહેલું છે. આ જ્ઞાન મનથી નહીં પણ હૃદયથી થાય છે — અંતરમાં ઉદય થાય છે, કે જ્યાં સર્વજ્ઞ સર્વેશ્વર પ્રાજ્ઞ બેઠો છે. જ્ઞાનોદયની તે ઘડી પણ નિદ્રા જેવી જ છે. તેને યોગનિદ્રા કહો, અંતઃસ્ફુરણ કહો, પણ તેય નિદ્રાને જ મળતી આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથો પાદ છે. તેનું સ્વરૂપ હવે પછી ૭મા મંત્રમાં ખૂબ ચોકસ અને જોખીને વાપરેલા શબ્દો દ્વારા ઋષિ કહે છે. તે જગાએ જતાં આત્માનું પૂર્ણ સ્વરૂપ શું છે તે અવગત થાય છે: તે આત્મા છે, કે જે જાણવાનો છે.

૯

આત્માનું અસલ સ્વરૂપ

૧

જે એક અખંડ આત્માની પ્રતીતિ, ત્રણ કક્ષામાં પ્રગટ જોવા મળતા તેના ત્રણ પાદે કરીને થાય છે, તે ત્રણ પાદ સમજ્યા બાદ, તેનું ખરું કે મૂળ સ્વરૂપ હવે કલ્પી શકાશે.

આ સર્વ દૃશ્યની અપેક્ષાએ જણાતા ત્રણ પાદનાં જુદાં જુદાં લક્ષણોને લઈને, वैश्वानर, तैजस, तथा प्राज्ञ એવાં નામોના ભેદો દ્વારા વર્ણવાતો આત્મા તે ભેદોમાં છે, પણ ભેદોમાંનો એકે તે નથી; તે બધામાં છતાં તેમની પાર એ છે. ભેદો વડે તેની સત્તા આપણને પરખાય છે એટલું જ.

તેથી, તે ત્રણે પાદ કે ભેદોમાંનું એકે લક્ષણ એનું છે એમ કહેવું અથવા તો એનું નથી એમે કહેવું, એ બરોબર નથી. મતલબ કે, પરમ એવા આત્માને કોઈ લક્ષણ વડે ઓળખી કે પકડી શકાય એમ નથી. કારણ કે, લક્ષણધારી એવા તેના ત્રણ પાદ જોયા; અને તેથી આગળ એકે એવી લક્ષણધારી કે સાકાર કે સોપાધિક સ્થિતિ કે ગતિ જાણવામાં કે જોવામાં કે કલ્પવામાં કે માણવામાં આવતી નથી કે બાકી રહેતી નથી, કે જે વિષે કાંઈ કહી શકીએ કે કહેવાનું રહે. એમ કહો કે, સાકાર સૃષ્ટિ કે સાકાર બ્રહ્મ કે ભાવ-સૃષ્ટિ કે શબ્દસૃષ્ટિ, જે કહો તે બધું ત્રણ પાદોમાં પૂરું થઈ જાય છે. વામનનાં ત્રણ પગલાં પેઠે જીવ આ ત્રણ પગલે આ વિરાટને – સમગ્ર સૃષ્ટિને માપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખે છે. તેમ થતાંની સાથે, તર્ક અને બુદ્ધિ ઉપરાંત શબ્દ કે વાચાનું કામ પણ પતી જાય છે. એટલે પહેલા ત્રણ પાદો દ્વારા ઓળખાતી છતાં તેમાંની એકે નહિ એવી નિરાકાર કે નિરુપાધિક યા વિલક્ષણ દશા તર્કાતીત, શબ્દાતીત, વાચાતીત બને છે.

૨

આમ હોવાથી, ચોથે પાદે વર્તાતા કે કલ્પનામાં આવતા આ આત્માને કોઈ શબ્દ વાપરીને વર્ણવી કેમ શકાય? કારણ કે, જો કોઈ શબ્દ વાપરો તો તે શબ્દનો અર્થ પહેલા ત્રણ પાદનો જ વિષય હોઈ શકે. કોઈ પણ શબ્દ વાપરીને ભાષામાં આપણે તે દ્વારા અમુક ચીજભાવ, અમુક પદાર્થ કે અમુક ગુણ કે અમુક ક્રિયા જ બતાવીએ છીએ. હવે જો આત્માને માટે કોઈ શબ્દ સમર્પક હોય, — તેને બરોબર બતાવી શકે, તો આત્મા તે ચીજ કે તે ગુણ કે તે ક્રિયા છે, એમ ઠરે. અને એમ હોય તો તે પહેલા ત્રણ પાદમાંનો જ કોઈ એક છે, એમ જ કહેવું પડે. અને તે તો એ નથી. એનાં એ ત્રણ નિશાન છે ખરાં, પણ નિશાન એ નિશાની જ છે. એટલે નિશાની વડે બતાવાતું તેનું મૂળ રૂપ વર્ણવવા શબ્દ નથી; તેથી આત્મા અનામી છે, અનિર્વચનીય છે, વગેરે રીતે તેને આપણે વર્ણવીએ છીએ.

અથવા તેને વર્ણવવાને માટે નેતિ નેતિ શબ્દ વાપરી શકીએ. જેમ કે, કોઈ માણસ આત્માને અંગે જાણવાને સારુ, અમુક સાકારતા-સૂચક શબ્દ વાપરીને પૂછે કે, 'તે આ છે? તે પેલું છે? તે અમુક છે? તે તમુક છે?' તો તે દરેકનો જવાબ એવો જ આપવો પડશે કે, "ના, ના; આત્મા તે ન હોય; આત્મા તે નથી! 'નેતિ નેતિ.'"

૩

આમ 'નેતિ નેતિ' કહેવાથી જવાબ આપવાનું આપણે ટાળીએ છીએ, એવું કદાચ લાગે. પણ તે બરોબર નથી. એ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાતો જવાબ જ સાચો અને શક્ય એટલો સંપૂર્ણ છે. એમાં પૂરી સમજ — માણસની પ્રજ્ઞાને જેવી ને જેટલી સંભવી શકે તેટલી બધી સમજ — રહી છે.

આવી સમજને જ ગીતા 'બુદ્ધિયોગ' કહે છે, અને તેનું વર્ણન અ૦ ૨ માં (શ્લોક ૩૯ થી માંડીને) તથા અ૦ ૧૦-૧૦ વગેરે સ્થાને કરે છે. અને કહે છે કે, એ પ્રજ્ઞા કે બુદ્ધિયોગની સમજવાળો પુરુષ 'शब्दब्रह्मातिवर्तते' – શબ્દસૃષ્ટિની પાર જતો રહે છે; એટલે કે, તે શબ્દબ્રહ્મ — અથવા તો તેને મળતો નવો શબ્દ બનાવીને કહું તો — અર્થ-બ્રહ્મ કે ભાવ-બ્રહ્મ એવું આ બ્રહ્માંડ છે, તેને આંટી જઈ શકે છે. આ બુદ્ધિ એવી છે કે જે 'અતીન્દ્રિયમ્' એવા એ અનામી, નિરાકાર, નિર્ગુણને પણ ગ્રહણ કરી શકે છે. (જુઓ ગીતા અ૦ ૬–૨૨ : बुद्धिग्राह्यम् अतीन्द्रियम्). એ બુદ્ધિયોગ ભક્તિથી મળે છે; તે જ્ઞાનદીપ વડે અજ્ઞાન-તિમિર ટળે છે. (ગીતા ૧૦–૧૦.)

૪

શબ્દ દ્વારા વાત કરવી હોય તો આત્મા વિષે આટલું બની શકે. બાકી આત્મા કાંઈ વર્ણનની વસ્તુ નથી; અનુભવની વસ્તુ છે, પોતે પોતાને જોવા જેવી 'અકલ કલા' એ છે. આ ઉપનિષદ અંતે કહે છે એમ, આ એવું પદ છે કે, આત્મા વડે આત્મા જાતે જ આત્માને પહોંચે છે! (મંત્ર ૧૨.) વર્ણનની વસ્તુ હોય તે તો શબ્દબદ્ધ કરી શકાય; શબ્દોથી તેને જાણી લેવાય. પણ આ તો 'શબ્દાતીત' છે; એટલે અવર્ણનીય એવી એ પરમ વસ્તુનું વર્ણન નકારવાચક શબ્દોથી જ કરવું હોય તો કરી શકાય. એટલે કે, બહુ બહુ તો, એનો ઈશારો આપવો હોય તો આપી શકાય; એ બતાવી તો ન જ શકાય. કેમ કે કોણ કોને બતાવે? આત્મા પોતે પોતાને બતાવે તો બતાવે છે, એમ કહી શકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા વિષે બતાવવાનું-જોવાનું કે બતાવી-જોઈ શકાય એવું બધું તો પહેલા ત્રણ પાદોમાં પૂરું થઈ ગયું! એ પછી જે પાદ કે પગલું આગળ વિચારતાં આવે છે તે ચોથું છે, એમ કહેવા ખાતર ભલે કહો; બાકી ખરું જોતાં ગણિતની રીતે કે વ્યવહારમાં ક્રમ તરીકે એ પાદ ચોથો નથી. કેમ કે, તો તો એમ પુછાય કે, પછી પાંચમું શું? છઠ્ઠું શું? વગેરે. પરંતુ એવો સવાલ અહીં નથી. એની પૂર્વે ત્રણ પગલાં કહ્યાં છે, તે પછી ગણવાનું કે વર્ણવવાનું કશું બાકી નથી રહેતું.

તેથી કરીને આત્માના પહેલાં કહેલા ત્રણના ક્રમનો કે તેમના જેવા ક્રમમાં ચોથો આવતો હોય એવો આ પાદ નથી. કોઈ એક જ વસ્તુને બરોબર નિહાળીને જોવા ત્રણ જગાઓએ જવું જોઈએ, અને તેમ કરીએ, તથા એ રીતે તેનું પૂર્ણ રૂપ કળી લેવા મથીએ, તેવું આ આત્માના રૂપનું છે: તેટલા પૂરતી જ આ ત્રણ પાદની વાત છે. તેથી વર્ણવવા ધારેલી મૂળ વસ્તુ ગણતરીમાં કાંઈ ચોથી ન બને. ત્રણ જગાએ જઈને જોતાં ત્રણ રીતે સાકાર જોવા મળતી ચીજ મૂળ એક જ છે અને તે જ મૂળે જોઈએ છીએ એટલું જ.

૫

એમ ત્રણે પાદે જઈને જોયા કે બતાવ્યા પછી હવે કહેવામાં આવે છે કે, એ ત્રણેને છોડીને, છતાં એ ત્રણ વડે સાકાર બનતું હોવાથી, ગણતરી પૂરતું કહીએ તો, જે તેમની આગળનું અને અંદર છતાં તેમની પાર રહેલું એવું, જે તેમનાથી નિરાળું છતાં તેમાંથી સમજાતું કે કલ્પી શકાતું એવું, તેથી જેને ચોથું કહીને વિચારી શકાય છે, તેને હવે કલ્પો.

૬

આ પ્રકારની દલીલ કરીને ઋષિ હવે આત્માનો ચોથો મનાતો કે ગણવા ખાતર ચોથો ગણાતો પાદ વર્ણવે છે. એમ આત્માના ચાર પાદ કહેવાનું પ્રકરણ માંડૂક્યકારે જે બીજા મંત્રથી શરૂ કરેલું, તેનો સમારોપ તે હવે કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ચોથો પાદ જે મનાય છે તે આ છે :—

नान्तःप्रज्ञं न बहिष्प्रज्ञं नोभयतःप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञम् । अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपंचोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ॥ ७ ॥

પદાર્થ

न = નહીં अन्तःप्रज्ञम् = અંતઃપ્રજ્ઞ, અંતર્મુખ न = નહીં बहिष्प्रज्ञम् = બહિષ્પ્રજ્ઞ, બહિર્મુખ न = નહીં उभयतःप्रज्ञम् = બહાર તથા અંદર – બંને તરફની પ્રજ્ઞાવાળો न = નહીં प्रज्ञानघनम् = પ્રજ્ઞાનઘન न = નહીં प्रज्ञम् = પ્રજ્ઞ, વિવિધ બધું જાણનાર, ચિદ્રૂપ, સર્વજ્ઞ न = નહીં अप्रज्ञम् = અપ્રજ્ઞ, બધું નહીં જાણનાર, અચેતન.

अदृष्टम् = અણદેખ્યો, અદશ્ય अव्यवहार्यम् = વ્યવહારમાં ન આણી શકાય – જેની જોડે વ્યવહાર ન પાડી શકાય એવો अग्राह्यम् = જેનું ગ્રહણ ન કરી શકાય એવો, અગોચર, અગમ્ય अलक्षणम् = કોઈ પણ લક્ષણ જેને નથી એવો, અલખ अचिन्त्यम् = મનમાં જેને વિચારી ન શકાય એવો अव्यपदेश्यम् = શબ્દ ૪૦ વડે જે બતાવી ન ન શકાય — ઓળખાવી ન શકાય એવો, શબ્દાતીત, અવર્ણ્ય एकात्मप्रत्ययसारम् = સર્વ કાળે સર્વદા એક આત્મા જ છે એવી જે પ્રતીતિ કે અમૃતત્વનો અનુભવ છે તેના સારરૂપ; જેને લઈને એક અવિચ્છિન્ન આપાપણું આપણને પ્રતીત થાય છે, તેના મૂળ કારણ કે રહસ્યરૂપ प्रपंचोपशमम् = જ્યાં પ્રપંચનો ઉપશમ છે — પ્રપંચમાત્ર મટી ગયો છે, આ ભવસંસાર લોપ પામી જાય છે એવો शान्तम् = શાંત, ભવસાગરનાં મોજાં જ્યાં છે જ નહીં એવી — કોઈ પણ વૃત્તિથી રહિત એવી, જ્યાં ચિત્ત લય પામી ગયું છે એવી સ્થિતિવાળો शिवम् = શિવ, જ્યાં સુખદુઃખના પલટા નથી, કેવળ આનંદ કે હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સુખ સુખ જ હોય એવી એક અવિકારી સ્થિતિવાળો अद्वतम् = અદ્વૈત, જયાં અન્ય કાંઈ જ નથી, જયાં અન્યત્વનો જ લોપ છે એવી સ્થિતિવાળો चतुर्थम् = ચોથો (પાદ) मन्यन्ते = (લોકો) માને છે सः = તે आत्मा = આત્મા (છે;) सः = તે विज्ञेयः = જેને વિશેષ કરીને જાણવાનો છે તે, જ્ઞેય.

અન્વય

(यम्) न अंतःप्रज्ञम्, न बहिष्प्रज्ञम्, न उभयतःप्रज्ञम्, न प्रज्ञान-घनम्, न प्रज्ञम्, न अप्रज्ञम् । (अतः यम्) अदृष्टम्, अव्यवहार्यम्, अग्राह्यम्, अलक्षणम्, अचिंत्यम्, अव्यपदेश्यम्, एकात्मप्रत्ययसारम्, प्रपंचोपशमम्, शांतम्, शिवम्, अद्वैतम्, चतुर्थम् (पादं) मन्यन्ते, सः आत्मा । सः विज्ञेयः ।।

અર્થ

(જે પાદ) અંતઃપ્રજ્ઞ નથી, બહિષ્પ્રજ્ઞ નથી, ઉભયતઃ-પ્રજ્ઞ નથી; (જે પાદ) પ્રજ્ઞાનઘન નથી, પ્રજ્ઞ નથી, (તેમ) અપ્રજ્ઞ (પણ) નથી; (આથી કરીને જે પાદ) અદષ્ટ છે, અવ્યવહાર્ય છે, અગ્રાહ્ય છે, અલક્ષણ છે, અચિંત્ય છે, અવર્ણ્ય છે; (જે આપણા પ્રજ્ઞાનમાત્રમાં સૂત્રરૂપે રહેલા) એકાત્મ-અનુભવના સારરૂપ છે; જયાં (પ્રથમ ત્રણ પાદોમાં થતા પ્રત્યયરૂપ) પ્રપંચ વિરામ પામે છે; (એટલે,) જે શાંત છે, શિવ છે, અદ્વૈત છે; (એવો જે) ચોથો (પાદ) મનાય છે, તે આત્મા છે. (જીવે) તેને જાણવાનો છે — તે વિજ્ઞેય છે.

[આ પ્રકારે માંડૂકયના ઋષિ આત્માના ચાર પાદો વર્ણવવાનું પૂરું કરે છે. તે કહે છે, 'હે શિષ્ય, આત્માને ચતુષ્પાદ કહ્યો તે આ અર્થમાં તું સમજ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

સ્વાભાવિક રીતે શિષ્યને પૂછવાનું મન થશે કે, "હે મહારાજ, પહેલા ત્રણ પાદો તો સમજાય એવા છે. તે હું જોઈ-જાણી-માણી શકું છું. તેથી તેમનો અર્થ કે વસ્તુ હું પકડી શકું છું. તેવું આ ચોથે પાદે બનતું નથી.

"છતાં, આપ કહો છો તે પરથી એટલું તો ગળે ઊતરે છે કે, આ પકડી શકાતાં ત્રણ પગલાં પછી આત્મા વિષે આગળ વિચારવાને સારુ ચોથું પગલું આવે ખરું. પણ તે પગલું ક્યાં મુકાય, ક્યાં તે મૂકવું, તેની કોઈ ચોક્કસ ધરતી પકડાતી નથી! એથી કરીને તર્ક-યાત્રા કલ્પનાને જોરે કદાચ આગળ જાય, પણ સમજબુદ્ધિની યાત્રા તેની જોડે નથી ચાલતી; તે બુદ્ધિ અહીં થંભી જતી લાગે છે. ચોકસ પગલું આગળ ભરી શકાય છે એમ તો લાગે છે; – ભરવું જોઈએ, કેમ કે જિજ્ઞાસા તૃપ્ત નથી થતી; પણ તે ઊપડે તેની સાથે થંભી જાય છે, કેમ કે તે ક્યાં પડે છે તે દેખાતું નથી. અને તેમ છતાં તે જગા ચોકસ હોય એવા અર્થનો રણકો આપની વાણીમાં જોઉં છું. તે આપે વર્ણવીને કહ્યું તે મેં સાંભળ્યું; પણ પહેલાં ત્રણ પેઠે તે વર્ણન સરળ ગળે ઊતરતું નથી."

આ જાતનો સવાલ જરૂર થાય છે. તેનો જવાબ આ મંત્રમાં વાપરેલાં અનેક વિશેષણોમાં ઋષિએ કહ્યો છે.

૯

શિષ્યની આ ગૂંચવણ સાંભળી ગુરુ કહે છે —

"હે શિષ્ય, તારી વાત સાચી છે. આત્માના પ્રથમ ત્રણ પાદ જેવું સ્પષ્ટ અને સાકાર કે દૃષ્ટ અથવા વ્યવહારમાં વર્તી શકાય એવું આગળનું આ ચોથું પગલું નથી. પણ, અહીંયાં સમજવાનું કે ધ્યાનમાં લેવાનું એ છે કે, તે પગલું એવું હોઈ પણ ન શકે; નહીં તો તેને ચોથું શું કામ કહીએ? તો તો એ પાદ પ્રથમ ત્રણમાંનો જ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ન ઠરે કે? કેમ કે, દૃષ્ટ કે સાકાર યા વ્યવહાર્ય એવું કશું જ એ ત્રણ પાદ બહાર છે–હતું કે હશે નહીં."

શિષ્ય — આપનું આ કહેવું તો સમજાય છે. પહેલા ત્રણ પાદથી સાવ નોખો પડતો તો એ હોવો જ જોઈએ, એમ અનુમાન કર્યા વગર છૂટકો નથી.

ગુરુ — "એટલે જ ઉપનિષદ એ વસ્તુ સાફ કહે છે કે, વૈશ્વાનર પેઠે તે પાદ બહિષ્પ્રજ્ઞ નથી; કે તૈજસ પેઠે તે અંતઃપ્રજ્ઞ નથી. અથવા તો બહાર અને અંદર બેઉ તરફ જેની પ્રજ્ઞા કામ કરે છે, તેવો ઉભયતઃપ્રજ્ઞ પણ એ પાદ નથી. એટલે, ચોથા પાદને, આ કારણે, ન પહેલો કે ન બીજો પાદ કહી શકાય. આટલી નકારવાચક સમજ તો તને સ્પષ્ટ થવી જોઈએ."

શિષ્ય — હે મહારાજ, 'બહિષ્પ્રજ્ઞ' કે 'અંતઃપ્રજ્ઞ' એ પદ તો આપે આગળ કહેલું. પણ 'ઉભયતઃપ્રજ્ઞ' એ નવો શબ્દ છે. તે પાદ નવો છે કે શું?

ગુરુ — "તારો પ્રશ્ન ઠીક છે. એ નવો પાદ નથી. પરંતુ પ્રથમ બે પાદ વચ્ચે અમુક એવી અવસ્થા હોય છે, કે જે બંને ભણીની ગણવી પડે. જેમ કે, સ્વપ્નમાં અંતઃપ્રજ્ઞ હોઈએ તેમાંથી જાગતાં બહિષ્પ્રજ્ઞ થઈએ, તે સંધિકાળ. અથવા તો દુનિયાની સામાન્ય ભાષામાં જાગતા હોવા છતાં, જ્યારે બહારથી પ્રજ્ઞાન પામી અંતરમાં તે વિષે અંતઃપ્રજ્ઞા વડે ચિંતનમનન કરીએ છીએ, અને વચ્ચે વચ્ચે બહારનું પ્રજ્ઞાન મેળવતા રહીએ છીએ અને પાછા તે વિષે અંદરથી પણ ચિંતવતા જઈએ છીએ, ત્યારે પણ — જાગતાં છતાં — આપણી ઉભય-ગતિ હોય છે. બલ્કે, આ ગતિ તો ખૂબ જ ચાલે છે. આ જાતનો પાદ પહેલાં બે કરતાં અલગ નથી, તેથી તેને નવો ન ગણતાં 'ઉભયતઃપ્રજ્ઞ' કહીને ભેગો જ વર્ણવ્યો છે."

શિષ્ય — સમજ્યો. એ વસ્તુ સ્પષ્ટ જોઈ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

ગુરુ — “હવે આગળ ચાલીએ. એમ સમજ કે, ચોથો પાદ ત્રીજો પ્રાજ્ઞ પાદ પણ નથી. એટલે કે, તે ‘પ્રજ્ઞાનઘન’ નથી.”

શિષ્ય — તો શું તે પ્રાજ્ઞ પેઠે ‘ચેતોમુખ’ પણ નથી? પ્રજ્ઞાન-રહિતતાની શૂન્ય કે જડ અચેત દશા એ છે? તો તો એ દશા ‘ઇદમ્ સર્વમ્’ એવા દશ્યમાં ન ખપે? તેને આત્માનો ચોથો પાદ કેમ કહેવાય?

ગુરુ — “આ પ્રશ્ન સ્થાને છે; એ બરોબર છે. ચોથો પાદ પહેલો ને બીજો નથી, એટલે દશ્યમાં તો કેમ જ ખપે? ઉપરાંત તે ત્રીજો પાદ પણ નથી. તેથી તે ‘પ્રજ્ઞ’ પણ ન ઠરે; પરંતુ તેથી તે ‘અપ્રજ્ઞ’ છે, એમેય નથી. માટે ઉપનિષદ કહે છે, તે નથી ‘પ્રજ્ઞ’ કે નથી ‘અપ્રજ્ઞ’. એટલે ત્રીજા પાદનો પ્રાજ્ઞ, સર્વજ્ઞ, સર્વેશ્વર, અંતર્યામી પણ અસલ આત્મા નથી. મતલબ કે, ત્રીજે પાદે તું જેમ એક સાકાર એવો — નિદ્રામાં પણ પ્રજ્ઞાનઘન બનેલો અને જગતની રીતે જોઈએ તો સર્વેશ્વર સર્વજ્ઞ અંતર્યામી કહેવાય, એવો જે એક અજોડ પરમ ભાવ પામી શકે છે, તે પણ આત્માનો આ ચોથો પાદ નથી; કેમ કે પ્રથમ બે પાદ પેઠે જ ત્રીજા પ્રાજ્ઞ પાદ જેવી પણ સાકારતા કે દૃષ્ટતા કે નિર્વચનીયતા કે ગોચરતા ચોથા પાદમાં નથી. જો તેમ હોય તો તેને ચોથો પાદ કેમ કહેવાય?”

શિષ્ય — હે મહારાજ, આ જ મારી ગૂંચવણ છે! જેને આપ ચતુષ્પાદ કહી વર્ણવો છો, તેના ત્રણ પાદ તો જોયા; — જોવાય, સમજાય કે વર્ણવાય એવા છે; વ્યવહારમાં પણ એ વર્તી શકાય એવા છે. તેથી તેમને મારી બુદ્ધિ બરોબર ગ્રહણ કરે છે; એટલે કે, એમનાં લક્ષણ હું પકડી લઈ શકું છું; અને આપ તે બતાવો, છો તેમ હું એ ત્રણેને જોઉં છું. મતલબ કે, તે પાદો બતાવી શકાય એવા છે. પરંતુ, આગળ વધી આપ જે ચોથો પાદ બતાવો છો, તે વર્તાતો નથી — દેખાતો નથી. અને જ્યારે આપ કહો છો કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા તો ખરેખરો આ ચોથો પાદ જ છે અને એ મારે જાણવાનું છે, ત્યારે તો મને એમ થાય છે કે, ત્યારે આ ત્રણ પાદ જે કહ્યા તે શું સાવ ફાલતુ વાત જ માનવાની? જે દેખાય છે તે ખરેખરો નથી, અને જે નથી દેખાતો તે જ ખરેખરો છે, એવી અટપટી વાત આ તો લાગે છે!

ગુરુ — "હે વત્સ, તારી મૂંઝવણ ઉઘાડી છે. પણ તું પગલે પગલે જો આગળ વધીશ, તો તેમાં કાંઈક સુધારો થશે. પહેલું તો એટલું માન કે, આત્મા ચતુષ્પાદ છે, એનો અર્થ આત્મ-પદાર્થ ત્રણ પાદ પૂરા સમજાયા બાદ સમજવાનો કે સમજી શકાય તો સમજાય એવો પદાર્થ છે. તેથી ઉપનિષદ કહે છે કે, ચોથો પાદ એ પહેલો કે બીજો કે ત્રીજો એકે નથી. તેથી કરીને તે ચતુષ્પાદ આત્મા, એના પહેલા ત્રણ પાદ પેઠે, दृष्ट, व्यवहार्य, ग्राह्य, स-लक्षण, चिंत्य, કે व्यपदेश्य નથી. એટલે તું કહે છે તે ખરું છે કે, ત્રણ પાદ પેઠે વર્તાય એવું કશું ચોથા પાદ માટે બતાવી શકાતું નથી. તેથી જ ઉપનિષદકાર એમ કહે છે કે, જો ચોથા પાદનું લક્ષણ કે ઓળખાણ આપવું હોય તો, એ લક્ષણોની અપેક્ષામાં નકારની ભાષા વાપરીને એમ કહીએ કે, તે अदृष्ट છે, अव्यवहार्य છે, अग्राह्य છે, अलक्षण છે, अचिंत्य છે, अव्यपदेश्य છે. મતલબ કે, જીવની સાધારણ પ્રજ્ઞાન-શક્તિનાં જે બધાં સાધનો કે કરણો કે ઇંદ્રિયો છે — મન, વચન કે કર્મ — તે કોઈ વડે તે ગોચર થઈ ન શકે; એ કોઈ વડે આપણાથી એની જોડે પાલાં પાડી શકાતાં નથી."

શિષ્ય — આ તો કબૂલ કરવું જોઈએ; આ મારા ખ્યાલમાં પણ આવ્યું. પણ મારી મૂંઝવણ અહીં જ શરૂ થાય છે — 'ત્યારે એને ચોથું કહીને અલગ કહેવાથી, સારાંશે, નક્કર ભાવાત્મક નીપજી શું રહ્યું? એ ચોથું चतुर्थम् કહ્યું એ શું? એનો અર્થ શો?' અને એમ શંકા ઊઠે છે ત્યારે, હવે આપ કહો છો તે પરથી, મને એમેય લાગે છે કે, એ શંકા વ્યર્થ છે, કેમ કે જે સાકાર નથી એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ સમજાવો છો, તે વિષે પછી મારાથી એમ તો કેમ જ પુછાય કે, એનો આકાર શો છે? છતાં, જો આત્માને સત્તા છે, તે એક સત્ય ભાવ છે — અરે! તે જ છે અને બીજું કાંઈ નહિ, એમ કહેવાય છે, — તો પછી તે चतुर्थ કહેવાતા પદાર્થ કે ભાવનું કાંઈ કે બોધન કે આકલન થઈ શકે કે નહીં? અને તે કેવી રીતે? આ મારી મૂંઝવણ છે.

ગુરુ — "તારી વાત સાચી છે. આત્મ-પદાર્થ સત્ય છે; એ કાંઈ નેતિ-નેતિ-વાચ્ય હોવા છતાં નકાર કે શૂન્યભાવ નથી જ. અને તેથી જ તે વિજ્ઞેય છે, એમ ઉપનિષદમાં કહ્યું છે. પણ તેનું સાધન ઇંદ્રિયો કે મન અથવા વાચા કે શબ્દ નથી; છતાં તે વિજ્ઞેય છે."

શિષ્ય — હે પ્રભુ, આપના આ શબ્દો મને શાંતિ આપે છે. કેમ કે જો જાણવા જેવું હોય તો એ જ છે, એમ તો જરૂર લાગે છે. 'આ બધું શું છે?' 'હું શું છું — કોણ છું?' 'આ જગત શું છે?' 'તેને કોણ ચલાવે છે?' — ઇ૦ પ્રશ્નો માનવીના મનમાં અચૂક ઊઠે જ છે. આ તેની મૂળ ગૂંચ કે અમૂંઝણ છે. આ ટાળવા કે ઉકેલવા કે સમજાવવા સારુ આપ પ્રયત્ન કરો છો. તેથી હું કેટલું શું પામી શકયો તે કહી જાઉં :—

આ ઉપનિષદે પહેલી વાત એ કરી કે, ત્રણ કાળમાં વર્તતું આ બધું सर्वम् અને તેની પારનું ત્રિકાલાતીત બધું ॐ છે (મંત્ર–૧).

અને ત્રણ કાળમાં પ્રતીત થતા ચિદાકાશમાં 'હું હું' કરીને ચાલતું જે એકધારું ચેતન સત્ત્વ જણાય છે, તે મૂળે આત્મા છે; અને આ આત્મા તથા પેલું सर्वम् બંને બ્રહ્મ છે (મંત્ર–૨).

એ જ મંત્રમાં આગળ કહ્યું કે, આ ચિદાકાશમાં એકરસ રહેલો જે આત્મા છે તે ચતુષ્પાદ — ચાર પાદધારી છે.

તેના ચાર પાદ કયા તે સમજાવતાં ત્રણ પાદ ગણાવ્યા — વૈશ્વાનર, તૈજસ અને પ્રાજ્ઞ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં વૈશ્વાનર અને તૈજસ રૂપના પાદના આત્મામાં હું મારાપણું જોઉં છું. પ્રાજ્ઞ સર્વેશ્વર વિષે તેમ જોવું એટલું સહેલું નથી; છતાં તે પાદમાં પણ હુંપણાનો ક્યાસ કરી શકું છું. અને મારું આ હુંપણું કેવળ કોઈ એક દશામાં જ નથી સમાતું. જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્ત એ ત્રણમાંનું કોઈ એક જ સ્થાન મારું નથી; એ ત્રણે સ્થાન મારાં છે, એમ પણ મને સમજાય છે. એટલે, 'હું કોણ' એ જાણવાનું તો પાછું ઊભું જ રહે છે! અને આપ કહો છો કે, તે જાણી શકાય છે, – તે 'चतुर्थ' છે – તે તું आत्मा છે!

મારા સવાલના જવાબ તરીકે તેમાં જવાબપણું છે એમેય હું કબૂલ કરું છું. એ સાંભળી એટલી શાંતિ મને જરૂર થાય છે કે, મારા મૂળ સવાલનો જવાબ તો એમાં છે જ કે, આત્મા કેવળ શૂન્યવાદ કે નકારવાદ યા નિર્વાણપદ નથી; આત્મા સત્ય છે, નિત્ય છે.

એટલે, એ સત્ય ભાવની પરખ પડે એવું હકારવાચક કાંઈક કહો, એમ મારી આપને પ્રાર્થના છે.

ગુરું — "જરૂર, એ કહું. તું જે ત્રણ સ્થાનોમાં પોતાપણું જુએ છે, એવું જે આત્મભાન છે, એવો જે एकात्मप्रत्यय તને થાય છે અથવા તો તારે કબૂલ કરવો જ પડે એમ છે, તેમાં જે નવું સ્થાન કે નવો પાદ હોવાનું રહેલું છે, એ કુલ વ્યવહારની 'इदं सर्वम्'ની આખી તારી અનુભૂતિનો સાર છે. આવો एकात्मप्रत्यय તું જરૂર એક નિરાળા ભાવરૂપે કે સ્વયંભૂ હયાતીરૂપે સમજી શકશે. એ ભાવ તે ચોથો પાદ છે. આ દશ્ય જગતમાં દૃષ્ટ એવા તારા કુલ વ્યવહાર કે પ્રપંચની અંદર, જાગ્રત સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણે અવસ્થામાં, તું અનુભવ લેતો વિચરે છે; તે બધી જે અનંત અનુભવોરૂપી મણકાની મણિમાળા છે, તેની અંદર સૂત્ર રૂપે તને જે એક પોતા-પણાની પ્રતીતિ થાય છે, એનો સાર આ ચોથો પાદ છે. અને એ આત્મા છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય — હે પ્રભુ, આ તો એક હકીકત જ થઈ. એ એકાત્મ-પ્રત્યયનો ઇન્કાર ન કરી શકાય; એનો અભાવ માની ન શકાય. તે વિષે વધુ મને કહો. તે મનમાં ઊતરતી વાત લાગે છે.

ગુરુ — “હે વત્સ, વિવિધ-પ્રજ્ઞાન-મણિમાળાના સૂત્રરૂપે રહેતી આ અનુભૂતિ સાક્ષાત્ છે. એ જ એક હકીકત છે. પણ બને છે એમ કે, પ્રપંચમાં જ્યારે જે અનુભૂતિ થાય ત્યારે તેવો હું છું, એમ આપણે રંગાઈ જઈ મોહમાં પડીએ છીએ. કેવળ સફેદ એવો પ્રકાશ જેમ જેવા-રંગી કાચ હોય તેવો જ દેખાય છે, અથવા આકારરહિત જળ જે પાત્રમાં હોય તેવા આકારનું બને છે, એવું જ આ પ્રપંચનો અનુભવ કરતા જીવનું થાય છે. પણ એ તો કેવળ તે તે ઉપાધિએ કરીને બને છે; કાંઈ જીવનો મૂળ સાર એ નથી. આમ થાય છે તેથી જ જીવ જીવ છે. પહેલાં ત્રણ સ્થાનો કે પાદો આવી ઉપાધિવાળી દશાઓ બતાવે છે. ત્યાં આ પ્રપંચ પૂરો થાય છે. ચોથો પાદ પ્રપંચોપશમ છે, એમ ઉપનિષદ કહે છે તે આથી કરીને. ત્યાં આગળ કેવળ एकात्मप्रत्ययसारની જ હયાતી છે. અગાઉના ત્રણ જુદા પ્રત્યયો ત્યાં નથી; એમનો પ્રપંચ ત્યાં શાંત થાય છે — ઉપશમ પામે છે.”

શિષ્ય — હે મહારાજ, આ તો ૧ + ૧ = ૨ જેવું જ મારે માનવું જોઈએ. હજી આ વાત આગળ કરો.

ગુરુ — “હે વત્સ, આટલું તું જુએ તો બાકીનું તો તું તરત જોશે. તે પાદે પ્રપંચ શમે, એટલે તે શાંત છે, એ ઉઘાડું છે. અને એમ ઉપનિષદ કહે છે.

“કેવળ શાંતિ, અવિચ્છિન્ન નિરપવાદ શાંતતા,— એટલે કે, અશાંતતા-માત્રનો નિતાંત અભાવ — એવો આ પાદ છે. એટલે પછી, પ્રપંચની સંસરતી રહેતી કાલ-ગતિમાં સતત જે સુખદુઃખ કે રાગદ્વેષ ઇ૦ દ્વંદ્વ-પ્રક્રિયાની લોલકગતિ અનુભવીએ છીએ, તે એ પાદમાં સંભવે નહીં. તેથી તે પાદ કેવળ શિવ છે; ત્યાં અશુભ, અસુખ માત્રનો નિતાંત અભાવ જ માનવો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આમ જ્યાં દ્વૈત જ નથી, પછી કોણ કોને શું કરે-કહે કે કરાવે-કહાવે? ત્યાં કર્તા, કર્મ અને ક્રિયા જેવું જ નથી રહેતું, કે જે ત્રિપુટીને લઈને આ પ્રપંચની અનંતતા અને અનેકતા જોઈએ છીએ. તેથી ઉપનિષદ આગળ अद्वैत વિશેષણ વાપરીને કહે છે કે, તે પાદ अद्वैत છે."

શિષ્ય — હે મહારાજ, આ કહો છો તે પરથી મને શું કે કેટલું હવે સમજાય છે તે કહી જાઉં.

સત્ કે હયાતી જેવી કોઈ વસ્તુ હોય, चित् કે પ્રજ્ઞાન યા ચેતના જેવો કોઈ અનુભવ હોય, અને સુખદુઃખ નહીં પણ કેવળ અવિરત શાંતિ કે નિર્ભેળ અતૂટ आनंद જેવી કોઈ ચીજ હોય, તો તે અહીં આ ચોથે પાદે તેની પરાકાષ્ઠા પામે છે!

વળી પ્રપંચ સત્ય છે કહેવા કરતાં एकात्मप्रत्ययसार સત્ય છે, प्रपंचोपशम સત્ય છે, એમ કહેવું એ વધારે ઉચિત છે.

સતત ડોલ્યા કરતી કે હિલોળતી રહેતી ચિત્તવૃત્તિને ચિત્ કે ચેતના માનવી, તેના કરતાં એ બધી લહરીઓમાં ડોલ્યા વિના શાંત રહેતી જે અડગતા છે, તે शांत ખરી ચિત્ છે એમ કહેવું, એ જ વધારે ઉચિત છે.

અને મનના રાગદ્વેષ ઇ૦ને લઈને સુખદુઃખ રૂપે દેખાતું ભાન એમાં આનંદ માનવો એ આનંદ નથી, પણ અડગ शांत જે છે તે જ આનંદમૂર્તિ છે — शिव છે એમ કહેવું, એ વધારે ઉચિત ગણાય.

એમ આત્મા આ જ એક પાદ છે. અને તે सच्चिदानंद છે, અદ્વૈત છે, એમ સ્વીકારવું જોઈએ. અને જરૂર, આ એક ચોક્કસ ભાવ છે; તે શૂન્ય નથી. ત્યાં પ્રપંચનો નિર્વાણ છે, પણ એ શૂન્યત્વ ન કહી શકાય.

તથા આ ચોક્કસ માનવા પડતા પરમ અદ્વૈત ભાવને ચોથો ક્રમ આપીને વાત કરવી પડે, એ પણ ઉઘાડું છે. મને લાગે છે કે, આત્મા ચતુષ્પાદ છે, એ વિધાનમાં ઊંડું રહસ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ — "હે વત્સ, તેં ઠીક કહ્યું· એ ચોથો પાદ સચ્ચિદાનંદ — સચ્ચિત્સુખ છે; તે પણ એની એક ઓળખ જ થઈ. પણ એ ચોથું સ્થાન છે એ કહેવા માત્ર છે, એ તારા ધ્યાનમાં આવ્યું? જો અદ્વૈત જ છે, एकमेवाद्वितीयम् સ્થાન જ સત્ય હકીકત છે, તો ત્યાં પહેલું, બીજું ઇ૦ ક્રમ શી રીતે સંભવે?"

શિષ્ય — શું તેથી કરીને ઉપનિષદ કહે છે કે, 'चोथो मनाय छे?'

ગુરુ — "બરોબર. રૂપિયો કલદાર છે. હવે તેને બતાવવા પાવલી લઈને ત્રણ ગણાવીએ; તે ત્રણે સ્થાને રૂપિયો નથી. રૂપિયો તો ચોથી પાવલી મૂકો તો અને ત્યારે જ થાય. એમ ત્યાં જ — ચોથે પગલે પાવલી નહીં, પણ રૂપિયો છે અને બીજે નથી. એટલે એ ઢબે ચોથો પાદ માનીએ તો ભલે; પરંતુ હકીકતમાં એ આપણે સમજવાને માટે યુક્તિ વાપરીએ છીએ એટલું જ."

શિષ્ય — એટલે આ ત્રણ અને ચાર પાદની વાત પણ પ્રપંચ કે વ્યવહારની અંદરનો વ્યપદેશ જ છે — બતાવવા ખાતર વાત કરવા પૂરતું જ છે, એમ ઠરે! અહોહો! આવો આત્મા તો કેમ કરતાં જણાય?

ગુરુ — "તે જાણી શકાય; જાણવો જોઈએ. 'सः विज्ञेयः'। ખરું જોતાં તો એ જાણવાનો છે એમ પણ નથી. કેમ કે, આપણે એને જ સતત જાણીએ છીએ — દરેક બોધમાં. બોધમાત્રમાં સારરૂપે આ આત્માનો જ બોધ થાય છે. અરે, એમ કહેવું એ પણ અધૂરી વાત છે. આત્મા એકમાત્ર છે અને બીજું કાંઈ નથી, ત્યાં પછી કોણ કોનો બોધ કરે કે કોને કરાવે? એ આત્મા કેવળ બ્રહ્મ જ છે એમ જે અગાઉ ઉપનિષદ કહે છે, તેનો આ અર્થ છે."

શિષ્ય — હે મહારાજ, ચોથો મનાતો ચતુષ્પાદ આત્મા આ રીતે બ્રહ્મ છે (મંત્ર ૨ – अयमात्मा ब्रह्म), એ હું સમજ્યો. તેવી જ રીતે આ બધું सर्वम् પણ એ જ આત્મા કે બ્રહ્મની લીલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઈને એ सर्वम् પણ બ્રહ્મ છે, એ પણ મને ખ્યાલમાં આવે છે. મંત્ર ૨ થી માંડેલું પ્રકરણ અહીં મંત્ર ૭ સુધીમાં આટલી વાત કરી ચૂકયું, એ મેં જોયું. હવે હું આગળ જતાં ઊઠતી મારી શંકા કે પરિપ્રશ્ન પૂછું છું :—

મંત્ર ૧માં કહ્યું કે, આ બધું इदम् सर्वम् કે વિશ્વ ૐ કે તેની વિસ્તાર-ગાથા કે વંશવેલો છે.

મંત્ર ૩ થી ૭ માં, આત્મા એટલે શું, તે પ્રકરણ ચાલ્યું. તેમાંથી મને એમ સમજાયું કે, આ બધું सर्वम् આત્માની પણ વિસ્તારગાથા કે સંતતિ છે. પ્રાજ્ઞ પાદમાંથી બધું જન્મ્યું છે. (મંત્ર –૬ एषः योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम्)

એટલે, એ બે ભેગાં વિચારતાં મને એવો સવાલ ઊઠે છે કે, તો પછી ૐ અને આત્મા બે એક જ કે શું? ૐ એક અક્ષરનું ઉપવ્યાખ્યાન આ सर्वम् છે. આ सर्वम् બ્રહ્મ છે અને આત્મા પણ બ્રહ્મ છે. તો પછી सर्वम् અને આત્મા બંને ૐનું ઉપવ્યાખ્યાન ઠરે કે નહીં?

ટૂંકમાં બ્રહ્મરૂપ આત્મા અને ૐકાર એક અક્ષર, એ બે વચ્ચે શો સંબંધ છે. તે હવે કહો.

ગુરુ — "હે વત્સ, તારો સવાલ સાચો છે. આત્મા એ જ એકમાત્ર અદ્વૈત સત્તા કે સત્ય છે અને બીજું કાંઈ નથી, તો આ ૐ શું? બે છૂટાં કહેવાયાં છે, તેથી શું તે બે જુદાં બને છે? જુદાં તો સંભવે નહીં, કેમ કે એથી તો પછી 'અદ્વૈત' કહેવાનો અર્થ ન રહે. એટલે એમ જ માનવું પડે કે, આત્મા અને ૐ વચ્ચે ફરક નથી; બંને એક જ અક્ષર કે બ્રહ્મ છે. હે શિષ્ય, તારી ગૂંચ આવા પ્રકારની જ છે ને?"

શિષ્ય — હાજી. આપે બરોબર મારી ગૂંચ પકડી. આત્મા અને ૐ વચ્ચેની એકતાની કડી મારા ધ્યાનમાં નથી આવી. આત્માના ચાર પાદ સમજતાંની સાથે, તેના ત્રણ પાદોમાં સમાઈ જતા सर्वम्ની જોડેની આત્માની કડી મને બંધ બેઠી. તે એમ કે, આ બધું सर्वम्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માનું ઉપવ્યાખ્યાન છે; એ બંને ચોથે પાદે બ્રહ્મરૂપે એકતાને પામે છે.

હવે જો આ બધું સર્વમ્ ૐનુંય ઉપવ્યાખ્યાન છે, તો તે શી રીતે, એ મારી શંકા છે, તે આપે ઠીક કહ્યું.

ગુરુ — "હે વત્સ, માંડૂક્યોપનિષત્કાર આ જ શંકાના નિવારણ માટે હવે આગળના મંત્ર ૮ માં નવી પ્રતિજ્ઞા કરે છે કે, આત્મા અને ૐકાર એક જ છે; અને તેનું વિવેચન પછીના ૪ મંત્રમાં કરીને તેના કુલ બાર મંત્ર દ્વારા આ ૐકાર-ઉપનિષદ સમાપ્ત કરે છે."

આમ સંવાદ-શૈલીમાં સાત મંત્રોનો અનુબંધ જોઈને, હવે ૐકારનું સ્વરૂપ સમજવા માટેનું પ્રકરણ શરૂ થાય છે, તે જોઈએ.

એ પ્રકરણ દ્વારા ઋષિ બીજી એક વસ્તુ પણ કહે છે કે, આવો આત્મા કે જે જાણવો છે, તે કઈ રીતે બને ? ઋષિ જવાબ આપે છે, ૐનું સ્વરૂપ જાણીને તે દ્વારા આત્મા જાણી શકાશે; કેમ કે આત્માનો યથાર્થ વાચક ૐકાર છે; આત્મા અને ૐકાર જુદા જ નથી.]

૧૦

આત્મા અને ૐકારની એકવાકયતા

[માત્રા અને પાદ]

સાતમા મંત્રમાં વર્ણવેલો ચતુષ્પાદ આત્મા ૐકાર છે, એમ હવે ઋષિ ૮મા મંત્રમાં જણાવે છે —

सोऽयमात्माध्यक्षरमोंकारोऽधिमात्रं पादा मात्रा मात्राश्च पादा अकार उकारो मकार इति ।।८।।

પદાર્થ

सः = તે अयम् = આ आत्मा = આત્મા अध्यक्षरम् = શબ્દ કે અક્ષરની રીતે જોતાં, અક્ષરને અનુલક્ષીને કહીએ તો ॐकारः = ૐકાર; अधिमात्रम् = અક્ષરની માત્રાઓની રીતે જોતાં, માત્રાઓને અનુલક્ષીને કહીએ તો पादाः = (આત્માના) પાદો मात्राः = માત્રાઓ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मात्राः = માત્રાઓ च = તથા पादाः = પાદો अकारः = અ અક્ષર કે ધ્વનિ उकारः = ઉ અક્ષર કે ધ્વનિ मकारः = મ અક્ષર કે ધ્વનિ इति = એમ, એ મુજબ, એટલે કે.

અન્વય

सः अयम् आत्मा अध्यक्षरम् ॐकारः; अधिमात्रम् (तस्य) पादाः मात्राः; मात्राः च अकारः उकारः मकारः इति पादाः (सन्ति)।

અર્થ

(ઉપરના મંત્રમાં કહેલો) તે આ આત્મા, અક્ષરને અનુલક્ષીને કહીએ તો ૐકાર (છે); (અક્ષરની) માત્રાઓને અનુલક્ષીને કહીએ તો (તેના) પાદ માત્રાઓ (છે); અને અકાર, ઉકાર, મકાર એ માત્રાઓ (છે, તે આત્માના) પાદો (સમાન છે).*

---

* ઉપરનો અન્વય બીજી રીતે નીચે મુજબ કહી શકાય:—

सः अयम् आत्मा अध्यक्षरम्, ॐकारः अधिमात्रम्। (अस्य आत्मनः) पादाः (ॐकारस्य) मात्राः। मात्राः च अकारः उकारः मकारः इति (ताः आत्मनः) पादाः (सन्ति)॥

અર્થમાં સારાંશે ફરક નથી. છતાં દલીલ જરા જુદી રીતે બેસે છે. अध्यक्षरम्, अधिमात्रम्, આ અન્વયમાં નામ છે; ઉપર લીધેલા અન્વયમાં તે અવ્યય છે. નામ તરીકે આ બે પદો તેમને મળતાં अध्यात्मम्, अधिभूतम्, अधिदैवतम्, अधियज्ञम् — પદો જેવાં છે. એ બધાં ગીતામાં (અ० ८–१ થી ४) આવે છે. ત્યાં अध्यक्षरम्, अधिमात्रम् નથી. પણ તેમાં મળતાં 'अधि०'— પદો પેઠે અર્થ કરીએ તો, अध्यक्षरम् = અક્ષરોમાં શ્રેષ્ઠ, અક્ષરમણિ; તથા अधिमात्रम् = માત્રાઓમાં શ્રેષ્ઠ, માત્રામણિ એવો અર્થ થાય. એટલે આ મંત્રનો અર્થ એમ બેસે કે, 'તે આ આત્મા અક્ષરમણિ છે. અને તેવી જ રીતે ૐકાર માત્રામણિ છે. હવે સમજો કે, તે આત્માના પાદો એ આ ૐકારની માત્રાઓ છે. ૐની માત્રાઓ અ, ઉ, મ છે, તે (આત્માના) પાદોને બરોબર મળતી આવે છે.'

જગતમાં બે વાત સમજવાની છે: १. જીવો રૂપી સનાતન કે અક્ષર તત્ત્વો છે તેમનો મણિ કે અર્કરૂપ અધ્યક્ષર તે આત્મા છે. २. શબ્દબ્રહ્મ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અત્યાર સુધી (મંત્ર ૨ થી શરૂ કરીને મંત્ર ૭ સુધી) આત્મ-પદાર્થ શું છે તે કહ્યું. પદ- કે નામ- ધારી એવા વિવિધ અર્થો કે ભાવો યા પદાર્થો કે વસ્તુઓ કે ક્રિયાઓ — કે જે વડે આ સંસારને કે આ બધું सर्वम् છે તેને ઓળખીએ છીએ અને એમ આપણે ઊંઘતાં જાગતાં અને સ્વપ્નમાં અનુભવીએ છીએ, — તે બધાને તપાસતાં, જે પરમ-અર્થ પરમ-ભાવ કે પરમ-પદાર્થ યા અસલ એક વસ્તુ મૂળે રહેલી જોવા મળે છે, તે आत्मा છે. આ બધું सर्वम् તેના પ્રથમ ત્રણ પાદોમાં સમાઈ જાય છે; ચોથે પાદે તે પોતે પોતા-રૂપે પોતાને જ પ્રત્યક્ષ થાય છે.

હવે આ આત્માને જો 'અધ્યક્ષરમ્' સમજવો હોય, — શબ્દો કે અક્ષરો દ્વારા વર્ણવવો હોય તો, આ મંત્રમાં કહેવાયું છે કે, તે રીતે તપાસતાં આત્મા ॐ છે.

એક બાજુ રૂપ કે આકાર યા સાકારતા જોતાં, अधिरूपम् તપાસતાં, આત્મા પરમ-ભાવ કે પરમ-પદાર્થ છે; તેમ જ બીજી બાજુ નામ કે શબ્દ યા અક્ષર દ્વારા તેની નિર્વચનીયતા જોતાં — अध्यक्षरम् કે अधिशब्दम् કે अधिवर्णम् તપાસતાં, આત્મા પરમ-શબ્દ કે પરમ-નામ કે પરમ-વર્ણ છે; અને તે પરમ શબ્દ કે વર્ણ કે નામ ॐ છે.

અને પરમ-ભાવ આત્મા તથા પરમ-શબ્દ ॐ વચ્ચે, — એટલે કે અર્થસૃષ્ટિ કે ભાવસૃષ્ટિના રહસ્યરૂપ આત્મા અને નામસૃષ્ટિ કે શબ્દ-સૃષ્ટિના રહસ્યરૂપ ૐકાર — એ બે વચ્ચે એવી એકતા કઈ રીતે છે,

---

અક્ષરનો જ વિસ્તાર છે. માત્ર જુદા પરિમાણમાં વાત કરીએ છીએ એટલું જ. તેથી જેમ આત્માને પાદ છે તેમ શબ્દબ્રહ્મનો વિસ્તાર માત્રાઓ વડે બને છે. આ માત્રાઓનો મણિ તે અધિમાત્રમ્ ૐકાર છે.

આમ, એક પરમ પદાર્થ તરીકે આત્મા અને પરમ માત્રા કે શબ્દ તરીકે ૐ, એવી બે સારભૂત વસ્તુઓ છે. આત્માને પાદ છે, તેમ ૐકારને માત્રા છે, જે અ, ઉ, મ છે. તે ત્રણ માત્રાઓ આત્માના ત્રણ પાદને બરોબર મળતી આવે છે. ચોથો ચતુષ્પાદ આત્મા, તેમ ચોથો અમાત્ર ૐકાર છે.

આ પ્રકારે પણ અન્વય તથા અર્થ કરાય, તોપણ બાધ નથી આવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આગળ બતાવે છે. ઉપનિષદ્કાર કહે છે કે, આત્માને જેમ પાદ છે, તેમ જ ૐકારને માત્રા છે, અને એકના પાદો તે બીજાની માત્રાઓ છે, એમ જુઓ.

બીજી રીતે કહીએ તો, રૂપસૃષ્ટિ પેઠે જો શબ્દ- કે નામ- સૃષ્ટિને છણીએ, તો આ બીજી સૃષ્ટિનો આખો વ્યાપ પણ ત્રણ પગલાંમાં પૂરો આવરી લઈ શકાય છે. અને અક્ષરોની સૃષ્ટિમાં એ ત્રણ પગલાં તે ૐકારની ત્રણ માત્રાઓ છે,—જે ત્રણ માત્રાઓ અકાર, ઉકાર અને મકાર છે.

નામસૃષ્ટિ વાચા- કે શબ્દ- બ્રહ્મનો વ્યાપ છે. આત્માની ત્રણે અવસ્થામાં જે જોવા જાણવા મળે છે, તે બધું શબ્દાતીત નથી; શબ્દસૃષ્ટિમાં પણ તે છે જ. તેનું વર્ણન કરવા વાચા સમર્થ છે. આ જે વાચારચિત માનવસૃષ્ટિ છે; તેનો આખરી કે ચરમ શબ્દ જો જોઈએ તો તે ૐકાર છે. અને જેમ વાચાનો ચરમ શબ્દ ૐકાર છે, તેમ જ આકાર કે દૃષ્ટિનો પેલો ચરમ ભાવ આત્મા છે; એટલે, તે ચરમ કે છેલ્લે પદે જઈને સમજતાં, સ્પષ્ટ થાય છે કે, તે બંને એક છે.

જેમ અક્ષરમણિ આત્મા તેનાં ત્રણ પાદ વડે આ સર્વને વ્યાપી લે છે, તેમ જ માત્રામણિ ૐકાર તેની ત્રણ માત્રા (अ उ म्) વડે એ જ સર્વને (શબ્દો દ્વારા) વ્યાપી લે છે. એક ૐકાર નામ-મણિ છે, બીજો आत्मा રૂપ-મણિ છે.

હવે જો નામ અને રૂપની હદ ત્રણ કક્ષાઓમાં વટાવી જઈએ, તો ચોથી કક્ષાએ કે ચોથે પગલે જે અચૂક અચલ અને અદ્વિતીય પદ કે ધામ યા સ્થિતિ કે અમાત્ર નિઃશબ્દતા પર પહોંચવાનું આવે છે, તેને રૂપ-દૃષ્ટિએ आत्मा કહો કે નામ-દૃષ્ટિએ ૐકાર કહો; પરંતુ તે બંને એક જ ब्रह्म તત્ત્વ છે, કે તેનાં બે પાસાં છે. વસ્તુતાએ એમાં જુદાઈ નથી. (જુઓ મંત્ર ૨.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કહીને શબ્દ કે વર્ણ યા ધ્વનિ કે ભાષાનો ઊંડો વિચાર કરીને ઉપનિષદ કહે છે કે, એ બધું શબ્દ-જગત્ 'માત્રા'ઓનો વ્યાપ છે; અક્ષરો અને તેમની બારાખડીનો ખેલ છે. તે મારફતે મનુષ્ય તેના ઇંદ્રિયગમ્ય કુલ અનુભવને ગૂંથીને મનુષ્યને માટે જ શક્ય એવો ભાષા-સંસાર રચે છે. એ સંસારમાં પણ બધું પરિવર્તી અને ગતિશીલ છે. તેમાં જે અ-પરિવર્તી, અ-ગતિશીલ અ-ક્ષર છે, તે કેવળ ૐ છે. ૐ ને બારાખડી નથી, તે કોઈ એક વર્ણ નથી. ભાષા કે વાચા બંધ થતાં, જીવનના પ્રતીકરૂપે સહજ સ્વયંભૂ સંભળાતો કે ચાલતો જે એકમાત્ર અનુભવ છે, તે દરેક પ્રાણીમાં જે પ્રાણ ચાલે છે તે છે. આ પ્રાણની ગતિ શ્વાસોચ્છ્વાસ વડે વર્તાય છે; તે શો અવાજ કાઢે છે? 'ઓહમ્' 'સોહમ્' જેમ તે આપણને સંભળાય છે.

આ ધ્વનિ જીવનનો સહજ સ્વયંભૂ આવિષ્કાર છે. તે આદિ શબ્દ છે. તે શબ્દમાત્રનું કારણ છે. 'भवाप्ययौ हि भूतानाम्' જેમ ઈશ્વર છે (જુઓ મંત્ર ૬), તેમ જ "भवाप्ययौ हि शब्दानाम् કે वर्णानाम्" આ ૐ છે. તેથી જ યોગસૂત્રકારે કહ્યું છે કે, ઈશ્વરનો વાચક ૐકાર કે પ્રણવ છે. (જુઓ પ્રથમપાદ, સૂત્ર ૨૭.).

આ પ્રણવ શબ્દને લખવા માટે જ 'ૐ' નિશાની કે સંજ્ઞા યા સંકેત યોજાયાં છે. મનુષ્યના પ્રાણનું, એટલે કે તેના જીવનનું, તેની ચેતનાનું, એટલે કે તેના આત્મરૂપનું એ વાચક છે. એથી જ એ આત્મા અને એને માટેનો વાચક ૐ એક જ છે. નામ અને રૂપમાં આ અવિચ્છિન્નભાવ છે જ, એ ઉઘાડું છે. આ ૐની અંદર અથી શરૂ થતી અને મએ પહોંચીને પૂરી થતી વર્ણમાળા સમાઈ જાય છે. વાચા-વીણાના સૂરોના પડદા 'અ'થી શરૂ થઈ 'મ'એ પૂરા થાય છે. અની પૂર્વે વાચાનો પ્રયત્ન નથી તેમ જ મથી હોઠ બિડાયે તેની પછી પ્રયત્ન નથી. વચ્ચે ઉ રહેલો છે કે જેનાથી ઊંચે વાચાનો પ્રયત્ન જતો નથી. એમ આ ત્રણ મૂળ પ્રયત્નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ સમન્વિત એક પ્રાણરૂપે મળીને 'ઓહમ્' 'સોહમ્' એમ ધ્વનિ સંભળાયા કરે છે. એમ પ્રાણ ચાલે છે તે વખતે અને ત્યાં આગળ માત્રાઓથી બનતી એવી વાચા નથી, પણ કેવળ પ્રાણ કે જીવન છે. એટલે કહો કે, વાચાના પ્રયત્નની શાંત કે પૂરી સહજશૂન્ય કે નિઃશબ્દ દશા છે. તે જગાએ પ્રાણનો એ સહજ ૐ શબ્દ જ છે, બીજી કોઈ માત્રા નથી; — જેમ ચતુર્થ પાદે આત્મામાં કોઈ બીજો ભાવ નથી, તેમ તે માત્રાતીત દશાએ અમાત્ર એવો ૐ જ છે.* તેથી આત્મા અને ૐકાર એક છે.

એમની ત્રણ પૂર્વ ગતિ કે દશા જોઈએ તોય આ સમાનતા કે એકરૂપતા વળી વધુ ઊંડી રહેલી જોવા મળે છે. આત્માની ત્રણ પૂર્વ ગતિ તે એના ત્રણ પાદ; તેમ જ ૐની ત્રણ માત્રાઓ છે. આ પાદ અને આ માત્રાઓ એકસમાન કેમ અને કેવી રીતે છે, તે એકે એકે હવે પછીના મંત્રમાં કહે છે.

આર્યપ્રજાએ યોજેલું ભાષાશાસ્ત્ર અને અનુભવેલું અધ્યાત્મ, આ રીતે, મળે છે. મનુષ્યપ્રાણીની ખાસિયત એ છે કે, તે વાચાલુ છે અને બીજું એ કે, તેને આત્મભાન થઈ શકે છે. આ બંને ગુણ તપાસતાં, ભાષા કે વાચા અને આત્મભાનનાં લક્ષણોને ઊંડે ઊતરીને તપાસવાનાં આવે છે. આ ઉપનિષદ તે કરે છે અને કહે છે કે, ભાષાનું મૂળ અને આત્મભાનનું મૂળ એક જ બ્રહ્મ છે, કે જે આત્મા છે, અને જેનો સહજ સ્વયંભૂ વાચક કે પ્રતીક ૐ છે.]

---

* મંત્ર ૭માં જે વિશેષણો આત્માને માટે વાપર્યાં છે, તે બધાં ૐ માટે વાપરી શકાય. તેમને વાણીની શબ્દસૃષ્ટિમાં લાગુ કરવાં જોઈએ એટલું જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

११

વૈશ્વાનર પાદ અને અકાર માત્રા

આત્માના ત્રણ પાદ અને ૐકારની ત્રણ માત્રાઓ સમાન છે, તે હવે એક એક પાદ લઈને ઋષિ આગળના (૯, ૧૦, ૧૧ એ) ત્રણ મંત્રોમાં સમજાવે છે. પ્રથમ પાદ વૈશ્વાનર કહે છે :—

जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमा मात्राप्तेरादिमत्त्वाद्वाप्नोति ह वै सर्वान् कामानादिश्च भवति य एवं वेद ॥ ९ ॥

પદાર્થ

जागरितस्थानः = જાગ્રત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો वैश्वानरः = વૈશ્વાનર, વિશ્વપુરુષ अकारः = અક્ષર અક્ષર કે ધ્વનિ प्रथमा = પહેલી मात्रा = (ૐકારની) માત્રા आप्तेः = વ્યાપ્તિ કે વ્યાપકતાને લઈને आदिमत्त्वात् = આદિમત્ત્વ – પહેલાપણું હોવાને લઈને वा = અથવા. आप्नोति = પ્રાપ્ત કરે છે, પામે છે, મેળવે છે ह वै = ખરેખર सर्वान् = બધા कामान् = કામો–કામનાઓ, ઇચ્છાઓને आदिः = શરૂનો, પ્રથમ च = અને भवति = થાય છે यः = જે एवम् = એમ वेद = જાણે છે.

અન્વય

जागरितस्थानः वैश्वानरः, आप्तेः आदिमत्त्वात् वा, प्रथमा मात्रा अकारः। यः एवं वेद (सः) सर्वान् कामान् आप्नोति ह वै, आदिः च भवति ॥

અર્થ

જાગ્રત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો વૈશ્વાનર (રૂપ આત્મા), (બંનેનાં સામાન્ય એવાં) વ્યાપ્તિ અથવા આદિમત્ત્વને લઈને, (ૐકારની) પ્રથમ માત્રા અકાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે એમ જાણે છે, તે ખરેખર બધા કામોને પામે છે અને પ્રથમ બને છે.

[સાક્ષાત્ કે ચક્ષુગમ્ય સાકારતા દ્વારા પમાતા જગતનું પરમ કે તુરીય રહસ્ય આત્મા છે; તેવી જ રીતે શ્રવણ-ગમ્ય એવા એ જ જગતનું શબ્દ દ્વારા પમાતું પરમ કે તુરીય રહસ્ય ૐકાર છે. આત્મા અખિલ સાકારતાનો સાર છે; તેમ ૐ અખિલ શબ્દસૃષ્ટિનો સાર છે. પહેલું રહસ્ય રૂપ કે દશ્યની સાકારતા પરત્વે છે; બીજું રહસ્ય નામ કે શ્રાવ્યના નાદ કે શબ્દ પરત્વે છે. એક જ એવા આ જગતરૂપી પ્રજ્ઞેય કે દશ્ય યા વ્યાખ્યેય પદાર્થનાં બે રીતનાં નિરૂપણો જ આ છે. તેથી, એ બેમાં જુદાઈ નથી વર્ણવી, પણ ૐકાર અને આત્માની આવી સમજથી એકરૂપતા કહી છે.

આ એકરૂપતા તેમનાં પાદો કે માત્રાઓમાં પણ રહેલી છે.

આત્માના ત્રણ પાદ ૐકારની ત્રણ માત્રાઓ છે, તે કેવળ કલ્પના કે ગોઠવણી જ નથી; એ વિધાન તર્કશુદ્ધ અને પ્રત્યક્ષ સમજી શકાય એવું છે.

પ્રથમ વૈશ્વાનર પાદ લઈ ઉપનિષદ કહે છે કે, તે અકાર માત્રા છે; કારણ કે પોતપોતાના ક્ષેત્રમાં જુઓ તો વૈશ્વાનર અને અકાર માત્રા બંનેની વ્યાપકતા અને બંનેનું પોતપોતાનું મહત્ત્વ સામાન્ય કે સરખું છે.

પહેલો પાદ વૈશ્વાનર અને પહેલી માત્રા અકારમાં સમાનતા એ છે કે, પોતપોતાના સ્થાને બંને સરખાં વ્યાપક છે અને સૌથી પ્રથમ છે. જાગ્રત સ્થાન બધાં સ્થાનોમાં પ્રથમ છે અને તે સૌની મૂળ ભૂમિકા પેઠે તેઓમાં વ્યાપેલું છે. તેમ જ શબ્દસૃષ્ટિમાં સૌથી પ્રથમ ધ્વનિ અકાર છે અને તે આખી સૃષ્ટિમાં સ્વર તરીકે વ્યાપેલો છે. આથી કરીને પાદ અને માત્રા વચ્ચેની તુલના કરીને કહેવાય છે કે, પહેલો પાદ અને પહેલી માત્રા સમાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમજ જેને લાધે, તે જાગ્રતમાં અનુભવાતા બધા કામોનો તાગ પામી જશે; એટલે તે વ્યવહારમાં અગ્રસર બનશે. કેમ કે, તે દૃશ્ય વ્યવહારનું રહસ્ય પામી ગયો. નામ અને રૂપ દ્વારા ચાલતી જાગ્રત દશામાં તે ગૂંચવાતો નથી.

આ દશાનો વિસ્તાર જુદી જુદી કામનાઓ પ્રગટવાને રૂપે છે. તેના સંગથી ભોગવવાની ઇચ્છા કે કામના જાગે છે. તે વિસ્તારનો સાર એક આત્મા કે એક ૐકાર છે, એમ સમજનારો એ શબ્દબ્રહ્મ કે રૂપબ્રહ્મ કે काम-ब्रह्मથી ગૂંચવાતો નથી; તેમાં રહેલા એકમાત્ર ચેતનનો જ એ વ્યાપ છે, તેથી એ જ આદિ છે અને બાકી બધું તેનું રૂપાખ્યાન કે કેવળ પસારો છે, એમ તેને સમજાશે.

આ રીતે, જાગ્રતમાં જણાતા જગતનું આવું રહસ્ય જાણનારને શું ફળ મળે છે તે અંતે મંત્રમાં કહ્યું છે. તે જગતની કામનાઓનું હાર્દ પામી જઈને નિષ્કામ બનશે.

વાણીના પ્રયત્નમાં અકાર આદિ-પ્રયત્ન છે, એ સ્પષ્ટ છે. પ્રાણ સાવ ખૂટે અને બોલી ન શકાય ત્યારેય (હાંફ કે બીજી તેવી દશામાં) અકાર પ્રયત્ન થયા કરે છે.

એ પ્રયત્નનું સ્થાન વાગ્વીણાનો પહેલો પડદો છે. તે પેટમાં —લગભગ ડૂંટીએથી સ્ફુરનારો ધ્વનિ છે. બીજા બધા વર્ણોના પડદા મકાર સુધીમાં પૂરા થાય છે.

ઊંચામાં ઊંચો પડદો ઉકારનો છે તે પણ સહેજે જોઈ શકાય છે. અકાર અને ઉકારના બે પડદા વચ્ચે વ્યંજનમાળાના પ્રયત્નો ગોઠવાયેલા છે, કે જેનો અંત મકારથી થાય છે.

આમ ૐકારની ત્રણ માત્રાઓમાંથી પ્રથમ અકાર વર્ણવ્યા પછી બીજી માત્રા ઉકાર હવે પછીના મંત્રમાં વર્ણવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

તૈજસ પાદ અને ઉકાર માત્રા

આત્માનો બીજો પાદ સ્વપ્નમાં વિલસતો તૈજસ છે અને ૐકારની માત્રાઓમાં બીજી માત્રા ઉકાર છે. વૈશ્વાનર અને અકાર પેઠે આ બેઉ પણ સમાનધર્મી એક છે:—

स्वप्नस्थानस्तैजस उकारो द्वितीया मात्रोत्कर्षादुभयत्वाद्वोत्कर्षति ह वै ज्ञानसंततिं समानश्च भवति नास्याब्रह्मवित् कुले भवति य एवं वेद ।।१०।।

પદાર્થ

स्वप्नस्थानः = સ્વપ્નદશાના સ્થાન કે ક્ષેત્રવાળો तैजसः = તૈજસ, સ્વપ્નસૃષ્ટિનો સ્વામી કે ભોક્તા उकारः = ઉકાર અક્ષર કે ધ્વનિ द्वितीया = બીજી मात्रा = (ૐકારની) માત્રા उत्कर्षात् = ઉત્કર્ષ ગુણને લઈને, ઊંચે ઊઠવાને કારણે उभयत्वात् = ઉભયપણાને લઈને (જાગ્રત અને નિદ્રા, અકાર અને મકાર) બંને તરફ સંબંધ હોવાને લીધે वा = અથવા.

उत्कर्षति = ઉત્કર્ષ કરે છે, ઉછેરે છે, વૃદ્ધિ કરે છે ह वै = ખરેખર ज्ञानसंततिम् = જ્ઞાનની પરંપરાને, જ્ઞાનવિજ્ઞાનના વિસ્તારને समानः = સમાન, સરખો च = અને भवति = થાય છે; न = ના अस्य = એના कुले = કુલમાં, (શિષ્યો કે વિદ્યાર્થીઓના) પરિવારમાં अब्रह्मविद् = બ્રહ્મને નહિ જાણનાર, આ વિશ્વનું પરમ સત્ય બ્રહ્મ છે એમ નહિ સમજનાર भवति = થાય છે यः = જે एवम् = એમ वेद = જાણે છે.

અન્વય

स्वप्नस्थानः तैजसः, उत्कर्षात् उभयत्वात् वा, द्वितीया मात्रा उकारः। यः एवं वेद, (सः) ज्ञानसंततिम् उत्कर्षति ह वै, समानः च भवति; अस्य कुले अब्रह्मविद् न भवति ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ

સ્વપ્નદશાના સ્થાન કે ક્ષેત્રવાળો તૈજસ (રૂપ આત્મા), (બંનેમાં સામાન્ય એવાં લક્ષણો) ઉત્કર્ષ અથવા ઉભયત્વને લઈને, (ૐકારની) બીજી માત્રા ઉકાર છે.

જે એમ જાણે છે તે ખરેખર જ્ઞાનસંતતિ ઊંચે ને ઊંચે લે છે — જ્ઞાનવૃદ્ધિ કર્યાં જ કરે છે, તથા (સર્વમાં સમતા જોતો) સમાન થાય છે. તેના કુલમાં કોઈ અબ્રહ્મવિદ નથી થતો.

[બીજો પાદ અને બીજી માત્રા એ બે વચ્ચે સમાનતા એ કારણે છે કે, બંનેમાં 'ઉત્કર્ષ' અને 'ઉભયત્વ'નું સરખું લક્ષણ જોવા મળે છે.

જાગ્રત દશામાં જે સંસ્કારો કે વૃત્તિઓ ચિત્તભૂમિમાં સ્મૃતિરૂપે ખચી રહે છે, તે સ્વપ્નદશામાં ઉત્કર્ષ પામે છે — પાછાં ઊઠે છે અને એક અવનવી તેજ-સૃષ્ટિ (સિનેમામાં જોવા મળે છે એવી જ રીતે) સરજે છે. આ દશા નિદ્રા કે સુષુપ્તિની દશાની અંદર સમાયેલી રહે છે. એમ, એક બાજુ જાગ્રત દશા તરફ અને બીજી બાજુ સુષુપ્ત દશા તરફ, — બંને બાજુ આ સ્વપ્નદશા સંબંધ ધરાવે છે.

હવે ઉકાર માત્રા જોઈએ. અકારમાત્રા વાચાના ઊગમસ્થાનેથી થતા પ્રયત્નનું ફળ છે. ઉકાર માત્રા તે પ્રયત્નને ઊંચે લેવાય, ત્યારે જન્મે છે. આમ अથી ઉત્કર્ષ પામતાં उ પ્રયત્ન થાય છે. તથા अ જે આદિ પ્રયત્ન છે અને म જે અંત્ય પ્રયત્ન છે તેમની વચ્ચે उકાર પ્રયત્ન હોઈને, તે બેઉ તરફ સંબંધ ધરાવે છે.

અહીંયાં ધ્યાન પર લેવાની મૂળ બાબત એ છે કે, વાચાતંત્ર પ્રાણગતિને આધીન છે; તેને આભારી છે. નાભિથી પ્રયત્ન શરૂ કરીને ઊંચે જતાં જતાં તેનો છેવટનો ઉત્કર્ષ થાય છે; નાભિથી अ અને મસ્તકના 'બ્રહ્મરંધ્ર'થી उ પ્રયત્ન થાય છે. પ્રાણ નાભિસ્થાનના મૂળ ઉચ્ચાર-ચક્રને પ્રેરીને ઉત્કર્ષ પામતાં પામતાં મસ્તકના ઉચ્ચતમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચારચક્ર સુધી જાય છે. વચ્ચે इकार પ્રયત્ન આવી જાય છે. એમ अ, इ, उ ત્રણ મૂળ સ્વરો છે.

આમ જે વાચાનો ઉત્કર્ષ છે, તેમાં વિદ્યાનો વ્યાપ આવી જાય છે. તેથી જ વાચા એ જ સરસ્વતી કે શારદા કે વિદ્યા દેવી છે, એમ આપણે માનીએ છીએ.

આ વ્યાપને જે જાણે, જે પામે, તેને વિદ્યાલાભ થાય જ. કેમ કે વિદ્યા એ વાણી કે ભાષા મારફતે આપણે ખીલવેલો સંસાર છે. મનુષ્ય જ એ પામી શકે છે, કારણ કે તેને વાચા છે. વાચાને માટે સંકેત યોજીને લખી – આલેખીને પણ તે કામમાં લે છે અને એમ જ્ઞાન કે વિદ્યાને ગ્રંથસ્થ સાહિત્ય રૂપે સંઘરી શકે છે.

આથી જ ઉપનિષત્કાર કહે છે કે, જેણે આ તૈજસ સમાન ઉકારનો મંત્ર જાણ્યો, તેની જ્ઞાનસંતતિ વધશે. પરિણામે એ સર્વમાં રહેલી સમાનતા જોતો થશે, અને એમ બ્રહ્મતત્ત્વના આકલન તરફ જશે. તેવાના કુલમાં — એટલે શિષ્યોના પરિવારમાં મૂળ બ્રહ્મતત્ત્વના આકલનપૂર્વક વિદ્યાભ્યાસ થતો હશે; તેથી તેમાંનો કોઈ બ્રહ્મનું નિરાકરણ – ઇનકાર નહીં કરે;* મૂળ એક બ્રહ્મની જ હસ્તી છે એવું તે જાણ્યા અને સમજ્યા વગર નહીં રહે. બધી વિદ્યાઓના વ્યાપનો તેમ જ સંસારચક્રનો મૂળ ઊગમ એક જ ભૂમિકામાંથી છે, એ તેની સમજમાં ઊતરશે.]

---

*'माहं ब्रह्म निराकुर्याम्, मा मा ब्रह्म निराकरोद्; अनिराकरणम् अस्तु, अनिराकरणं मेऽस्तु' । – केन० शांतिपाठ.

'— એ બ્રહ્મનો હું ઇનકાર ન કરું; તે બ્રહ્મને હું ન ભૂલું. (સામેથી) બ્રહ્મ મને ન ભૂલે – તરછોડે. એ પ્રમાણે (મારા તરફથી) બ્રહ્મનો ઇનકાર ન હો; એ બ્રહ્મ મારો ઇનકાર ન કરે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

પ્રાજ્ઞ પાદ અને મકાર માત્રા

આત્માનો ત્રીજો પાદ સુષુપ્તિ કે નિદ્રાની દશાએ જતાં જણાતો કે ઓળખાતો પ્રાજ્ઞ છે; અને ૐકારની માત્રાઓમાં ત્રીજી માત્રા મકાર છે. તે અગાઉનાં બે પાદો અને બે માત્રાઓ પેઠે, આ ત્રીજો પાદ પ્રાજ્ઞ અને ત્રીજી માત્રા મકાર પણ સમાનધર્મી એક છે, એમ નીચેનો ૧૧ મો મંત્ર કહે છે:

सुषुप्तस्थानः प्राज्ञो मकारस्तृतीया मात्रा मितेरपीतेर्वा मिनोति ह वा इदं सर्वमपीतिश्च भवति य एवं वेद ।।११।।

પદાર્થ

सुषुप्तस्थानः=સુષુપ્ત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો प्राज्ञः=પ્રાજ્ઞ, બધું જ જાણનારો, જીવનસ્વામી, સર્વેશ્વર मकारः = મકાર અક્ષર કે ધ્વનિ तृतीया = ત્રીજી मात्रा = (ૐકારની) માત્રા मितेः = મિતિ–માપ કે મર્યાદાને લઈને, અવધિને કારણે अपीतेः = 'અપીતિ' એટલે અપ્યય કે લય યા સંમિલનને લઈને, એકત્વ કે લયને કારણે वा = અથવા.

मिनोति = માપે છે, મર્યાદા પામે છે, તાગ મેળવે છે ह वै = ખરેખર इदम् = આ सर्वम् = બધું (દશ્ય) अपीति = અપ્યય, અંત, લય च = અને भवति = થાય છે यः = જે एवम् = એમ वेद = જાણે છે.

અન્વય

सुषुप्तस्थानः प्राज्ञः, मितेः अपीतेः वा, तृतीया मात्रा मकारः। यः एवं वेद, (सः) इदं सर्वं मिनोति ह वै अपीतिः च भवति।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ

સુષુપ્ત દશાના સ્થાન કે ક્ષેત્રવાળો પ્રાજ્ઞ (રૂપ આત્મા), (બંનેમાં સામાન્ય એવાં) મિતિ અથવા અપીતિને લઈને, (ૐકારની) ત્રીજી માત્રા મકાર છે.

જે એમ જાણે છે. તે, ખરેખર, આ સર્વને માપી લે છે તથા તેનો અપ્યય કે લયસ્થાન પણ બને છે.

[પ્રાજ્ઞ પાદનું સ્વરૂપ મંત્ર ૫, ૬ માં જોયું. સંસારનો प्रभव–ઉત્પત્તિ અને તેનો अप्यय–લય કે અંત એ બંને આ પાદમાંથી છે. જાગ્રત અને સ્વપ્ન બંને સૃષ્ટિનો વૈશ્વાનર અને તૈજસ પુરુષ પ્રાજ્ઞ-પાદે લય પામી શાંત થાય છે; અને પાછો નિદ્રાને અંતે એ બંનેનો સંભવ પણ ત્યાંથી જ થાય છે. (જુઓ મંત્ર ૬.)

આ 'प्रभव' અને 'अप्यय' માટે આ મંત્રમાં બીજા બે શબ્દો વાપર્યા છે — 'मिति' અને 'अपीति.' જાગ્રત અને સ્વપ્નમાં જણાતું આ બધું सर्वम् પ્રાજ્ઞ પાદમાં સમાઈ જાય છે; ત્યાં આગળ તેનું માપ નીકળી આવે છે — મર્યાદા આવી જાય છે.

એટલે, આમ જોતાં અમાપ એવો આત્મા તેને ત્રીજે પાદે, પ્રાજ્ઞ તરીકે માપ કે મિતિ ધારણ કરતો લાગે છે. એ માપ તેમાંથી જે 'પ્રભવ' થાય છે, તે જ છે. તેથી પ્રભવ કહો કે મિતિ કહો, ત્રીજે પાદે આત્માનું એ એક લક્ષણ છે.

'અપીતિ' એ 'અપ્યય' જ છે. (सं. अपि + इ ધાતુ પરથી બંને છે.) બેઉનો અર્થ છે 'તરફ જવું', '-માં મળવું–લીન થવું', 'લય પામવું કે એક થવું'.

આ વિવેચન ભાવો કે સાકાર પદાર્થોના ક્ષેત્રે થયું. હવે તેમને માટે વપરાતા વાચકોના વાચા- કે શબ્દ- ક્ષેત્રે જોતાં, મકાર પણ બંને લક્ષણો ધરાવે છે. વાચાનો સંસાર વ્યંજનો દ્વારા વ્યાપે છે. વ્યંજનોનું ક્ષેત્ર મુખનાં જુદાં જુદાં સ્થાનો છે. તેમનું માપ મકારથી આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. હોઠ પછી કોઈ ઉચ્ચાર-સ્થાન નથી. એમ મકારે પહોંચતાં શબ્દસૃષ્ટિના વ્યાપનું માપ કે અવધિ આવી રહે છે; તેનો પ્રભવ એટલામાં સમાઈ ગયો. તેથી પ્રાજ્ઞ પેઠે મકાર પણ મિતિ-ધારી છે: ભાવસૃષ્ટિનો વ્યાપ પ્રાજ્ઞમાં, તેમ જ શબ્દસૃષ્ટિનો વ્યાપ મકારમાં પોતપોતાનો પૂરો આકાર પામી રહે છે.

એ જ વસ્તુ બીજી રીતે કહીએ તો, તે આખો વ્યાપ ત્યાં 'अपीति' કે લય યા એકત્વને પામે છે એમેય કહેવાય. અને આગળ ચાલે ત્યારે પાછો તેમાંથી જ પ્રભવ પામે છે. આમ 'अपीति' લક્ષણ પણ પ્રાજ્ઞ અને મકાર બંનેનું છે.

એટલે, જે આ સમજે તે આ બધા 'सर्वम्'નો તાગ પામી જશે અને એ બધાનું તથ્ય એની સમજમાં ઊતરીને લીન થશે, એવી ફલશ્રુતિ કહી છે. એકીસાથે તે આ સંસારનો વિસ્તાર તેમ જ તેનો લય બંને એકમાં જ જોઈ લેશે. ભાષાક્ષેત્રે મકારની પાર અને ભાવક્ષેત્રે પ્રાજ્ઞની પાર તે સર્વમ્ નથી. તેથી આ બંને એક છે.

આમ કહીને, પોતાની ત્રણ માત્રાઓ ધારણ કરનારો ૐકાર પોતે હવે કેવો છે તે છેલ્લા ૧૨ મા મંત્રમાં કહીને આ ઉપનિષદ વિરામ પામે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ચતુર્થ આત્મા અને અમાત્ર ૐકાર

આમ ૐકારની ત્રણ માત્રાઓ સમજ્યા. ૐકારમાં તે માત્રાઓ છે, પણ માત્રાઓ ૐકાર નથી; તે તો તેમની પાર છે અને તેમને પોતામાં ધારણ કરે છે. એટલે આત્મા જેમ તેના ત્રણ પાદો પરત્વે છે, તેમ ૐકાર પણ તેની ત્રણ માત્રાઓની પાર જોવાનો છે. છેલ્લો મંત્ર આ કહે છે—

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपंचोपशमः शिवोऽद्वैत एव-मोंकार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद* ॥१२॥

પદાર્થ

अमात्रः = માત્રા-રહિત, માત્રાતીત, જે માત્રા નથી કે માત્રામાં આવી શકતો નથી એવો चतुर्थः = ચોથો (આત્મા) अव्यवहार्यः, प्रपंचोपशमः, शिवः, अद्वैतः એ — પદોના અર્થ માટે જુઓ મંત્ર ૭.

एवम् = એમ, એ પ્રકારે ॐकारः = ૐકાર आत्मा = આત્મા एव = જ.

संविशति = પ્રવેશે છે, – માં મળે છે आत्मना = આત્મા વડે, પોતા વડે, જાતે आत्मानम् = આત્માને, પોતાને – પોતાના મૂળ સત્ત્વને यः = જે एवम् = એમ वेद = જાણે છે.

અન્વય

अव्यवहार्यः प्रपंचोपशमः शिवः अद्वैतः चतुर्थः अमात्रः। एवम् ॐकारः आत्मा एव। यः एवं वेद (सः) आत्मना आत्मानम् संविशति ॥

---

* य एवं वेद બે વાર હોય એવો પાઠ પણ મળે છે. તેથી ઉપનિષદની પૂર્ણાહુતિનો ભાવ દેખાય છે; બાકી અર્થવૃદ્ધિ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ

અવ્યવહાર્ય, પ્રપંચોપશમ, શિવ, અદ્વૈત એવો જે ચતુર્થ આત્મા તે અમાત્ર છે. એ રીતે ૐકાર આત્મા જ છે. જે એમ જાણે છે, તે જાતે આત્મા થકી આત્મામાં મળે છે. (પોતે જ પોતામાં પ્રવેશ પામે છે — પોતે જ પોતાનો સાક્ષાત્કાર કરે છે).

[ૐકાર અકાર નથી, ઉકાર નથી અને મકાર પણ નથી; પરંતુ એ ત્રણે એની માત્રાઓ છે, એમ સ્પષ્ટ જોઈ શકાય છે. ૐ પોતે તો સહજ સ્વયંભૂ છે; તેથી તે માત્રાતીત કે અમાત્ર છે.

હવે ત્રણ પાદની દૃષ્ટિએ જુઓ તો આત્મા પણ તેના વૈશ્વાનર તૈજસ કે પ્રાજ્ઞ એ ત્રણ પાદમાંનો એક નથી, જોકે એ દરેક તેમાં છે. આત્મા તો એ ત્રણે પાદ કે અવસ્થાઓથી અતીત છે, જોકે તેનું પ્રજ્ઞાન એ ત્રણ પાદો દ્વારા પૃથક જોતાં થાય છે.

આમ ત્રિમાત્રઘન ૐકાર અને ત્રિપાદઘન આત્મા ત્રણ પાદ કે માત્રામાં જોવાતો કે જોઈ શકાતો હોવા છતાં, પોતે નિજ રૂપે કરીને પાદ કે માત્રાથી બહાર છે. એમ બંને એક છે એ સમજાય છે.

એટલે અક્ષર દૃષ્ટિએ જોતાં ૐકાર આત્મા છે (सोऽयमात्मा अध्यक्षरम् ॐकारः મંત્ર ૮), એ હવે સ્પષ્ટ થાય છે.

એમ ઉપનિષદે કરેલી મૂળ પ્રતિજ્ઞા પર પહોંચીએ છીએ કે, આ બધું सर्वम् ૐકાર છે; એ सर्वम् અને એનો દૃષ્ટા-જ્ઞાતા-ભોક્તા એવો આત્મા બંને બ્રહ્મ છે. એટલે આત્મા પણ ૐકાર જ છે, કે જેને આપણે ઓળખવાનો છે.

અને છેલ્લે મંત્રે પ્રતિજ્ઞા કરી કે, અમાત્ર જે ૐકાર છે તે જ આત્મા છે, એમ જે જાણે છે, તે આત્માને આત્મા વડે જ ઓળખી લેશે.

મતલબ કે, આત્માને જાણવાને માટેનો માર્ગ ૐકાર બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગાઉ આપણે જોયું કે, આત્માને સમજવામાં મૂળ ગૂંચ જ એ છે કે, અગોચર એવા ચતુર્થ પાદે વર્તાતા તેને પકડવો શી રીતે? એ જ મૂળ સવાલ રહેલો છે, એમ ગુરુ-શિષ્ય-સંવાદ-શૈલીમાં આપણે સમજ્યા છીએ. હવે એનો ઉત્તર મળે છે કે, ૐકાર એ પ્રણવ-મંત્ર દ્વારા આ બની શકે છે, એમ આ ઉપનિષદ અંતે, "આ જે જાણે તે જાણશે" – "આ જે જાણે તે જાણશે", એમ સૂચવીને, શાંતિપાઠનો અંતે ઉચ્ચાર કરીને વિરમે છે.]

શાંતિપાઠ

ॐ भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभिर्
व्यशेम देवहितं यदायुः ।।
भद्रं नो अपि वातय मनः ।।
ॐ शान्तिः शान्तिः शान्तिः

ૐ હે દેવો, યજ્ઞધર્મનું પાલન કરતા રહેનારા અમે કાનો વડે કલ્યાણ (કરનારી વસ્તુઓ) સાંભળીએ, આંખો વડે કલ્યાણ (કરનારી ચીજો) જોઈએ; અમારાં નીરોગ અને મજબૂત અંગો તથા શરીરો વડે તમારી સ્તુતિ કરતા કરતા, જે આયુષ (અમારે માટે તમે ઠરાવ્યું હોય) તેને, દેવોના હિતમાં — દેવપ્રીત્યર્થે અમે ભોગવીએ!

અમારા મનને પણ કલ્યાણ તરફની જ પ્રેરણા કર.

(હે દેવો, આમ અમે માગીએ છીએ; એ પ્રમાણે અમારો જીવનપથ કાપવાનો અમે સંકલ્પ કરીએ છીએ.)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસંહાર

ઉપનિષદ ગ્રંથો કોરી ફિલસૂફીના ઠૂંપણાના કેવળ શાસ્ત્રીય ગ્રંથો નથી; જોકે તેમાં તત્ત્વવિચાર મૂળે રહેલો છે. પરંતુ તે વિચાર જીવન-સાફલ્યની સાધનાને અર્થે તેના જીવંત અનુબંધમાં હોય છે. માનવ હૃદયની મૂળ જિજ્ઞાસાના કોઈ ને કોઈ ઊંડા પ્રશ્નને પકડીને તે પ્રકરણ ઉપાડે છે.

આ ઉપનિષદમાં પણ એમ જોવા મળે છે. ચોગરદમ વ્યાપેલું આ બધું સર્વમ્, જેમાં આપણું જીવન તેનાં પ્રજ્ઞાન કે વિવિધ જાણ રૂપે ઓતપ્રોત રહેલું છે, તે શું છે? — માનવજિજ્ઞાસાના આ સહજ પ્રશ્નને લઈને તે શરૂ કરે છે અને કહે છે કે, એ ૐકાર છે, એ બ્રહ્મ છે (સરખાવો — प्रज्ञानं ब्रह्म); અને તું જિજ્ઞાસુ પોતે પણ તે આત્મા છે (तत् त्वम् असि), તે મૂળરૂપે તું આત્મા એ જ બ્રહ્મ છે. એમ अयम् आत्मा ब्रह्म — એવું મહાવાક્ય આ ઉપનિષદ પોકારે છે; અને એ દ્વારા અદ્વૈત એવા સત્યની ઘોષણા કરે છે.

તેમ કહીને, તે સમજાવવાને માટે એ તત્ત્વવિચારમાં ઊતરે છે. અને હરેકને થતા પોતાપણાના આત્મભાનનું પૃથક્કરણ કરીને બતાવે છે કે, આત્માનુભવ ક્યાં રહેલો છે.

અને બીજી બાજુથી જીવનમાં પ્રાણરૂપે પ્રતીત થતા ૐકાર એવા સહજ, સ્વયંભૂ મૂળશબ્દને ઉપનિષદ રજૂ કરે છે અને કહે છે, "હે મનુષ્ય, તું જીવન છે; એ જીવનનું પ્રતીક પ્રાણ છે, કે જે ૐકાર રૂપે સંભળાય છે. તેનું પૃથક્કરણ કરતાં શ્રાવ્ય એવા આ 'सर्वम्'નો પણ તાગ મળે છે કે, ત્રણ માત્રાઓથી માપી શકાય એવી એ શ્રાવ્ય સૃષ્ટિમાં માત્રાઓ રૂપે રહેલો ૐકાર તે માત્રાઓ નથી, પણ અમાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કોની પેઠે? જેમ દશ્ય એવા આ 'सर्वम्'નો તાગ મળે છે કે, તારા અનુભવની ત્રણ અવસ્થાઓ રૂપી પાદ વડે પામી શકાય એવી એ દશ્ય સૃષ્ટિમાં પાદો કે અવસ્થાઓ રૂપે રહેલો આત્મા તે ત્રણ અવસ્થા કે પાદ નથી, પણ ચોથો એવો ચતુષ્પાદ કે अ-पाद છે.

આમ શ્રાવ્ય રૂપે सर्वम्ને જુઓ તો અમાત્ર એવો ૐકાર સત્ય છે; અને દશ્યરૂપે सर्वम्ને જુઓ તો અ-પાદ એવો આત્મા સત્ય છે. એથી આ સર્વમ્, આ તું આત્મા, અને શ્રાવ્યના પ્રાણરૂપ આ ૐકાર ત્રણે, તેમની મૂળ સત્તાએ કે સત્યે કરીને જોતાં, એક છે; કે જે અદ્વૈત ब्रह्म છે.

માનવ મૂળ જિજ્ઞાસાનો વિષય ટૂંકમાં આ છે; ઉપનિષદ એનો સાર આમ રજૂ કરે છે. એટલે મંત્ર ૭માં આત્માનું અસલ સ્વરૂપ વર્ણવીને અંતે કહ્યું કે, મનુષ્યે છેવટે જોતાં પોતાના જ પોતાપણાને પિછાનવાનું છે; જીવાત્માએ એના પોતાના આત્માને જ બરોબર જાણવાનો છે; —'सः विज्ञेयः' એ એવી એકમાત્ર મૂળ જિજ્ઞાસા કે જીવનનું કારણ છે. તેથી માનવ જીવન કે માનવ જિજ્ઞાસાનું રહસ્ય આ પુરુષાર્થમાં રહેલું છે. છેવટે જોતાં, મનુષ્યમાત્ર — જાણ્યે અજાણ્યે, સમજ્યે ના સમજ્યે, — આ જ કામમાં મથે છે; મૂળે તે પોતાના જ સ્વરૂપને જોવા મથે છે. યાજ્ઞવલ્કય ઋષિ બૃહદારણ્યક ઉપનિષદમાં કહે છે તેનો સાર આ જ છે[1] કે, આખરે જોતાં મનુષ્યનું મૂળ

---

૧. न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति, आत्मनस्तु कामाय पतिः प्रियो भवति। ज्यायायै०, पुत्राणां०, वित्तस्य०, ब्रह्मणः०, क्षत्रस्य०, लोकानां०, देवानां०, भूतानां०, सर्वस्य०। बृह० २.४.२–५॥

– અરે, પતિને કારણે પતિ પ્રિય નથી લાગતો, પરંતુ આત્માને કારણે પતિ પ્રિય લાગે છે. (એમ જ) પત્ની – પુત્રો – ધન – બ્રાહ્મણ – ક્ષત્રિય – લોકો – દેવો – ભૂતો – એ સર્વને માટે (સમજવું).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમસ્થાન કે પ્રેયસ્ આત્મા જ છે; તે અર્થે જ તે બાહ્ય એવાં બીજાં ત્રીજાં આલંબનોમાં ફાંફાં મારે છે.

આ જ વસ્તુને ગીતાકારે ભક્તિની ભાષામાં કહી કે[1], દરેક મનુષ્ય આખરે તો મારો જ ભક્ત છે, ચાહે તે એ સમજે કે ન સમજે, કહે કે ના કહે, માને કે ના માને; એમ એને દેખાય કે ન દેખાય. છેવટે જીવમાત્રની જીવનગતિ આ જ છે. મનુષ્યયોનિને માટે વિશેષ એ છે કે, તેણે આ જાણવું ઘટે; તો તેને પરમ સુખ, શાંતિ, મુક્તિ, શિવત્વ કે અમૃતત્વ મળશે. ઉપનિષદકાર સઃ વિજ્ઞેયઃ વાક્ય દ્વારા આ વસ્તુ કહે છે.

તો પછી સવાલ ઊઠે કે, તેવું આત્માનું વિજ્ઞાન શી રીતે થાય? આત્મા કેમ કરતાં મળે?

આનો જવાબ મંત્ર ૮ થી શરૂ કરીને મંત્ર ૧૨માં પૂરો કરે છે.

જવાબ એ છે કે, ૐકારનો અર્થ જાણવો જોઈએ. એ અર્થ તેની ત્રણ માત્રાઓ વડે કહ્યો અને છેવટે કહ્યું કે, ૐકાર અમાત્ર છે; એ જ આત્મ-પદાર્થનો વાચક — "प्रणव" છે; આ જે જાણશે તે આત્માને જાણશે, — એટલે કે, પોતે પોતાને જ જોશે. પોતાની ખોળમાં નીકળેલો છેવટે પોતામાં જ આવી રહેશે, અને એમ જોશે

---

૧. चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ।।७–१६।।

'— હે અર્જુન! ચાર પ્રકારના મનુષ્યો મને ભજે છે: દુઃખી, જિજ્ઞાસુ, કંઈ પ્રાપ્તિની ઇચ્છાવાળા અને જ્ઞાની.'

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयाऽन्विताः।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ।।
अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ।।९, २३-४।।

'— વળી હે કૌંતેય! જેઓ શ્રદ્ધાપૂર્વક બીજા દેવતાને ભજે છે, તેઓ પણ, ભલે વિધિ વિના છતાં (અજ્ઞાનમાં) મને જ ભજે છે; (કારણ) હું જ બધા યજ્ઞોનો ભોગવનારો સ્વામી છું. આવા મને તેઓ સાચે સ્વરૂપે નથી ઓળખતા. . .'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, सर्वम् એવા આ નામ- કે શબ્દ- બ્રહ્મના સારરૂપ ૐકાર અથવા તો सर्वम् એવા આ રૂપ- કે અર્થ- બ્રહ્મના સારરૂપ આત્મા બંને એક છે, અને પોતે જે દ્રષ્ટા–ભોક્તા કે શ્રોતા–જ્ઞાતા જેવો જણાય છે કે વર્તાય છે, તે પણ એ જ આત્મા છે. આ વસ્તુને ઉપનિષદકાર એવા શબ્દોમાં કહે છે કે, संविशति आत्मना आत्मानम् ।

માટે, આત્માને જાણવો હોય તો પ્રણવોપાસના કરો; ૐકારનો અર્થ સમજો. યોગસૂત્રકારે કહ્યું છે એમ, આત્મા કે ઈશનો વાચક પ્રણવ છે; तज्जपः तदर्थभावनम् — તેનો જપ કરો, અને તે દ્વારા તેનો જે અર્થ છે તેની ભાવના કર્યા કરો, તો એને પામશો.

ૐકારનો અર્થ આત્મા છે; ૐ જપ વડે એ આત્મતત્ત્વને સમજો કે, એ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓ, ભૂત, ભવત્ અને ભવિષ્યત્ એ ત્રણે કાળ, તેમ જ (વાણીજગત જોતાં અ, ઉ, અને મ દ્વારા આવરાઈ રહેતી વાણીની) ત્રણે માત્રાઓ — આ બધી ત્રિપુટીઓમાં રહેતાં છતાં, તે એમાંનું કાંઈ નથી; તે એમની પાર બિરાજતો એવો ચતુર્થ છે, અમાત્ર છે. વાણી કે કોઈ ક્રિયાના વ્યવહારમાં તે આવી શકતો નથી; ત્યાં એ બંને દ્વારા ચાલતો આ બધો પ્રપંચ શાંત થાય છે. ત્યાં કેવળ સુખ, કેવળ શિવ, કેવળ અદ્વૈતતા છે.

આમ ટૂંકમાં, ૐ વડે જગતના આખા દૃશ્ય કે ભોગ્ય કે શ્રાવ્ય વ્યવહારનો તાગ પામી શકાય છે; ફિલસૂફીનો નિચોડ એ એક પદ વડે મળી રહે છે; તેથી તે પરમ મંત્ર, પરમ શબ્દ છે. અરે! તે જ પરમ છે. કારણ કે, છેવટે સાધકને માટે — મનુષ્યને માટે ભક્તે ગાયું છે તે જ સાચું સાધન કે સાધના છે —

॥ नामको आधार तेरे नामको आधार ॥

એ નામ ૐ કેવી રીતે છે, જ્ઞાનવિજ્ઞાનના આખા વિસ્તારનો અર્ક બતાવી શકે એવી નિશાની કે એવું પદ હોઈને તેમાં એવી અર્થસૂચકતા કઈ રીતે છે, તેને આ ઉપનિષદ તર્ક અને યુક્તિ વડે બરાબર સમજાવે છે. તેથી જ આપણે શરૂમાં (જુઓ પા૦ ૫) જોઈ તેવી આ ઉપનિષદની સ્તુતિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આત્માને યાદ કરવા, આ ઉપનિષદના ભાવને ગૂંથીને, જે અમર ત્રિશ્લોકીની પ્રાતઃસ્મરણીય પ્રાર્થના શ્રી શંકરાચાર્યે રચી છે, તે ટાંકીને વિરમું છું —

प्रातः स्मरामि हृदि संस्फुरदात्मतत्त्वम्
सत्चित्सुखं परमहंस-गतिं तुरीयम्।
यत् स्वप्न-जागर-सुषुप्तमवैति नित्यम्
तद् ब्रह्म निष्कलमहं न च भूतसंघः॥

'સવારે ઊઠીને હું હૃદયમાં સ્ફુરિત થતા આત્મતત્ત્વનું સ્મરણ કરું છું. તે આત્મા સચ્ચિદાનંદ, પરમહંસોની અંતિમ ગતિ તથા ચતુર્થ અવસ્થારૂપ છે. તે જાગ્રત્ – સ્વપ્ન – સુષુપ્ત એ ત્રણે અવસ્થાઓને હંમેશ જાણે છે. એ જે શુદ્ધ બ્રહ્મ છે, તે હું છું — પંચભૂતથી બનેલ આ દેહ હું નથી.

प्रातर्भजामि मनसो वचसामगम्यम्
वाचो विभान्ति निखिला यदनुग्रहेण।
यन् 'नेति' 'नेति' वचनैर् निगमा अवोचुस्
तं देवदेवमजमच्युतमाहुरग्र्यम्॥

'જે મન અને વાણીને અગોચર છે, જેની કૃપાથી ચારે પ્રકારની વાણી પ્રગટે છે, તથા વેદો પણ જેનું વર્ણન 'આ નહીં, આ નહીં' એમ કહીને કરે છે, તેને સવારમાં હું ભજું છું. ઋષિઓએ તેને દેવોનો દેવ, અજન્મા, અચ્યુત, તથા સર્વનો આદિ કહ્યો છે.

प्रातर्नमामि तमसः परमर्कवर्णम्
पूर्णं सनातन-पदं पुरुषोत्तमाख्यम्।
यस्मिन् इदं जगदशेषमशेषमूर्तौ
रज्ज्वां भुजंगम इव प्रतिभासितं वै॥

'હું સવારમાં તે સનાતનપદને નમસ્કાર કરું છું, જે અંધકારથી પર છે, સૂર્ય સમાન છે, પૂર્ણ પુરુષોત્તમ નામથી ઓળખાય છે, તથા જેના અનંત સ્વરૂપની અંદર આ આખા જગતનો, રજ્જુમાં સર્પની જેમ, પ્રતિભાસ થઈ રહ્યો છે.'

ॐ शांतिः शांतिः शांतिः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડૂક્યોપનિષદ

ખંડ ૨

ગૌડપાદની કારિકાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપોદ્ઘાત

માંડૂક્ય ઉપનિષદ અને ગૌડપાદ-કારિકા

માંડૂક્ય ઉપનિષદ ૧૨ ગદ્ય મંત્રોનું ટૂંકું ઉપનિષદ છે. પરંતુ વેદાંત દર્શનનું તે મુખ્ય ઉપનિષદ ગણાય છે. ૧૦૮ ઉપનિષદો ઉપર ટીકા લખનાર ઉપનિષદ્-બ્રહ્મયોગી માંડૂક્યને 'સર્વવેદાંતસારિષ્ઠ'— સમગ્ર વેદાંતના ઉત્કૃષ્ટ સાર તરીકે ઓળખાવે છે.

આ ટૂંકા ઉપનિષદને આટલું પ્રાધાન્ય મળવાનાં બે કારણ જણાય છે. એક તો આ ઉપનિષદમાં સીધી સચોટ ભાષામાં વેદાંત દર્શનના અદ્વૈતવાદનું મહાન સત્ય 'अयमात्मा ब्रह्म' પ્રતિપાદિત કરીને, સર્વ પ્રપંચના ઉપશમરૂપ શાંત અદ્વૈત તત્ત્વને – તુરીયને – પરમ સત્યરૂપે જણાવવામાં આવ્યું છે; અને બીજું, સર્વ પ્રપંચમાંથી ઉપશમ પ્રાપ્ત કરવાના – પરમ તત્ત્વને પામવાના – ઉપાય તરીકે ૐકારની સાધનાની તેમાં સ્પષ્ટપણે રજૂઆત કરવામાં આવી છે.

વેદાંત અદ્વૈતવાદના (કદાચ) આદિ પુરસ્કર્તા ગૌડપાદ નામના સમર્થ આચાર્યે, તેથી જ, આ ઉપનિષદના આધારે ૨૧૫ 'કારિકાઓ'વાળો,* વેદાંતના અદ્વૈતવાદનું પ્રતિપાદન કરતો, પોતાનો ગ્રંથ ચાર પ્રકરણોમાં લખ્યો છે. તેમાંનું ૨૯ કારિકાઓવાળું પ્રથમ પ્રકરણ તો, માંડૂક્ય ઉપનિષદના છઠ્ઠા મંત્ર પછી ૧-૯ કારિકાઓ, ૭મા મંત્ર પછી ૧૦-૧૮ કારિકાઓ, ૧૧મા મંત્ર પછી ૧૯-૨૩

---

* કોઈ વિષયના અમુક અંશને કે વિશિષ્ટ સિદ્ધાંતને યાદ રાખી શકાય તે અર્થે શ્લોકરૂપે રજૂ કરાતી રચના 'કારિકા' કહેવાય છે. કારિકાઓનો હેતુ સૂત્રો જેવો જ હોય છે. 'कारिका तु स्वल्प-वृत्तौ बहोर् अर्थस्य सूचनी — હેમચંદ્ર૦. પણ સૂત્રો ગદ્યમાં હોય છે અને તેમાં વાક્ય પૂરું થવા માટે જરૂરી શબ્દ પણ, કાઢી નાખી શકાય તો, કાઢી નાખ્યા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારિકાઓ, અને ૧૨મા મંત્ર પછી ૨૪–૨૯ કારિકાઓ ઉમેરીને તેમણે લખ્યું હોવાથી, 'आगम प्रकरण' નામે જ ઓળખાય છે. મધ્વાચાર્ય (ઈ. સ. ૧૧૯૯–૧૨૭૪) તથા તેમના અનુયાયીઓ ૧૨ મંત્રો તથા ૨૯ કારિકાઓવાળા આખા આગમ-પ્રકરણને જ માંડૂક્યોપનિષદ તરીકે ઓળખાવે છે. પદ્મપુરાણ, હરિવંશ અને ગરુડપુરાણને પોતાના સમર્થનમાં ટાંકીને મધ્વાચાર્ય જણાવે છે કે, નારાયણની કૃપાથી વરુણે મંડૂક એટલે દેડકાના સ્વરૂપે માંડૂક્ય શ્રુતિના ૧૨ મંત્રોનું દર્શન કર્યું; અને પછી તેમાં આ બીજા (કારિકારૂપી) મંત્રો ઉમેર્યા. તે કારિકા-મંત્રોનું પણ સૃષ્ટિકર્તા બ્રહ્માએ પ્રથમ દર્શન કર્યું હતું.

રામાનુજાચાર્ય (ઈ. સ. ૧૦૫૫–૧૧૩૭) વેદાંતસૂત્ર ઉપરના (૧, ૧, ૧) ભાષ્યમાં પ્રથમ પ્રકરણની ૧૬મી કારિકાને શ્વેતાશ્વતર ઉપનિષદના મંત્ર સાથે 'શ્રુતિ' તરીકે ટાંકે છે. માંડૂક્ય ઉપનિષદના વિશિષ્ટાદ્વૈતી ટીકાકાર કૂરનારાયણ કારિકાઓને ઉપનિષદના ભાગરૂપે જ ગણાવે છે.

પરંતુ શંકરાચાર્ય વગેરે અદ્વૈતવાદીઓ કારિકાઓને ગૌડપાદાચાર્યની રચેલી જ માને છે, અને માંડૂક્ય ઉપનિષદના મંત્રોથી જુદી ગણે છે. આપણે પણ એમ જ માનીને ચાલીએ. અદ્વૈત વેદાંતના આ ગ્રંથ માટે અદ્વૈત વેદાંતીઓની પરંપરા જ સાચી ગણીએ તો ખોટું નથી.

પરંપરામાં ગૌડપાદનું સ્થાન

અદ્વૈત વેદાંતની પરંપરામાં ગૌડપાદનું સ્થાન નીચે પ્રમાણે જણાવાય છે:—

नारायणम् पद्मभुवम् वसिष्ठम्
शक्ति च तत्पुत्र-पराशरम् च ।
व्यासम् शुकम् गौडपादम् महान्तम्
गोविंद-योगींद्रम् अथास्य शिष्यम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीशंकराचार्यम् अथास्य पद्म-
पादम् च हस्तामलकम् च शिष्यम् ।
तम् त्रोटकम् वार्तिककारमन्यान्
अस्मद् गुरून् संततमानतोऽस्मि ।।

નારાયણ, બ્રહ્મા, વસિષ્ઠ, શક્તિ, તેમના પુત્ર પરાશર, વ્યાસ, શુક, મહાન ગૌડપાદ, ગોવિંદ-યોગીન્દ્ર, તેમના શિષ્ય શ્રી શંકરાચાર્ય, અને તેમના ચાર શિષ્યો – પદ્મપાદ, હસ્તામલક, ત્રોટક અને વાર્તિકકાર (સુરેશ્વર).

પ્રથમ ગુરુ નારાયણ પોતે છે. પછી શુક સુધી પિતા-પુત્રની પરંપરા આવે છે (વંશર્ષિ-પરંપરા); પણ તે બધાં પૌરાણિક નામો છે. પહેલવહેલું ઐતિહાસિક નામ ગૌડપાદનું છે. અને તેમની પછી અદ્વૈતાચાર્યોની ગુરુ-શિષ્ય પરંપરા આવે છે. અર્વાચીન કલિ-યુગમાં માનવ સંપ્રદાય તેમનાથી શરૂ થતો કહેવાય છે. અર્થાત્ અદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન પ્રવર્તાવનાર એ પ્રથમ માનવ આચાર્ય ગણાય.

આનંદગિરિ માંડૂક્યકારિકા-ભાષ્ય ઉપરની ટીકામાં જણાવે છે કે, ગૌડપાદ નર-નારાયણથી અધિષ્ઠિત એવા બદરિકાશ્રમમાં ભગવાનના ધ્યાન-ચિંતનમાં સમય ગાળતા હતા, ત્યારે તેમના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન નારાયણ પાસેથી તેમણે માંડૂક્ય ઉપનિષદનું રહસ્ય પ્રગટ કરતા આ શ્લોક પ્રાપ્ત કર્યા હતા.

અર્થાત્ એક સિદ્ધાંત તરીકે અદ્વૈતવાદનું દાર્શનિક નિરૂપણ ઉપનિષદના આધાર ઉપર તેમણે જ પ્રવર્તાવ્યું છે. બ્રહ્મસૂત્રના કર્તા ગૌડપાદ પહેલાં થઈ ગયા હતા; પણ તેમનો ગ્રંથ ઉપનિષદના સિદ્ધાંત-સંદર્ભનો ગ્રંથ છે; એક વ્યવસ્થિત દાર્શનિક સિદ્ધાંતનો નહિ. તેથી જ બ્રહ્મસૂત્રને જુદા જુદા વાદીઓ પોતપોતાના સિદ્ધાંતની રીતે સમજાવવા પ્રયત્ન કરે છે. બ્રહ્મસૂત્રમાં બીજા પણ અનેક આચાર્યોનાં નામ આવે છે.*

* જેમ કે, જૈમિનિ, આશ્મરથ્ય, બાદરિ, ઔડુલોમિ, કાશકૃત્સ્ન, કાર્ષ્ણાજિનિ, આત્રેય. આ બધામાંથી માત્ર કાશકૃત્સ્ન કંઈક અદ્વૈતમત ધરાવતા હોય એમ લાગે છે. પરંતુ તેમને વિષે બીજી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે બધા જ અદ્વૈતવાદના પુરસ્કર્તા હતા એમ નથી. એટલે શંકરાચાર્યે વિસ્તારેલા અદ્વૈતવાદના પ્રથમ પુરસ્કર્તા ગૌડપાદ જ હતા, એમ કહેવું જોઈએ.

ગૌડપાદનો સમય

'જગદ્‌ગુરુ-રત્નમાલા-સ્તવ' નામના સ્તોત્રમાં સદાશિવબ્રહ્મેન્દ્રે ગૌડપાદને નમસ્કાર કરતાં જણાવ્યું છે કે, 'અપલૂન્ય વગેરે નિષાક-સિદ્ધોના ગુરુ એવા અયાર્ચ્ય તેમના પગને સેવતા હતા.' (अभियुञ्जदयार्च्यपूज्यपादान् अपलून्यादिनिषाकसिद्धनेतॄन् ।)

આત્મબોધેન્દ્ર એ સ્તવ ઉપરની ટીકામાં જણાવે છે કે, ગૌડપાદ હિમાલયના શિખર ઉપર શુકના માર્ગદર્શન હેઠળ આત્મસાધના કરતા હતા. તે વખતે તેમણે ભારતની પશ્ચિમ સરહદ તરફના અપલૂન્ય અને દમીશ વગેરે યોગીઓ તથા તક્ષશિલાના શાક્ય રાજા પ્રાવૃત્તિ સાથે આવેલા અયાર્ચ્ય વગેરે બૌદ્ધોના ભૂલભરેલા સિદ્ધાંતો દૂર કર્યા હતા. આ દંતકથા સાચી હોય, તો ગૌડપાદને આપણે પાયથેગોરાસના પંથના સાધક એપોલોનિયસના સમકાલીન ગણવા જોઈએ.

ફિલોસ્ટ્રેટસે એપોલોનિયસનું જીવન લખ્યું હતું અને તેને ઈ. સ. ૨૧૭માં પૂરું કર્યું હતું. તેમાં જણાવ્યા પ્રમાણે એપોલોનિયસ ખ્રિસ્તી સંવતના પહેલા સૈકામાં ત્યાનમાં જન્મ્યો હતો. ૧૬મા વર્ષે તે પાયથેગોરાસના સંપ્રદાયમાં ભળ્યો અને લગભગ ૪૦ વર્ષની ઉંમરે તે ઈરાનમાં થઈને હિંદમાં આવ્યો હતો. હિંદમાં તક્ષશિલાના રાજાએ તેને પોતાના ગુરુ ઇયાર્ચિસ પાસે મોકલ્યો. એપોલોનિયસ ચાર મહિના પછી દરિયામાર્ગે પોતાને દેશ પાછો ફર્યો હતો. આ પ્રમાણે ગૌડપાદને ઈ. સ. ના પ્રથમ સૈકામાં થઈ ગયેલા માની શકાય.

ફિલોસ્ટ્રેટસે લખેલા એપોલોનિયસના જીવનચરિત્રની બધી વિગતોને આધુનિક ઇતિહાસકારો પ્રમાણભૂત માનવાનું વલણ બતાવતા નથી. એ ગમે તે હો, છતાં એપોલોનિયસ ગૌડપાદને મળ્યો હતો એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ ચરિત્રમાં ક્યાંય આવતું નથી. એપોલોનિયસ ગૌડપાદને મળ્યાની વાત તો એકમાત્ર ‘જગદ્‌ગુરુ-રત્નમાલા-સ્તવ’માં જ મળે છે. તેમાં એ વાતનો આધાર શો છે તે બતાવ્યું નથી. એટલે આપણે તો એ માહિતીની માત્ર નોંધ લઈને આગળ ચાલીએ.

ગૌડપાદનો સમય નક્કી કરવાનું બીજું નિશ્ચિત સાધન ગૌડપાદ કારિકામાંથી ઉતારા કરનારા બૌદ્ધ લેખકોનું કહેવાય. ત્રણ બૌદ્ધ લેખકોએ ગૌડપાદની કારિકાઓને વેદાંતદર્શનની સમીક્ષા વખતે ટાંકી છે.[1]: ભાવવિવેક (ઈ. સ. ૫૦૦–૫૫૦ની લગભગ), શાંતિ-રક્ષિત (ઈ. સ. ૭૦૫–૭૬૨) અને (તેનો શિષ્ય) કમલશીલ. અર્થાત્ ગૌડપાદ મોડામાં મોડા ઈ. સ. ૫૦૦ની આસપાસ તો થઈ ગયા હોવા જોઈએ.

હવે ગૌડપાદના સમયની અગ્રિમ મર્યાદા ઠરાવવા માટે ઉપયોગી એવું સાધન, નાગાર્જુન વગેરે કેટલાક જૂના બૌદ્ધોના ગ્રંથોમાંનાં વાક્યો અને ગૌડપાદની કારિકાઓ સાથે સ્પષ્ટ દેખાતું મળતાપણું છે.[2] ગૌડપાદ પોતે માધ્યમિક બૌદ્ધ સિદ્ધાંતોથી પરિચિત તો જણાય છે જ. એટલે ગૌડપાદ અને નાગાર્જુનના ગ્રંથોમાંનાં સ્થળોએ માલૂમ પડતું શાબ્દિક સરખાપણું એ રીતે સમજાવી શકાય કે, એ બંનેએ કોઈ સામાન્ય ગ્રંથના શબ્દોને નજર સામે

૧. ભાવવિવેકે ‘મધ્યમક-હૃદય-કારિકા’ નામના પોતાના ગ્રથ ઉપર ‘તર્કજ્વાલા’ નામની ટીકા પોતે જ લખી છે, તેમાં ત્રણ કારિકાઓ ટાંકી છે. શાંતરક્ષિતે ‘ઔપનિષદો’ના મતના ખંડન વખતે પોતાના ‘મધ્યમકાલંકાર-કારિકા’ નામના ગ્રંથમાં દશેક કારિકાઓ ટાંકી છે. કમલશીલ તેની ટીકા ‘પંજિકા’માં આ કારિકાઓને ‘ઉપનિષત્-શાસ્ત્ર’ તરીકે ઉલ્લેખે છે. આ તથા ઉપોદ્‌ઘાતની બીજી વિગતો માટે જુઓ ‘ગૌડપાદ’ — ડૉ. મહાદેવન, પૃ૦ ૧૨–૩ ઇ૦.

૨. જેમ કે કારિકા ૪, ૨૨ = નાગાર્જુનની મૂલમધ્યમક-કારિકા ૩૧–૧૩. કારિકા ૪, ૭ અને ૨૯ = મધ્યમકકારિકા ૧૫–૮. કારિકા ૪, ૪ = નાગાર્જુનના શિષ્ય આર્યદેવના ચતુઃશતકમાંના શબ્દો વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ્યા હોય. નાગાર્જુનનો સમય ઈ. સ. ૨૦૦ની આસપાસ મુકાય છે. એટલે એપોલોનિયસના જીવનચરિત્ર ઉપરથી સૂચવાતો ગૌડપાદનો સમય ઈ. સ. ની શરૂઆતના સૈકામાં હોવાનો સંભવ છે.

તોપણ એક મુશ્કેલી અહીં રહે ખરી કે, ગૌડપાદને વેદાંત-પરંપરા શંકરાચાર્યના દાદાગુરુ માને છે. (શંકરાચાર્ય – ગોવિન્દ યોગીંદ્ર – ગૌડપાદ.) શંકરાચાર્યનો સમય ઘણા વિદ્વાનો ઈ. સ. ૭૮૮થી ૮૨૦માં મૂકે છે. જોકે બીજા કેટલાક ઈ. સ. ૬૫૫–૬૮૭ પણ સૂચવે છે.* પરંતુ તો પછી ગૌડપાદ અને શંકરાચાર્ય વચ્ચે એક જ ગુરુ-પેઢી ગઈ હોય, એમ શી રીતે બની શકે? પરંતુ એ મુશ્કેલી તો દાદાગુરુવાળી પરંપરાનો અર્થ ગૌડપાદને શંકરાચાર્ય પૂર્વેના અદ્વૈતી આચાર્ય માનીને દૂર થઈ શકે. અને એમ જ કરવું જોઈએ.

શંકરાચાર્યે પોતાનો અદ્વૈત-સિદ્ધાંત ગૌડપાદના ગ્રંથ કે ઉપદેશના અનુસંધાનમાં વિકસાવ્યો હોય, એટલે ગૌડપાદની પરંપરામાં તેમને મૂકવામાં આવ્યા હોય. બાકી એ પરંપરાને ગુરુ-શિષ્યની પેઢીના ક્રમના અર્થમાં સમજીએ, તો તો મહાભારતના યુદ્ધ સમયે સમકાલીન ગણાય તેવા વ્યાસ અને શુકની તરત જ પછી ગૌડપાદને મૂકયા છે, માટે તેમને મહાભારત જેટલા જૂના કાળના ગણવા પડે.

ગૌડપાદના સિદ્ધાંતની રૂપરેખા હવે ટૂંકમાં જોઈ જઈએ.

૧. પરમતત્ત્વ બ્રહ્મ

ગૌડપાદને મતે બ્રહ્મ પરમતત્ત્વ છે. ઉપનિષદો બ્રહ્મના સ્વરૂપનું વર્ણન બે રીતે કરે છે: विधिमुखेन, અને निषेधमुखेन. છાંદોગ્યની શાંડિલ્યવિદ્યાવાળા ભાગમાં (૩, ૧૪) બ્રહ્મના વિધાનાત્મક વર્ણનનો સુંદર નમૂનો મળે છે. ત્યાં 'આ બધું બ્રહ્મ છે' એમ કહીને બ્રહ્મને

* ડૉ. ટી. આર. ચિંતામણિ, 'જર્નલ ઑફ ઓરિએન્ટલ રિસર્ચ', મદ્રાસ, પુ. ૩ (૧૯૨૯) પૃ૦ ૩૯–૫૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'तज्जलान्' કહ્યું છે; અર્થાત્ તે જગતને ઉત્પન્ન કરે છે (ज), તેને પાછું લય પમાડે છે (लि), અને તેને ટકાવી રાખે છે (अन्). બ્રહ્મને ત્યાં 'સર્વકર્મા, સર્વકામ, સર્વગન્ધ, સર્વરસ, સર્વને અભિવ્યાપીને રહેલું'— એમ કહીને વર્ણવ્યું છે.

ત્યારે બૃહદારણ્યકમાં (૩, ૮-૮) નકારાત્મક વર્ણનનો આબાદ નમૂનો છે. 'આ બધું ભૂત, ભવત્, ભવિષ્યત્ શામાં ઓતપ્રોત રહેલું છે?' એવા પ્રશ્નના જવાબમાં યાજ્ઞવલ્ક્ય ત્યાં છેવટે કહે છે, 'એ તત્ત્વ અક્ષર અવિનાશી કહેવાય છે. તે સ્થૂલ પણ નથી, અણુ પણ નથી . . . વાયુવાળું પણ નથી, આકાશવાળું પણ નથી, કશાના સંગવાળું નથી, રસ કે ગંધવાળું પણ નથી, ચક્ષુ – શ્રોત્ર – વાક્ – મનવાળું પણ નથી, તેજવાળું પણ નથી, . . . પ્રાણવાળું પણ નથી, . . . માત્રા – આકારવાળું પણ નથી, . . .' પણ આ અક્ષર-બ્રહ્મ કેવળ શૂન્ય પણ નથી. કારણ કે એના પ્રશાસનમાં જ સૂર્ય-ચંદ્ર, દ્યૌ અને પૃથિવી, દિવસ-રાત, માસ-ઋતુ, વગેરે વિધૃત રહેલાં છે; એના પ્રશાસનમાં જ નદીઓ પર્વતોમાંથી નીકળી, પોતપોતાની દિશાઓમાં વહે છે, અને મનુષ્યો દાન વગેરે કરે છે.

ગૌડપાદ પણ ઉપનિષદોની રીતે બ્રહ્મનું સ્વરૂપ વિધિમુખે તેમ જ નિષેધમુખે નિરૂપે છે. જગતના સંબંધમાં અને જગતને વ્યાવહારિક રીતે સ્વીકારીને કહીએ, તો બ્રહ્મ એ ઈશ્વર છે. તે અપરબ્રહ્મ પણ કહેવાય (૧-૨૬). ઈશ્વર તરીકે તે સર્વના હૃદયમાં બેઠેલો છે, સર્વવ્યાપી છે. સર્વ ભાવો તેમાંથી ઉદ્ભવે છે (विभुः ૧-૧૦), સર્વ દુઃખોની નિવૃત્તિ માટે તે સમર્થ છે (ईशानः — प्रभुः ૧-૧૦) તથા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત એ ત્રણે અવસ્થાઓમાં સમાનપણે રહેલો છે. (૧-૨૨). પરંતુ જે પર બ્રહ્મ (૧-૨૬) છે, ત્યાં જગત વિષે કંઈ વાત ન કહી શકાય; કારણ કે ત્યાં એક અદ્વૈત ભાવ જ છે. દ્વય-દ્વૈત-જગત એવો કોઈ ભાવ જ ત્યાં નથી (૪-૭૫). વર્ણો – શબ્દો ત્યાં લાગુ પડી શકતા ન હોવાથી તેને વિષે કાંઈ વિવેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકાતો નથી (૪-૬૦). તેના સ્વરૂપનું વર્ણન કરવાનો સારામાં સારો રસ્તો 'આમ નહિ, આ નહિ' એવો 'નેતિ નેતિ' જ છે (૩-૨૬). તેની પૂર્વે કંઈ નથી, તેની અનંતર કાંઈ નથી, તેને આંતર બાહ્ય એવું કાંઈ નથી (૧-૨૬). તેને નામ નથી, રૂપ નથી (૩-૩૬); તેને ગતિ નથી, તેમાં વસ્તુપણું નથી (૪-૪૫); ત્યાં નિદ્રા નથી, સ્વપ્ન નથી (૧-૧૪, ૧૬).

પરંતુ આમ નિષેધમુખે વર્ણવ્યું હોવાથી બ્રહ્મને શૂન્ય માનવાનું નથી. તેથી ગૌડપાદ એ નિષેધમુખી વર્ણનમાં રહેલ વિધાનાત્મક અર્થ બતાવતાં જણાવે છે કે, બ્રહ્મ નિત્ય છે (૩-૩૩); તે સદા સર્વદૃક્ છે (૧-૧૨); સદૈવ 'વિભાત' – ભારૂપ છે (૩-૩૬); સ્વયં 'પ્રભાત' – જ્યોતિઃસ્વભાવ છે (૪-૮૧); તે શિવ છે (આનંદસ્વરૂપ છે ૧-૨૯).

૨. અદ્વૈત તત્ત્વ

તે બ્રહ્મ અદ્વૈત તત્ત્વ છે: દ્વૈત છે જ નહિ. અદ્વૈત-વેદાંતનો એ મુખ્ય સિદ્ધાંત છે. ગૌડપાદ એ સિદ્ધાંત શ્રુતિવાક્યોને આધારે તથા તર્કથી પ્રતિપાદિત કરે છે. અદ્વૈત પ્રકરણમાં તે ઉપનિષદો-માંથી જાણીતા ફકરા ટાંકીને બતાવે છે કે, શ્રુતિ બ્રહ્મનું અદ્વૈતત્વ જ ઉપદેશે છે. સૃષ્ટિની ઉત્પત્તિ વર્ણવતાં વાક્યોનો વાચ્યાર્થ નથી સમજવાનો; તેમનો લાક્ષણિક અર્થ જ લેવાનો છે — અર્થાત્ અદ્વૈતત્વ પ્રતિપાદન કરનાર વાક્યોની પ્રસ્તાવનારૂપ તેમને ગણવાનાં છે.

આગમ પ્રકરણમાં માંડૂક્ય ઉપનિષદને આધારે જાગ્રત – સ્વપ્ન – સુષુપ્ત એ ત્રણ અવસ્થાઓનું પૃથક્કરણ કરી તે એવા નિર્ણયે પહોંચે છે કે, આત્મા પોતે વસ્તુતાએ એ બદલાતી અવસ્થાઓથી અસર પામતો નથી, તથા તે જ એક ન બદલાતું કાયમ રહેતું અદ્વૈત તત્ત્વ છે.

ત્રીજા અને ચોથા પ્રકરણમાં 'अजाति' નો સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો છે, તે પણ અદ્વૈત જ પરમાર્થ છે એ દર્શાવવા માટે. તર્કયુક્ત દલીલોથી ત્યાં દર્શાવવામાં આવ્યું છે કે, ઉત્પત્તિ-વાદ ન્યાયપુરઃસર નથી. આપણે કારણ-કાર્યવાદમાં માનીએ છીએ એ ખરું; પણ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તર્કથી તપાસીએ તો ઉત્પત્તિના આધારરૂપ કાર્ય-કારણભાવ ટકી શકતો નથી. અલાતશાંતિ પ્રકરણમાં કારણવાદને જ તપાસવામાં તથા ખતમ કરવામાં આવ્યો છે. પરિણામે અજાતિવાદ જ બાકી રહે છે અને એ જ સાચો છે. કશું જ જન્મતું — ઉત્પન્ન થતું નથી. બ્રહ્મ એ શાશ્વત તત્ત્વ હોઈ, તેમાં કશું પરિણામ સંભવતું નથી; તે પોતે કાર્ય કે કારણ કાંઈ બનતું નથી. તેમાંથી ઉત્પન્ન થનાર કે તેને ઉત્પન્ન કરનાર બીજું કાંઈ દ્વૈત છે જ નહિ.

૩. માયાવાદ

જો અદ્વૈત એવું બ્રહ્મ જ પરમ તત્ત્વ હોય, તો પછી દ્વૈતવાળું આ બાહ્ય જગત માયા-ભ્રમ રૂપ જ હોવું જોઈએ. એક અદ્વૈત આત્મા જ પરમાર્થ છે (૧-૧૭); પોતાની માયા વડે (स्वमायया) એક આત્મા ભેદયુકત — અનેકરૂપ દેખાય છે (૨-૧૨); આ બધો પદાર્થસમૂહ આત્મ-માયાથી ઉપસ્થાપિત થયેલો છે — પરમાર્થતઃ નથી (૩-૧૦); એ બધું કંઈ પ્રકૃતિ કે બ્રહ્મના પરિણામરૂપ નથી, પરંતુ વિવર્તરૂપ છે.

ગૌડપાદ આ વિવર્ત-વાદ અર્થાત્ જગતના વૈતથ્ય – મિથ્યાત્વનો સિદ્ધાંત અનેક રીતે નિરૂપે છે. બીજા પ્રકરણમાં, સ્વપ્નમાં દેખાતા પદાર્થોનો દાખલો લઈ, તે બાહ્ય જગતના પદાર્થોને મિથ્યા આભાસરૂપ ઠરાવે છે. તે જ પ્રમાણે દોરડામાં ભ્રમથી દેખાતો સાપ, ગાંધર્વનગરનો આભાસ, — એ દાખલાઓ પણ તે લે છે.

પરંતુ એ માયા પણ સ્વતંત્ર વસ્તુરૂપ નથી. બ્રહ્મ સિવાય બીજા કશાનું અસ્તિત્વ જ નથી. જ્યારે પરમાર્થ તત્ત્વનું દર્શન થાય છે, ત્યારે માયા જેવી વસ્તુ જ રહેતી નથી. (૪-૫૮.)

૪. જીવ-બ્રહ્મનો અભેદ

બ્રહ્મથી જુદો જીવાત્મા એ પણ માયાએ ઊભા કરેલા આભા-સનો જ એક ભાગ છે. શરીર મન વગેરે અનેક ઉપાધિઓ દૂર કરીએ, તો જીવ બ્રહ્મથી ભિન્ન નથી. ઉપનિષદનાં મહાવાક્યો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભેદનું સત્ય જ પોકારે છે. અનાત્માની ઉપાધિઓ આત્મા ઉપર લગાવ્યા વિના આત્માને અણુ કે અનેક માનવો એ શક્ય નથી.

અદ્વૈતપ્રકરણમાં ગૌડપાદ આત્માનું અણુત્વ તથા અનેકત્વ ઘટાકાશ વગેરે દાખલાઓથી સમજાવે છે. ઘટ, કૂંજો, વગેરે ઉપાધિઓથી આકાશમાં ખરી રીતે કશો ફેર થતો નથી. એ ઉપાધિઓને કારણે ઘટાકાશ વગેરે ભેદવ્યવહાર સંભવે છે. પરંતુ ખરી રીતે ઘટાકાશ એ કૂંજાના આકાશથી જુદું નથી. કારણ કે, આકાશ તો સમાનપણે સર્વત્ર સરખું જ છે.

ખરી વાત એ છે કે, જીવ કદી ઉત્પન્ન જ થયો નથી. ઉત્પત્તિ કે વિનાશ એમાંનું કાંઈ જ નથી. બદ્ધ આત્માઓ કે જેઓ પોતાની મુક્તિ શોધતા હોય, કે મુમુક્ષુ આત્માઓ કે મુક્ત આત્માઓ એવો કોઈ ભેદ જ નથી. એ બધો વ્યવહાર માયામાં સમાવિષ્ટ છે. પરમ આત્મા તો બંધ–મોક્ષ એવા કશા ભેદ અનુભવતો નથી.

૫. નિત્ય–શુદ્ધ–બુદ્ધ–મુક્ત

અદ્વૈત સિદ્ધાંતમાં જે લક્ષ્ય છે, તે નવું મેળવવાનું કે ઊભું કરવાનું ન હોવાથી, કર્મ વગેરે ઉપાયો તેના સાધક ન કહી શકાય. મોક્ષ એ સાધ્ય જ નથી. મોક્ષ મેળવવાનું જે કહેવાય છે, તે લક્ષણાથી જ કહેવાય છે, — ઔપચારિક છે. માત્ર પરમ સ્વરૂપનો સાક્ષાત્કાર થવો જ આવશ્યક છે (आत्मसत्यानुबोध). એ જ્ઞાન પણ अज છે અને એનાથી अज આત્માનો બોધ–સાક્ષાત્કાર થાય છે. (૩-૩૩.)

ઉપાસના કે ધ્યાન એ મોક્ષનાં સીધાં સાધન, એ અર્થમાં ન કહેવાય. પરમ જ્ઞાન વખતે કશાનું ગ્રહણ કે ત્યાગ હોતાં જ નથી (૩-૩૮). ત્યાં કશું ચિંતન પણ રહેતું નથી. માત્ર જ્ઞાન પોતે પોતામાં જ સ્થિત હોય છે. (૩-૩૮).

૬. અવિવાદ-પદ

આ અદ્વૈત-દર્શનને ગૌડપાદને મતે બીજા કોઈ દર્શન સાથે કશો વિવાદ નથી. બાહ્ય જગતને સત્ય માનનારા સિદ્ધાંતો એક-બીજા સાથે ઝઘડ્યા કરે છે; પરંતુ અદ્વૈતવાદને તે કોઈની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ ઝઘડો કરવાપણું નથી. બધો ઝઘડો દ્વૈતમાં જ સંભવે છે. પરંતુ જ્યારે દ્વૈતનો અનુભવ જ ગયો, એટલે બધો ઝઘડો પણ ગયો (૩-૧૭). તેથી ગૌડપાદ આશીર્વાદની ભાષામાં કહે છે કે, વિવાદથી પર એવું આ અવિવાદ-પદ જ સૌ પામો !

૭. બૌદ્ધ પરિભાષા

ગૌડપાદ એવા જમાનામાં વિચરતા હતા, જ્યારે બૌદ્ધ મહાયાન પંથ લોકોનાં મન ઉપર અધિકાર ભોગવવા લાગ્યો હતો. એવે વખતે વેદાંતના આચાર્યનું કામ સ્વાભાવિક રીતે બેવડું હોય: ઉપનિષદોના અનુયાયીઓને ખાતરી કરી આપવી કે તેઓનો માર્ગ સાચો છે; અને બીજું, બૌદ્ધોમાં પોતામાં જ વેદાંતના જ્ઞાનનો પ્રચાર કરવો. ગૌડપાદે તેથી જ માત્ર શ્રુતિપ્રમાણને આગળ કરવાને બદલે તર્ક અને ન્યાયની દલીલો જે બૌદ્ધોમાં પ્રચારમાં હતી, તેમનો ઉપયોગ વેદાંતનું સમર્થન કરવામાં કર્યો છે.

જોકે, અદ્વૈત તત્ત્વના આંતરિક અનુભવ વિના, માત્ર તર્કની જાળથી કોઈની આગળ એ તત્ત્વનું સમર્થન કરવા આગળ આવવું અશક્ય ગણાય. સર્વોત્તમ આધ્યાત્મિક અનુભવમાંથી જન્મેલ નિશ્ચય અને ખાતરીને કારણે જ ગૌડપાદ બેધડક પોતાનો 'અજાતિ' અને 'અદ્વૈત'નો સિદ્ધાંત રજૂ કરી શકે છે. શંકરાચાર્ય જેવા સમર્થ પુરુષ તેથી જ ગૌડપાદના સિદ્ધાંત તરફ ખેંચાયા હોય અને તેમાં શાશ્વત જીવનનું સત્ય જોઈ શક્યા હોય. અદ્વૈતવાદમાં ગૌડપાદનું નામ પોતાના ગૂઢ અનુભવ — આત્મસાક્ષાત્કારના જોમ માટે તેમ જ વસ્તુતત્ત્વ સુધી પહોંચી જનારી વેધક ફિલસૂફી માટે હંમેશ જાણીતું રહેશે. તે કવિ તથા ફિલસૂફ બંને હતા. વેદાંતના સત્યને ફિલસૂફની ચાળણીથી ચાળી, કવિની ભાવભરી અને જોમભરી વાણીમાં તેમણે નિરૂપ્યું છે.

તેથી જ માંડૂક્ય ઉપનિષદના આ પુસ્તકમાં બીજા ખંડ તરીકે ગૌડપાદની કારિકાઓનો ભાવાનુવાદ જોડ્યો છે. આશા છે કે વાચકોને તે ઉપયોગી નીવડશે.

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१

ઓમ્કાર–પ્રકરણ[1]

વિશ્વ (વૈશ્વાનર) બાહ્ય પદાર્થોને જાણે છે [बहिष्प्रज्ञः છે], અને સર્વ બાહ્ય પદાર્થોને વ્યાપેલો છે [विभुः છે].[2] તૈજસ આંતર પદાર્થોને જાણે છે [अन्तःप्रज्ञः છે][3]; અને પ્રાજ્ઞ (જ્ઞાતા-જ્ઞેય એવા ભેદ વિના માત્ર) પ્રજ્ઞાનઘન છે [घनप्रज्ञः છે].[4] એક જ (આત્મા) એ ત્રણ સ્વરૂપે રહેલો (વેદમાં) કહ્યો છે. [૧]

વિશ્વ બહાર જમણી આંખમાં[5], તૈજસ અંદર મનમાં, અને પ્રાજ્ઞ હૃદયના આકાશમાં[6]—એમ તે (આત્મા) દેહમાં ત્રણ સ્વરૂપે વિરાજે છે.[7] [૨]

---

૧. સામાન્ય રીતે આ પ્રથમ પ્રકરણ 'આગમ'-પ્રકરણ નામે ઓળખાય છે. કારણ કે, તેમાં માંડૂક્યોપનિષદના ૧૨ મંત્રો (આગમ) ને આધારે સિદ્ધાંત-કથન છે. પરંતુ આનંદગિરિ ટીકાકારે શંકરાચાર્યના ભાષ્ય ઉપર ટીકા કરતાં આ નામે તેનો ઉલ્લેખ કર્યો છે.

૨. જ્ઞાતા અને જ્ઞેય એમ બે વિભાગે સ્થૂલ-સૂક્ષ્મ સૃષ્ટિ વિચારાય છે. એ બંને પ્રકારે એક જ આત્મા રહેલો છે, એમ વેદાંત માને છે. અર્થાત્ બ્રહ્મ-આત્મા જ જ્ઞાતા જીવરૂપે તેમ જ તેના જ્ઞેય પદાર્થો રૂપે વ્યવહરે છે. તેથી વિશ્વને બહિષ્પ્રજ્ઞ તેમ જ વિભુ એમ કહ્યો છે. વિશ્વ-વૈશ્વાનર વિષે છાંદોગ્ય૦ ૫, ૧૨-૧૮ માં વર્ણન છે.

૩. બૃહ૦ ૪,-૩, ૧૦.

૪. બૃહ૦ ૪, ૩, ૨૨.

૫. બૃહ૦ ૪, ૨, ૨.

૬. બૃહ૦ ૨, ૧, ૧૭.

૭. આ સ્થાનો ઉપાસના ઇત્યાદિ અર્થે કહ્યાં છે. તથા જેવું બ્રહ્માંડમાં તેવું જ પિંડમાં પણ છે, એવું તેથી સૂચવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ, ત્રણ ધામોમાં[1] (ત્રણ રૂપે) ભોક્તા, (ત્રણ પ્રકારનાં) ભોજ્ય ભોગવે છે, એમ વર્ણવાય છે. પણ એ ભોક્તા–ભોજ્ય બંને (–નું સાચું રહસ્ય) જે જાણે છે, તે ભોગવ્યા છતાં લેપાતો નથી.[2] [૫]

કારણ કે, સત્ લાગતા સર્વ ભાવો — પદાર્થોનું ઉત્પત્તિસ્થાન એ એક (આત્મા) જ છે; 'પ્રાણ' (રૂપે તે) જ સર્વ (ભૂત પદાર્થ) ને ઉત્પન્ન કરે છે; 'પુરુષ' (રૂપે તે) જ જુદા જુદા ચેતન અંશો (જીવો) ને ઉત્પન્ન કરે છે. [૬]

તત્ત્વ-સ્વરૂપ ન જાણવું ('તત્ત્વાગ્રહણ') તે 'નિદ્રા' છે; અને તેને કારણે વસ્તુ હોય તેથી અન્યથા જોવી ('અન્યથાગ્રહણ') તેનું નામ 'સ્વપ્ન' છે. તે બંનેથી ઊભો થયેલો વિપર્યાસ ક્ષીણ થાય, ત્યારે 'તુરીય' પદ પમાય. [૧૫]

વિશ્વ અને તૈજસ એ બંને સ્વપ્ન અને નિદ્રાથી યુક્ત છે; અર્થાત્ તત્ત્વના અજ્ઞાનરૂપી કારણથી તેમ તેના કાર્યરૂપ અન્યથાગ્રહણ-(વિપર્યાસ)થી બદ્ધ છે. ત્યારે પ્રાજ્ઞ માત્ર નિદ્રાથી અર્થાત્ અજ્ઞાનરૂપી કારણથી બદ્ધ છે. તુર્યપદમાં નિદ્રા તેમ જ સ્વપ્ન બંને નથી. [૧૧, ૧૪]

પ્રાજ્ઞ અને તુર્ય બંને પદમાં દ્વૈત-પદાર્થનું જ્ઞાન હોતું નથી; પરંતુ પ્રાજ્ઞ બીજ-નિદ્રા યુક્ત હોવાથી પોતાને કે પારકાને, સત્યને કે અનૃતને એમ કશાને જાણતો નથી; ત્યારે તુર્ય તો અજ્ઞાન-નિદ્રાથી રહિત હોવાથી સદા પ્રકાશરૂપ છે [सर्वदृक्]. [૧૨-૩]

અનાદિ માયાથી નિદ્રામાં પડેલો જીવ જ્યારે જાગે છે, ત્યારે 'અજ', 'અનિદ્ર', 'અસ્વપ્ન', 'અદ્વૈત' એવા તુરીય પદનો બોધ તેને થાય છે. [૧૬]

---

૧. જાગ્રત–સ્વપ્ન–સુષુપ્ત એ ત્રણ અવસ્થામાં; તેમ જ જમણી આંખ –મન–હૃદયાકાશ એ ત્રણ ધામ, જ્યાં વિશ્વ-તૈજસ–પ્રાજ્ઞ એમ ત્રણરૂપે વિરાજીને ત્રણ પ્રકારનું ભોગ્ય આત્મા ભોગવે છે.

૨. ભોક્તા અને ભોગ્ય બધું એક જ આત્મારૂપ છે, એમ જાણ્યા પછી કોણ કોની કામના-તૃષ્ણા કરે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ ભાવોનું અદ્વૈત જ્યાં છે, અને તેથી સર્વ દુઃખોની નિવૃત્તિ જ્યાં છે, એવો ઈશ, પ્રભુ, વિભુ, અવિનાશી, તુર્ય દેવ છે. [૧૦]

એ બધો પ્રપંચ જો ખરેખર હોય, તો જ ‘તે નિવૃત્ત થયો’ એમ કહેવાય; પરંતુ બધો દ્વૈત-પ્રપંચ તો માયામાત્ર છે. પરમાર્થરૂપે તો અદ્વૈત જ છે. [૧૭]

(વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ વગેરે) સૃષ્ટિ-કલ્પના પણ એ પ્રમાણે માત્ર ઉપદેશ અર્થે છે; જ્ઞાન થતાં દ્વૈત રહેતું જ નથી. [૧૮]

ઓમ્કારને – પ્રણવને પાદથી જાણવો. (પરમ તત્ત્વના) પાદ, તે જ (ઓમ્કારની) માત્રાઓ છે, એમાં સંશય નથી. ઓમ્કારને પાદથી જાણી લીધા બાદ બીજા કશા ચિંતનમાં ન લાગવું. [૨૪]

(ઓમ્કારની પ્રથમ માત્રા अ છે; અને આત્માનો પ્રથમ પાદ વિશ્વ છે. એ બંનેને એક જાણવાં. કારણ કે, ઓમ્કારની માત્રાઓમાં) अ પ્રથમ છે; તેમ જ (આત્માના પાદમાં) વિશ્વ પણ પ્રથમ છે. તેમ જ अ-કાર વડે સર્વ વાણી વ્યાપ્ત થયેલી છે,[૧] તેમ વિશ્વ-વૈશ્વાનર વડે સર્વ (સ્થૂલ) જગત વ્યાપ્ત થયેલું છે.[૨] [૧૯]

(ઓમ્કારની માત્રાઓમાં) उ-કાર (अ-કારથી આગળ આવતો હોઈ) આગળ છે — ચડિયાતો છે [उत्कर्षः]; તેમ જ (આત્માના પાદમાં) તૈજસ પણ આગળનો છે — ચડિયાતો છે. તેમ જ उ-કાર (ઓમ્કારની ત્રણ માત્રાઓમાં अ તથા म ની વચ્ચે આવેલો હોઈ) મધ્યસ્થ (उभयत्वं) છે, તેમ તૈજસ પણ (આત્માના ત્રણ પાદોમાં

---

૧. अकारो वै सर्वा वाक् — ‘अ-કાર જ સર્વ વાણીરૂપ છે.’ — ઐત૦ આર૦ ૨. ૩. ૭-૧૩.

૨. છાંદોગ્ય ઉપ૦ ૫, ૧૨-૧૮માં વૈશ્વાનર આત્માનું વર્ણન છે. ત્યાં છેવટે જણાવ્યું છે કે, ‘આ આત્મા વૈશ્વાનરનું સ્વર્ગ એ માથું છે; સૂર્ય એ આંખ છે; વાયુ એ પ્રાણ છે; પૃથ્વી એ પગ છે, ઇ૦.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વ અને પ્રાજ્ઞની વચ્ચે હોઈ) મધ્યસ્થ છે. (તેથી તે બેને એક જાણવાં). [૨૦]

(ઓમ્કારની માત્રાઓમાં) म-કારમાં (આગળના अ અને उ, જ્યારે ઓમ્‌નું રટણ કરીએ છીએ ત્યારે, જાણે તેમાં સમાઈ જતા હોય અને પાછા તેમાંથી નીકળતા હોય તેમ) સમાવેશ પામે છે–સમાય છે [मान]; તેમ જ (આત્માના પાદોમાં) પ્રાજ્ઞમાં પણ (જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓ જેમ નિદ્રામાં સમાવેશ પામે છે અને પાછી તેમાંથી નીકળે છે, તેમ વિશ્વ અને તૈજસ સૃષ્ટિઓ પણ ઉત્પત્તિ વખતે પ્રાજ્ઞમાંથી નીકળે છે અને પ્રલય વખતે તેમાં સમાઈ જતી હોવાથી) સમાવેશ પામે છે. તેમ જ (ઓમ્કારના ઉચ્ચારણ વખતે આગળના अ અને उ) म-માં લય પામે છે, તેમ પ્રાજ્ઞમાં (વિશ્વ અને તૈજસ, ગાઢ નિદ્રામાં જાગ્રત અને સ્વપ્ન લય પામે તેમ) લય પામે છે. (તેથી તે બેને એક જાણવાં.) [૨૧]

આ પ્રમાણે ઓમ્કારની ત્રણ માત્રાઓ અને આત્માના ત્રણ પાદોમાં જે તુલ્યપણું તથા સામાન્યપણું છે, તે જાણી, પ્રણવ તથા આત્માને જે એકરૂપ નિશ્ચયપૂર્વક જાણે છે, તે મહામુનિ સર્વ ભૂત-પ્રાણીઓનો પૂજ્ય તથા વંદ્ય બને છે. [૨૨]

अ-કારથી વિશ્વ-આત્મા પમાય છે; उ-કારથી તૈજસ-આત્માને; અને म-કારથી પ્રાજ્ઞ-આત્માને. પરંતુ ઓમ્કારની જે (ચોથી) અ-માત્રા છે, તેનાથી તો (આત્માના તુર્ય-પદનો સાક્ષાત્કાર થતો હોવાથી) કશું જવા-પામવાનું જ રહેતું નથી. [૨૩]

માટે ચિત્તને પ્રણવ–ઓમ્કારમાં યોજવું. પ્રણવ એ જ નિર્ભય બ્રહ્મ (-પદ) છે. પ્રણવમાં નિત્ય યુક્ત રહેનારને કશા તરફથી ભય રહેતો નથી.* પ્રણવ એ જ અપર-બ્રહ્મ (અર્થાત્ ઈશ્વર) છે; પ્રણવ એ જ પર (-બ્રહ્મ) છે. તે (પરમતત્ત્વરૂપી) પ્રણવનું કોઈ

---

* 'न बिभेति कुतश्चन'—(એને જાણનારો) 'કશાથી ભય પામતો નથી.' (તૈત્તિ૦ ૨, ૯).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ નથી [अपूर्वः]; તેની અંદર બીજું કંઈ મિશ્રિત નથી [अनन्तरः]; તેની બહાર બીજું કાંઈ નથી [अबाह्यः]; તેનું કોઈ કાર્ય નથી [अनपरः]; તે અવ્યય – અવિનાશી (તત્ત્વ) છે. [૨૫-૨૬]

પ્રણવ સર્વનો આદિ છે, મધ્ય છે અને અંત છે. એવા પ્રણવનો સાક્ષાત્કાર કરીને તરત જ તદ્રૂપતાને પામે છે. [૨૭]

પ્રણવને જ સર્વના હૃદયમાં રહેલો ઈશ્વર જાણો. સર્વને વ્યાપી રહેલા એ ઓમ્કારનું ચિંતન કરનારો ધીર પુરુષ શોકને તરી જાય છે. [૨૮]

ઓમ્કાર જ અ-માત્ર[1] (જાગ્રત–સ્વપ્ન–સુષુપ્ત અવસ્થામાં અનુભવાતી સૃષ્ટિથી પર) એવું તુરીય પદ છે; અને તે જ અનંત-માત્ર[2] પણ છે. તે દ્વૈત (અનુભવ)ના ઉપશમવાળું શિવ પદ છે. તેવા ઓમ્કાર-પદનો જેણે સાક્ષાત્કાર કર્યો છે, તે મુનિ છે; બીજો કોઈ (શાસ્ત્રવેત્તા હોય તો પણ) નહિ. [૨૯]

---

૧. ઓમ્કારની अ–उ–म એ ત્રણ સ્વર-માત્રાઓ બ્રહ્મના વૈશ્વાનર–તૈજસ પ્રાજ્ઞ એ ત્રણ (જાગ્રત–સ્વપ્ન–સુષુપ્તની સૃષ્ટિ રૂપી ત્રણ) પાદ રૂપ છે, તથા ઓમ્કારની ચોથી અ-માત્રા એ જ બ્રહ્મનો તુરીય પાદ છે, એમ માંડૂક્યમાં પ્રતિપાદિત કરેલું છે.

૨. માંડૂ૦ ઉપ૦ના છઠ્ઠા મંત્રમાં જણાવ્યા પ્રમાણે સર્વની યોનિ–કારણ હોવાથી, તથા ભૂતમાત્રનાં ઉત્પત્તિ–લય તેમાંથી થતાં હોવાથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

તથ્ય-રહિતપણું[1]

બુદ્ધિશાળી પુરુષો સ્વપ્નમાં (દેખાતા) સર્વ પદાર્થોને તથ્ય-રહિત અર્થાત્ મિથ્યા કહે છે; કારણ કે (હાથી, પર્વત વગેરે) તે બધા પદાર્થો (સ્વપ્ન અનુભવનારના શરીરની) અંદર બહુ થોડી જગામાં દેખાતા હોય છે. (સ્વપ્નનો) કાળ બહુ અલ્પ હોવાથી જુદે જુદે (દૂરને સ્થળે) જઈને તો તે પદાર્થો તેણે ન જોયા હોય; વળી (સ્વપ્નમાં પર્વત વગેરે સ્થળે ગયેલો) જ્યારે જાગે છે, ત્યારે કોઈ તે દૂરને સ્થળે જાગતો નથી (પણ ઘરમાં પોતે જ્યાં સૂતો હોય છે ત્યાં જ જાગે છે). શ્રુતિ પણ[2] (સ્વપ્નમાં દેખાતા) રથ વગેરે પદાર્થો (ખરેખર) હોતા નથી, એમ કહે છે. આમ, સ્વપ્નના પદાર્થો તથ્ય-રહિત છે, એમ માનવું પ્રાપ્ત થાય છે. [૧-૩]

સ્વપ્નના પદાર્થો જેમ ન હોવા છતાં દેખાય છે, તેમ જાગ્રત અવસ્થામાં દેખાતા પદાર્થો પણ ન હોવા છતાં દેખાય છે. અલબત્ત, સ્વપ્નની ઘટનાઓ શરીરની અંદર સાંકડી જગામાં બનતી દેખાય છે (ત્યારે જાગ્રતના બનાવો બાહ્ય જગતમાં બનતા લાગે છે); તેમ છતાં, જ્ઞાનીઓ સ્વપ્ન અને જાગ્રત બંનેના પદાર્થોને એકસરખા જ ગણે છે. તેનો હેતુ પણ પ્રસિદ્ધ છે : જે વસ્તુ આદિમાં નથી અને અંતમાં નથી, તે વસ્તુ મધ્યમાં — વર્તમાનકાળે (દેખાતી હોય તો) પણ નથી, એમ જ કહેવું જોઈએ. (સ્વપ્નના પદાર્થો જેમ સ્વપ્ન દરમ્યાન જ દેખાય છે — પહેલાં કે પછી જાગ્રત કે સુષુપ્તિમાં દેખાતા નથી, તેથી મિથ્યા છે,) તેમ જ જાગ્રતના પદાર્થો પણ

---

૧. ' वैतथ्य '–प्रकरण.

૨. બૃહ૦ ૪, ૩, ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(જાગ્રત દરમ્યાન જ દેખાતા હોઈ) સ્વપ્નના મિથ્યા પદાર્થો જેવા જ છે, છતાં સાચા જેવા દેખાય છે. [૪-૬]

આત્મદેવ પોતે જ પોતાની માયા વડે એ બધા ભેદ કલ્પે છે, અને તેને જ એ ભેદોનો બોધ પણ થાય છે, એવો વેદાંતનો નિશ્ચય છે. [૧૨.] સ્વપ્નના પદાર્થો કે જે ચિત્ત કલ્પે ત્યાં સુધી જ રહેનારા[૧] [चित्तकालाः] છે, તેમને પ્રભુ ચિત્તની અંદર ઊભા કરે છે [विकरोति]; અને જાગ્રતમાં[૨] દેખાતા પદાર્થો કે જે (સ્વપ્નમાંથી કે નિદ્રામાંથી જાગ્યા બાદ) પહેલાં અનુભવેલા તે જ છે એમ લાગે છે [द्वयकालाः], તથા નિયત – સ્થિર રહેનારા ગણાય છે, તે પણ કલ્પનાથી જ પ્રભુએ ઊભા કરેલા છે. સ્વપ્નના પદાર્થો અવ્યક્ત – અસ્ફુટ હોય છે અને જાગ્રતમાં અનુભવાતા પદાર્થો સ્ફુટ હોય છે, તે ફરકનું કારણ ઇન્દ્રિય જુદી છે એ છે. (અર્થાત્ સ્વપ્નના પદાર્થો અનુભવતી વખતે આંતર ઇંદ્રિય – મન સક્રિય હોય છે અને બાહ્ય ઇંદ્રિયો નિષ્ક્રિય હોય છે; ત્યારે જાગ્રતના પદાર્થો અનુભવતી વખતે બાહ્ય ઇંદ્રિયો સક્રિય હોય છે.) [૧૨-૧૫]

પરમાત્મા પ્રથમ જીવને કલ્પે છે, અને પછી બાહ્ય અને આધ્યાત્મિક વિવિધ ભાવોને. તે જીવ જેવો તેને જ્ઞાન–અનુભવ, તેવી સ્મૃતિવાળો (અને તે સ્મૃતિ અનુસાર પાછો કામના–ક્રિયા વગેરે કલ્પના કરનારો) હોય છે. પરંતુ તે જીવ વગેરેની સૃષ્ટિ, અંધારામાં પડેલી દોરડીનું યથાર્થ જ્ઞાન ન થવાથી [अनिश्चिता] જેમ તે સાપ કે પાણીની ધાર વગેરે રૂપે કલ્પાય, તેવી જાણવી. પરંતુ દોરડીનું યથાર્થ જ્ઞાન થતાં જેમ સાપ વગેરેનો વિકલ્પ દૂર થાય છે અને માત્ર રજ્જુ જ છે [अद्वैत] એવો નિશ્ચય થાય છે, તે પ્રમાણે

---

૧. ૧૩મી કારિકામાં તેમને માટે 'अन्यवस्थितान्' તથા 'अपर' વિશેષણો છે. બંનેનો અર્થ થોડો સમય રહેનારા – કલ્પનામય એવો છે.

૨. बहिःचित्ते — ૧૩. અર્થાત્ જાગ્રત અવસ્થાનું ચિત્ત, જે શરીરની બહારના પદાર્થો ગ્રહણ કરતું મુખ્યત્વે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્માનું પણ યથાર્થ જ્ઞાન થતાં જીવ અને સૃષ્ટિ વગેરે વિવિધ વિકલ્પો દૂર થાય છે, અને અદ્વૈત આત્મા જ છે, એવો નિશ્ચય દૃઢ થાય છે. [૧૬-૧૮]

આ બધા પ્રાણ વગેરે અનંત ભાવોરૂપે અદ્વૈત આત્મા દેખાવો, એ તે દેવની માયા જ છે; તેનાથી (જાણે) તે જાતે વિમોહિત થાય છે. [૧૯.] જુદા જુદા વાદીઓ [तद्विदः] તેને પ્રાણરૂપે, મહાભૂતોરૂપે, (સત્ત્વ-રજસ-તમસ એ) ગુણો રૂપે, (જગતનાં કારણ-રૂપ આત્મા – અવિદ્યા – શિવ એ ત્રણ) તત્ત્વો રૂપે,[૧] પાદ[૨]– વિષય[૩]– લોક[૪]– દેવ – વેદ – યજ્ઞ – ભોક્તા – ભોજ્ય – સૂક્ષ્મ – સ્થૂલ – મૂર્ત – અમૂર્ત – કાલ – દિશા[૫]– વાદ[૬]– ભુવન[૭]– મન – બુદ્ધિ – ચિત્ત – ધર્માધર્મ – પચીસ[૮]– છવ્વીસ[૯]– એકત્રીસ[૧૦]– કે અનંત

---

૧. શૈવો એવું માને છે. – આનંદગિરિ-ટીકા.

૨. વિશ્વ વગેરે, આત્માના પાદો. – આનંદગિરિ-ટીકા.

૩. શબ્દાદિ વિષયો (વાત્સ્યાયન વગેરેને મતે).

૪. ભૂઃ – ભુવઃ – સ્વઃ એ લોક (પૌરાણિકોને મતે).

૫. પશુ વગેરેના સ્વરો ઉપરથી ભવિષ્ય ભાખનારા 'સ્વરોદયવિદો' દિશાને પરમતત્ત્વ માને છે.

૬. ધાતુવાદ, મંત્રવાદ વગેરે.

૭. ૧૪ ભુવન.

૮. પ્રકૃતિ – મહત્ – અહંકાર – પાંચ તન્માત્રા – પાંચ જ્ઞાનેંદ્રિયો – પાંચ કર્મેન્દ્રિયો – પાંચ મહાભૂતો – મન – પુરુષ એમ ૨૫ તત્ત્વોનું જગત બનેલું છે એમ સાંખ્યો માને છે.

૯. યોગવાળા ૨૬મું ઈશ્વરતત્ત્વ વધુ માને છે.

૧૦. પાશુપત દર્શનવાળા શિવ–શક્તિ – સદાશિવ – ઈશ્વર – વિદ્યા – પુરુષ – માયા – કાલ – નિયતિ – કલા – અવિદ્યા – રાગ – પ્રકૃતિ – મહત્ – અહંકાર – મન – પાંચ જ્ઞાનેંદ્રિય – પાંચ કર્મેન્દ્રિય – પાંચ તન્માત્ર – પાંચ ભૂત, એમ ૩૬ તત્ત્વો માને છે. પરંતુ કાલ – નિયતિ – કલા – અવિદ્યા – રાગ એમને માયાના આવિષ્કારો માની બાદ કરતાં ૩૧ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ તત્ત્વો – લોક[1] – આશ્રમ[2] – સ્ત્રી-પું-નપુંસક એ લિંગો (વાળો શબ્દસમૂહ)[3] – પર અને અપર બે બ્રહ્મ – તથા સૃષ્ટિ-લય-સ્થિતિ-રૂપે વર્ણવે છે. જેનો આચાર્ય જેને જે રૂપે દર્શાવે તે રૂપે તે તેને ગ્રહણ કરે છે; અને પછી તે (આત્મા પણ) તે રૂપે બનીને તેને સંતોષ આપે છે [अवति]. અને એ રૂપમાં આગ્રહ રાખી તે (સાધક પણ) તેને જ પામે છે. [૨૦-૨૯.] (રજ્જુમાં સાપ વગેરે દેખાયેલા આકારો જેમ વસ્તુતાએ રજ્જુથી જુદા નથી, તેમ) આત્માથી જુદા નહીં એવા આ આકારોથી આત્મા તે તે રૂપે જાણે જુદો જુદો હોય તેમ દેખાય છે. તાત્ત્વિક રીતે આ વસ્તુ જાણનારો પછી ભલે વ્યવહારમાં જરા પણ શંકા રાખ્યા વિના એ બધી કલ્પનાઓને અનુસરે. [૩૦]

સ્વપ્ન કે બાજીગરની માયા કે ગંધર્વનગરનો દેખાવ — (એ બધું વસ્તુતાએ ન હોવા છતાં જેમ દેખાય છે,) તેના જેવું આ બધું વિશ્વ પણ વેદાંત-જ્ઞાનીઓ ગણે છે. ખરી રીતે તો ઉત્પત્તિ કે લય નથી, બદ્ધ કે સાધક નથી, મુમુક્ષુ કે મુક્ત નથી. એ જ પરમાર્થતત્ત્વ છે. [૩૧-૨.] અદ્વય આત્માની જ આ બધા મિથ્યા ભાવો રૂપે કલ્પના કરાય છે; અદ્વય આત્મા જ આ બધા મિથ્યા ભાવોનો આધાર છે. માટે અદ્વયતા એ જ સાચી છે – કલ્યાણરૂપ છે. [૩૩.] તત્ત્વવેત્તાઓ જાણે છે કે, આ બધા પદાર્થો આત્માથી અભિન્ન પણ નથી કે ભિન્ન પણ નથી; પોતાના સ્વરૂપથી તે અનેક નથી કે આત્માના સ્વરૂપથી પણ તે અનેક નથી. [૩૪.] વેદનો પાર પામેલા તથા રાગ–ભય–ક્રોધ જેમના દૂર થઈ ગયા છે એવા મુનિઓએ આ દ્વૈતપ્રપંચના ઉપશમરૂપ, કોઈ પણ કલ્પના વિનાનો અદ્વયભાવ જોયો છે. [૩૫]

---

૧. લોકનું રંજન જ તત્ત્વ છે, એમ 'લૌકિકો' માને છે.

૨. દક્ષ વગેરેને મતે આશ્રમો જ 'પરમાર્થ' છે.

૩. વૈયાકરણો માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

માટે એને [પ્રપંચને] એવો જ [અદ્વૈતરૂપ] જાણીને, અદ્વૈતમાં જ સ્મૃતિ પરોવવી. અને અદ્વૈતભાવનો અનુભવ કર્યા બાદ લોકમાં જડની પેઠે વર્તવું[1]. [તે જ્ઞાની] સ્તુતિ – નમસ્કાર – શ્રાદ્ધક્રિયા વગેરેથી રહિત થાય; સ્થિર ઘરબાર વિનાનો થાય; યતિ થાય, અને યદચ્છાએ જે આવી મળે તેના વડે નિર્વાહ કરનારો થાય. [૩૭]

પોતાની અંદરનું તત્ત્વ જાણીને તથા બાહ્ય દેખાતી સૃષ્ટિનું તત્ત્વ જાણીને, તે બંનેના મૂળમાં રહેલ આત્મતત્ત્વરૂપ બનેલો, તેમાં જ આનંદ માનતો, તે તત્ત્વસ્વરૂપમાંથી કદી ચ્યુત ન થાય. [૩૮]

૩

અદ્વૈત પ્રકરણ

જન્મરહિત, સમતાયુક્ત, તથા અકૃપણ[2] એવા પદનું હું વર્ણન કરું છું. ચારે તરફ તમને બધું ઉત્પન્ન થતું દેખાય છે, છતાં (તત્ત્વતઃ) કશું જન્મતું નથી, તે પ્રકાર હવે સાંભળો. [૨]

જે આ બધું જન્મતું દેખાય છે, તે શાના જેવું છે? આકાશ જેમ ઘટ વગેરે ઉપાધિઓથી ઘટાકાશ વગેરે રૂપે ઉત્પન્ન થતું દેખાય છે, તેમ આત્મા પણ (દેહ-ચિત્ત વગેરે ઉપાધિઓથી) જીવ વગેરે રૂપે ઉત્પન્ન થતો દેખાય છે. અને જેમ ઘટ વગેરે ઉપાધિઓ લય પામે, એટલે ઘટાકાશ વગેરે પણ આકાશમાં લય પામી જાય છે, તેમ જીવો પણ આત્મામાં (લય પામી જાય છે). [૩-૪]

(આકાશ એક જ હોવા છતાં) જેમ એક ઘડામાંનું આકાશ રજ, ધૂમ વગેરે યુક્ત બનતાં, બધા ઘડાનાં આકાશ રજ-ધૂમથી

૧. બ્રહ્મસૂત્ર ૩–૪–૫૦ ઉપરના શાંકરભાષ્યમાં જણાવ્યું છે કે, પોતાના જ્ઞાન વગેરેનો દેખાડ ન કરે. ગૂઢધર્માશ્રિત તથા અજ્ઞાત-ચરિત થઈને અંધ–જડ–મૂકની પેઠે વિચરે.

૨. છાંદો૦ ઉપ૦ (૭–૨૪–૧)માં કહ્યું છે કે, 'જ્યાં બીજો બીજું જુએ છે – સાંભળે છે – જાણે છે, તે અલ્પ છે, મર્ત્ય છે, અસત્ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુક્ત નથી બની જતાં, તેમ (એક જીવ સુખ વગેરેથી યુક્ત બનતાં) બધા જીવો સુખ વગેરેથી યુક્ત નથી બની જતા. [૫]

ઘડાના આકાશનું રૂપ, તેમાં પાણી ભરવું વગેરે કાર્ય, તથા ઘડાનું આકાશ એવું નામ,—એ બધો ભેદ ઊભો થવા છતાં જેમ આકાશમાં પોતામાં ખરી રીતે કશો ભેદ ઊભો થતો નથી, તેમ જ જીવો (-ને લીધે આત્મા-) ની બાબતમાં પણ સમજવું. કારણ કે, ઘટાકાશ એ કંઈ આકાશનો વિકાર થઈને કે ભાગ પડીને ખરી રીતે બનતું જ નથી (એ તો આકાશમાં આપણે આપણી દૃષ્ટિથી ઊભો કરેલો ખ્યાલ છે); તેમ જ આત્મામાં જીવ વિકાર થઈને કે ભાગ પડીને કદી ઊભો નથી થતો. [૬-૭]

જેમ મૂર્ખ લોકો આકાશને (રજ–ધૂમ વગેરે) મેલથી મેલું થયેલું માને છે, તેમ મૂર્ખ લોકોની દૃષ્ટિએ જ આત્મા (જીવ કે સૃષ્ટિ વગેરે રૂપ) મેલથી મલિન થાય છે. (શરીરની દૃષ્ટિએ) મરણ પામે, ઉત્પન્ન થાય, જાય કે આવે, એમ સર્વ શરીરોમાં વર્તવા છતાં આત્મા તો આકાશની પેઠે (જરા પણ ફેર વિનાનો) જ રહે છે. (દેવ વગેરેના) પૂજ્ય ગણાતા દેહો, કે (પંચભૂતની રીતે) બધાના સરખા ગણાતા દેહો – બધા જ સ્વપ્ન જેવા છે અને આત્માની માયાથી ઊભા થયેલા છે; (તેમના ખરેખર ઉત્પન્ન થવા બાબતમાં) કશી જ યુક્તિ કે દલીલ છે નહીં. [૮-૧૦]

તૈત્તિરીય ઉપનિષદમાં (૨, ૧-૬) અન્નમય વગેરે (રસાદિ) કોશો વર્ણવ્યા છે; તથા (બૃહદારણ્યક ઉપનિષદમાં ૨-૫) મધુ-વિદ્યા છે. ત્યાં પિંડ અને બ્રહ્માંડનાં જુદાં જુદાં જોડકાં વર્ણવ્યાં છે. પરંતુ ત્યાં બધે જ એ બધું વર્ણન હમણાં વર્ણવ્યું તેમ આકાશ જેવું જ ગણવું. [૧૧-૧૨]

કારણકે, જીવ અને આત્માનું અનન્યત્વ, અભેદ દર્શાવવા દ્વારા, શ્રુતિ પ્રશંસે છે. અને તે બેના ભેદને નિંદે છે.* (એટલે એ બધું

* ‘ પણ એ દ્વિતીય છે જ નહિ. ’ – બૃહ૦ ૪, ૩, ૨૩; ‘ દ્વિતીયમાંથી જ ભય થાય છે. ’ બૃહ૦ ૧, ૪, ૨; ‘ થોડું પણ અંતર માને છે, એટલે તરત તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વૈત-વર્ણન) આમ (આકાશના દાખલાથી સમજીએ, તો જ) બંધબેસતું થાય. [૧૩]

(અદ્વૈતજ્ઞાનની] ઉત્પત્તિ પહેલાં, જીવ અને આત્માનું જુદાપણું ઉપનિષદમાં વર્ણવ્યું છે,[૧] તથા માટી, લોઢું, તણખા વગેરેનાં દૃષ્ટાંતોથી[૨] સૃષ્ટિની ઉત્પત્તિ બતાવી છે, તે બધું મુખ્યાર્થથી નથી સમજવાનું. એ બધું વર્ણન તો પરમતત્ત્વ – અદ્વૈત તરફ દોરી જવા માટે જ સમજવું; બાકી વસ્તુતાએ કશો પણ ભેદ – દ્વૈત છે જ નહિ. [૧૪-૧૫]

જ્યાં ઉપાસના ઉપદેશી છે,[૩] ત્યાં પણ હીન-મધ્ય-ઉત્કૃષ્ટ એવી દૃષ્ટિવાળાઓની ત્રણ કોટિઓ જોઈને તેમના ઉપરની દયાથી પ્રેરાઈને ઉપદેશી છે. (જેથી તેઓ એ માર્ગે ધીમે ધીમે અદ્વૈત જ્ઞાન પ્રાપ્ત કરે. દ્વૈત સાચું છે માટે ઉપાસના ઉપદેશી નથી.) [૧૬]

અજ એવા અદ્વૈતમાં માયાથી જ ભેદ ઉત્પન્ન થાય છે. જો તે તાત્ત્વિક રીતે જ ઉત્પન્ન થતો હોય, તો પછી એ અમર-અવિનાશી એવું પરમતત્ત્વ મર્ત્ય બની જાય. [૧૯.] 'અહીં કશું દ્વૈત નથી' એવું શ્રુતિવાક્ય છે[૪]; તથા ઇંદ્ર માયા વડે (અનેકરૂપ

ભય ઊપજે છે.' તૈત્તિ૦ ૨–૭–૧; 'આ બધું આ આત્મા જ છે.' બૃહ૦ ૨, ૪, ૬; ૪, ૫, ૭; 'જે અહીં જુદું જુદું જુએ છે, તે એક મૃત્યુમાંથી બીજા મૃત્યુમાં પળે છે.' કઠ ૨, ૧, ૧૦.

૧. જેમાંથી આ બધાં ભૂતો ઉત્પન્ન થાય છે.' તૈત્તિ૦ ૩, ૧; 'જેમ અગ્નિમાંથી નાના તણખા.' બૃહ૦ ૨, ૧, ૨૦; 'તે આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું. તૈત્તિ૦ ૨–૧–૨; 'તેણે વિચાર કર્યો'. છાંદો૦ ૬, ૨, ૩; 'તેણે અગ્નિ ઉત્પન્ન કર્યો'. છાંદો. ૬, ૨, ૩,

૨. 'જેમ એક મૃત્પિંડથી', 'જેમ એક લોહમણિ વડે'. છાંદો૦ ૬, ૧, ૪–૫; 'જેમ અગ્નિમાંથી નાના તણખા ઊડે', બૃહ૦ ૨, ૧, ૨૦, ૬, ૨, ૧૪; મુંડક૦ ૨–૧–૧.

૩. 'આત્માનું દર્શન કરવું જોઈએ.' બૃહ૦ ૨, ૪–૫, 'જે આત્મા નિષ્કલંક . . . છે, તેને શોધવો જોઈએ, જાણવો જોઈએ' . . . છાંદો૦ ૮–૭–૧.

૪. બૃહ૦ ૪, ૪, ૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાય છે)'[1], એમ પણ કહ્યું છે. એટલે ખરી રીતે ન જન્મતો તે આત્મા માયા વડે જન્મતો દેખાય છે. [૨૪]

આ બધું જે કંઈ સચરાચર દ્વૈત છે, તે મન વડે દેખાય છે; એ મન જો અમનીભાવને પામે, તો દ્વૈત ન જ દેખાય. [૩૧]

આત્મસત્યના અનુબોધથી જ્યારે મન સંકલ્પ કરતું અટકે, ત્યારે મન અમન-પણાને પામે છે; પછી કશું ગ્રહણ કરવાનું રહેતું ન હોવાથી તે કશું ગ્રહણ પણ કરતું નથી. [૩૨]

નિર્વિકલ્પ અજ એવું જે જ્ઞાન છે, તે જ્ઞેયથી અભિન્ન જ છે. જ્ઞેય એટલે બ્રહ્મ; તે અજ તથા નિત્ય છે. એટલે અજ એવું જે જ્ઞાન (અર્થાત્ જ્ઞાનરૂપ આત્મા) તેના વડે અજ એવા બ્રહ્મનું જ્ઞાન થાય છે, એમ કહેવાય. [૩૩]

જ્ઞાની પુરુષના નિગૃહીત અને નિર્વિકલ્પ બનેલા મનની દશા[2] સમજવી જોઈએ; સુષુપ્ત અવસ્થાની સ્થિતિ તેનાથી જુદી છે. તે બે અવસ્થાઓ સરખી નથી. [૩૪]

સુષુપ્ત અવસ્થામાં મન વિલય પામી જાય છે, પણ નિગૃહીત અવસ્થામાં તે વિલય નથી પામતું; તે અવસ્થામાં તો તે ચોતરફથી પ્રકાશવાળું બની રહે છે; એ જ નિર્ભય બ્રહ્મપદ છે. [૩૫.] એ પદ અજ છે, અનિદ્ર છે, અસ્વપ્ન છે, અનામ છે, અરૂપ છે; તે નિત્ય વિભા-પ્રકાશયુક્ત છે, સર્વજ્ઞ છે. એમ કહેવામાં કશો ઉપચાર–અતિશયોક્તિ નથી. [૩૬]

ત્યાં કશું લેવું–મૂકવું વગેરે ચિન્તા નથી; તે સ્થિતિમાં જ્ઞાન કેવળ આત્મસંસ્થ બની રહે છે અને અજન્મ એવી સામ્યાવસ્થાને પામે છે. [૩૮]

---

૧. બૃહ૦ ૨, ૫, ૧૯

૨. મૂળ શબ્દ 'પ્રચાર' છે, પણ તે પારિભાષિક છે. યોગવાળા તેને 'વિહાર' કહે; બૌદ્ધો તેને 'ભૂમિ' કહે. ગૌડપાદાચાર્યે આ અર્થમાં 'વિષય' શબ્દ પણ વાપર્યો છે. [૪–૮૦].

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ જાતના સ્પર્શ-સંબંધ વિનાનો આ અસ્પર્શ-યોગ, બીજા સૌ યોગીઓ માટે દુર્દર્શ છે. તે યોગીઓ તો અભય એવા આ અસ્પર્શ-યોગમાં (તેને માટે જોઈતી નિરાલંબ દશા શી રીતે મેળવાય એવો) ભય જોઈ હબકી જાય છે. [૩૯]

બાકી, મનના આત્યંતિક નિગ્રહ વડે એ અભયપદ સર્વ યોગીઓ પ્રાપ્ત કરી શકે છે. એ પદ જ સર્વ દુઃખોના ક્ષયરૂપ, પ્રબોધરૂપ, અને અક્ષય શાંતિરૂપ પણ છે. [૪૦]

દાભની અણી વડે એક એક ટીપું કરીને આખો સમુદ્ર પણ ખાલી કરી શકાય. એ પ્રમાણે થાક્યા કે કંટાળ્યા વિના મંડ્યા રહીએ, તો મન જેવા મનનો પણ નિગ્રહ થઈ શકે. [૪૧]

કામ અને ભોગમાં વિક્ષિપ્ત થતા મનને, બધું ભોગવેલું દુઃખ યાદ લાવીને, કામ-ભોગમાંથી નિવારવું. તે જ પ્રમાણે નિદ્રામાં સુપ્રસન્ન થઈ લય પામતા મનને પણ નિગૃહીત કરવું. કારણ, કામ જેવી જ નિદ્રાની અવસ્થા પણ છે. (દ્વૈત જેવું કશું ઉત્પન્ન જ નથી થયું તથા) સર્વત્ર અજ તત્ત્વ જ વિરાજમાન છે એવું ચિંતન કરે, તો કશું દ્વૈત દેખવા જાય જ નહિ. [૪૨-૩]

જ્યારે ચિત્ત નિદ્રામાં લય નથી પામતું, કામભોગાદિથી વિક્ષિપ્ત નથી થતું, તથા નિશ્ચલ [अनिङ्गनं] અને વિષયોના આભાસરહિત બને છે, ત્યારે તે બ્રહ્મસ્વરૂપે નિષ્પન્ન થાય છે. [૪૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

અસ્પર્શયોગ [1]

જગતના પદાર્થો આકાશ જેવા છે; તેમને જાણનાર જ્ઞાન આકાશ જેવું છે. જ્ઞાન અને જ્ઞેય અભિન્ન જ છે એવો બોધ જ સાચો બોધ છે. [૧]

આ 'અસ્પર્શયોગ'[2]નો ઉપદેશ જ સર્વ પ્રાણીઓને સાચું કલ્યાણ આપનાર છે. તે વિવાદરહિત છે, અવિરુદ્ધ છે. [૨.] અને સ્પર્શ હોય પણ ક્યાંથી? પોતામાંથી કે પારકામાંથી સાચી કે મિથ્યા કશી વસ્તુ પેદા થઈ જ નથી! [૨૨]

જે કંઈ પદાર્થો ઉત્પન્ન થતા દેખાય છે, તે તત્ત્વતઃ નથી જ ઉત્પન્ન થતા. તેમની ઉત્પત્તિ માયા જેવી છે; અને માયા તો વસ્તુતાએ કંઈ જ નથી. [૫૮.] જેમ જાદુગર માયામય બીજમાંથી માયામય અંકુર ઉદ્ભવતો બતાવે છે, તેના જેવું આ બધા પદાર્થોની બાબતમાં જાણવું. એ અંકુર નથી નિત્ય કે નથી અનિત્ય. [૫૯.] જે પેદા જ નથી થયું તેને માટે નિત્ય કે અનિત્ય એવું કથન જ શાનું ઘટે? [૬૦]

જેઓ સૃષ્ટિ વગેરેની ઉત્પત્તિ સાચી માને છે, તેઓ અંદર અંદર વિવાદ કરી, છેવટે કશું નથી જન્મતું એ સિદ્ધાંતને જ સાબિત કરે છે! [૪-૫]

---

૧ આ પ્રકરણ 'અલાતશાન્તિ' નામે ઓળખાય છે. પણ આ પ્રકરણની શરૂઆતમાં જે 'દ્વિપદાંવરમ્' માનવશ્રેષ્ઠને નમસ્કાર કર્યા છે, તેમણે 'અસ્પર્શયોગ' ઉપદેશ્યો છે, એમ કહી તેમને બીજા શ્લોકમાં પાછા ફરી નમસ્કાર કર્યા છે.

૨. જ્ઞાત – જ્ઞેય એવો કશો સ્પર્શ – સંબંધ વસ્તુતાએ છે જ નહિ, એવો યોગ – સાક્ષાત્કાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ કે, કેટલાક વાદીઓ[1] એમ માને છે કે, ઉત્પન્ન થતા પહેલાં સૂક્ષ્મરૂપે કારણમાં મોજૂદ એવું સૃષ્ટિરૂપી કાર્ય ઉત્પન્ન થાય છે. (અર્થાત્ કારણ એવી માટીમાં કાર્ય એવો ઘડો અપ્રગટ અવસ્થાએ [तिरोहित] મોજૂદ હોય છે જ; કુંભાર વગેરેના કારક-વ્યાપારથી તે પ્રગટ અવસ્થામાં આવે છે, એટલું જ. જો કાર્ય કોઈ પણ અવસ્થાએ કારણમાં પહેલેથી સત્ [भूत] વિદ્યમાન ન હોય, તો પછી ગમે તે કારણમાંથી ગમે તે કાર્ય ઉત્પન્ન થવું જોઈએ.) ત્યારે કેટલાક વાદીઓ[2] એમ માને છે કે, ઉત્પન્ન થતા પહેલાં કોઈ પણ રૂપે અસત્ [अभूत] અવિદ્યમાન એવું કાર્ય જ ઉત્પન્ન થાય છે. (કારણ કે, કાર્ય પહેલેથી સત્ જ હોય, તો પછી કાર્ય ઉત્પન્ન કરવા કશા કારક-વ્યાપારની જરૂર જ શી ? જે સત્–ભૂત–છે જ, તેને વળી નવું ઉત્પન્ન થવાપણું શું ?) પરંતુ કાર્ય જો ઉત્પન્ન થતા પહેલાં અસત્ જ હોય, તો પછી અસત્ વસ્તુ ઉત્પન્ન થાય શી રીતે ? (જેમકે, વંધ્યાનો પુત્ર એ છેક જ અસત્ વસ્તુ છે. એટલે) વંધ્યાનો પુત્ર ઉત્પન્ન થયો એમ કહેવું, એ તો છેક જ વિરોધી છે. આમ સત્-કાર્યવાદી કે અસત્-કાર્યવાદી કાર્યની ઉત્પત્તિ સમજાવી શકતા જ નથી; અને એકબીજાનું ખંડન કરી, કાર્ય ઉત્પન્ન થતું જ નથી, એવા અમારા વાદને પ્રકાશિત કરે છે. [૩-૫]

તે બધા કાર્ય-કારણવાદીઓ (પ્રકૃતિ વગેરે) કારણને તો અ-જાત (નિત્ય) માને છે, અને તેને પાછું કાર્ય રૂપે ઉત્પન્ન થતું —પરિણત થતું કહે છે. પરંતુ જે વસ્તુ અ-જાત કે અમૃત (નિત્ય) હોય, તે પરિણામ પામી અ-નિત્ય [मर्त्य] શી રીતે બને ? વસ્તુની પ્રકૃતિ તે વળી કદી બદલાતી હશે ? અને ખરેખર સ્વભાવથી નિત્ય એવી વસ્તુ જો અનિત્ય બની જાય, તો પછી તે પોતે નિત્ય કેમ કરીને રહે ? [૬-૯]

---

૧. સત્કાર્યવાદીઓ : ૨. અસત્કાર્યવાદીઓ : ન્યાય-વૈશેષિક મતવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે ન ઉત્પન્ન થયેલા એવા કારણમાંથી કાર્ય જન્મે છે, એવું કહેવા માટે કોઈ દૃષ્ટાંત જ નથી. અને પોતે ઉત્પન્ન થયેલા એવા કારણમાંથી કાર્ય ઉત્પન્ન થયેલું કહો, તો એ કારણને કોણે ઉત્પન્ન કર્યું, તેને કોણે ઉત્પન્ન કર્યું — એમ અનવસ્થા જ આવીને ઊભી રહે. [૧૧-૩]

(મીમાંસકો એમ માને છે કે,) ધર્મ-અધર્મ વગેરેનું કારણ દેહ વગેરે છે, અને દેહ વગેરેનું કારણ ધર્મ-અધર્મ છે. આમ કાર્ય-કારણની પરંપરા અનાદિથી ચાલતી આવી છે — બીજ અને ફણગાની જેમ. (એમ માનવામાં પણ ઘણા દોષો છે. જેમ કે,) એ બંને જો એકબીજાથી ઉત્પન્ન થયેલાં છે એમ કહો, તો પછી તે બંનેને અનાદિ નહિ કહી શકો. કારણ કે ઉત્પન્ન થયેલી વસ્તુ અનાદિ શી રીતે હોય? ઉપરાંત તમારા કહેવામાં તો કાર્યથી કારણ, અને કારણથી પાછું કાર્ય ઉત્પન્ન થાય છે; એ તો પુત્રથી પિતાનો જન્મ થાય છે એમ કહેવા બરોબર થયું! એ પ્રમાણે તો કારણ અને કાર્ય એવો ભેદ જ ન રહ્યો! તેમ જ પહેલું કોણ અને પછી કોણ એવો ક્રમ પણ ક્યાં રહ્યો? [૧૪-૧૬]

બાહ્ય પદાર્થનું અસ્તિત્વ માનનારો હવે દલીલ કરે કે, બાહ્ય પદાર્થો ન હોય, તો તેમનું જ્ઞાન [प्रज्ञप्ति] સંભવે નહીં. પદાર્થો અનેક અને વિવિધ હોય, તો જ તેમનાં તદનુરૂપ વિવિધ જ્ઞાન સંભવે. જ્ઞાનનું કાર્ય તો બાહ્ય પદાર્થોને પ્રકાશિત કરવાનું છે; જેમ દીપનું કામ (અંધારામાં) પદાર્થોને પ્રકાશિત કરવાનું છે. બાહ્ય પદાર્થો ન હોય, તો તેમનું જ્ઞાન જ ન સંભવે. વળી, (અગ્નિ વગેરે) બાહ્ય પદાર્થો હોય તો જ તેમને કારણે આપણને દાઝવા વગેરેની વેદના સંભવે; બાહ્ય પદાર્થો ન હોય, તો તેમને કારણે આપણને વેદનાનો અનુભવ પણ ન થાય. માટે બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ માનવું જ જોઈએ; બાહ્ય પદાર્થો – સૃષ્ટિ – ઉત્પન્ન થયાં જ નથી, એમ કહેવું ખોટું છે. [૨૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના જવાબમાં કહીએ છીએ કે, વિવિધ જ્ઞાનો [प्रज्ञप्ति] થાય છે એટલે તેમના નિમિત્તરૂપ બાહ્ય પદાર્થો હોવા જ જોઈએ, એ વસ્તુ અમે પણ વ્યાવહારિક સત્ય તરીકે [युक्तिदर्शनात्] માનીએ જ છીએ. પરંતુ અમે તો પારમાર્થિક સત્યની દૃષ્ટિએ [भूतदर्शनात्] કહીએ છીએ કે, એ જે બાહ્ય પદાર્થો રૂપ નિમિત્ત તથા તેમના સંબંધથી થતી વિવિધ પ્રજ્ઞપ્તિઓ — એ બધું મિથ્યા માયારૂપ છે. ચિત્ત કોઈ પદાર્થને સ્પર્શતું નથી, કે તે કારણે અર્થના આભાસવાળું પણ થતું નથી. કારણ કે, અર્થ જ ખરી રીતે હોતો નથી — માયારૂપ છે, તેથી તે અર્થનું જ્ઞાન પણ માયા-રૂપ છે. ત્રણ કાળમાં ચિત્ત કોઈ બાહ્ય પદાર્થને સ્પર્શતું જ નથી; અને બાહ્ય પદાર્થ જ નથી, પછી તેમને નિમિત્તે તેને મિથ્યા જ્ઞાન [विपर्यास] પણ શાને સંભવે? ચિત્ત કે ચિત્ત વડે દૃશ્ય એવા પદાર્થો, કશું ઉત્પન્ન જ થયું નથી. જેઓ એ ઉત્પત્તિ શોધવા બેસે છે, તેઓ આકાશમાં પડેલાં પગલાં શોધવા બેસે છે! [૨૪-૨૮]

જેઓ આત્માને ઉત્પન્ન થતો-મરતો, સંસારમાં બંધાતો તથા મુક્ત થતો માને છે, તેઓની સામે અનેક સમસ્યાઓ આવીને ઊભી રહે છે. આત્મા જો જન્મતો-મરતો હોય, તો પછી તે નિત્ય-અવિનાશી શી રીતે કહેવાય? જે નિત્ય વસ્તુ હોય, તેમાં કદી કશો ફેરફાર જ સંભવી ન શકે. વળી તેઓ સંસારને અનાદિ કાળથી ચાલતો આવતો માને છે. હવે જો તે અનાદિ હોય, તો પછી તેનો અંત જ ન આવે; છતાં તેઓ સંસારનો અંત આવતો તો માને છે! વળી મોક્ષ જો નવો જ ઉત્પન્ન થતો હોય, તો પછી તે પણ અનંત-કાયમી શી રીતે ઠરે? જે વસ્તુ ઉત્પન્ન થાય, તેનો નાશ પણ થાય જ. [૨૯-૩૦]

આમ, ઉત્પત્તિનો પક્ષ કોઈ રીતે પુરવાર થઈ શકતો ન હોવાથી, કશી ઉત્પત્તિ વસ્તુતાએ થતી જ નથી [अजं] એ નિર્ણયે જ પહોંચવું પડે છે. [૩૮.] શાસ્ત્રમાં સૃષ્ટિની ઉત્પત્તિ થતી વર્ણવી છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પણ ' કશું ઉત્પન્ન નથી થયું ' એવા [अजाति] વાદથી લોકો એકદમ ડરી ન જાય તે માટે છે. તેઓ શાસ્ત્રમાર્ગે શ્રદ્ધા રાખી સન્માર્ગે ચાલ્યા કરે, તો પછી, ધીરે ધીરે ' કશું ઉત્પન્ન નથી થયું ' એવું સમજવા લાગશે. દરમ્યાન સૃષ્ટિ ઉત્પન્ન થયાની વાત માનવાથી તેમને કશું નુકસાન નહિ થાય; અને થશે તો પણ બહુ થોડું થશે. [૪૨-૩]

માયાવીએ દેખાડેલો માયા-હાથી ખરેખર નજર પડતો હોવાથી તથા તેનાથી વ્યવહાર સિદ્ધ થતો દેખાવાથી સાચો મનાય છે, તેવી જ રીતે જગતની વસ્તુઓ પણ જાણવી. [૪૪]

બાળક જ્યારે હાથમાં સળગતું ખોરિયું લઈ તેને ઘુમાવે છે, ત્યારે વાંકાંચૂકાં લાલ કૂંડાળાં દેખાય છે. તે ખોરિયું જ્યારે ઘુમાવાતું બંધ થાય છે, ત્યારે પેલાં કૂંડાળાં પણ દેખાતાં બંધ થાય છે. તે ખોરિયું ઘુમાવાતું હતું, ત્યારે લાલ કૂંડાળાં કંઈ તેમાંથી ઉત્પન્ન થતાં ન હતાં; તેમ જ જ્યારે તેને ઘુમાવવાનું બંધ કર્યું, ત્યારે એ કૂંડાળાં કંઈ તેમાં પાછાં પેસી નથી જતાં. ખરી રીતે ખોરિયામાંથી કશું ઉત્પન્ન થયું હોતું નથી; કે નથી બહારથી ઉત્પન્ન થઈને તેમાં આવ્યું હોતું. તેમ જ ચેતન આત્મામાં (અવિદ્યાએ કરેલા) સ્પંદનથી જ્ઞાતા-જ્ઞેય એવો દ્વૈતસૃષ્ટિનો આભાસ ઊભો થાય છે. ખરી રીતે તેમાંથી કશું ઉત્પન્ન થતું નથી. જ્યારે બધી સૃષ્ટિરૂપી ભ્રમ દેખાતો હોય છે, ત્યારે તે તેમાંથી ઉત્પન્ન થતો નથી હોતો. કે તે દેખાતો બંધ થાય, ત્યારે તે તેમાં પાછો સમાઈ જતો હોતો નથી. ખરી રીતે ચેતન આત્મામાં કશું ઉત્પન્ન થતું હોતું નથી; કે નથી બહારથી ઉત્પન્ન થઈને તેમાં આવ્યું હોતું. [૪૭-૫૧.] એ બધા સૃષ્ટિરૂપી આભાસોમાં કશી વાસ્તવિકતા – વસ્તુતા [द्रव्यत्व] હોતી નથી. તેમનું કારણ શું છે, અને તે કોનું કાર્ય છે, એવું નક્કી થઈ ન શકતું હોવાથી, તે હંમેશ અચિંત્ય છે [૫૨]

આ બધી જે ઉત્પત્તિ છે, તે અવિદ્યાથી [संवृत्या] ઉત્પન્ન થતી હોઈ, વ્યાવહારિક છે; શાશ્વત નથી. પરમાર્થથી [सद्भावेन]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બધું અજ (आत्मा) રૂપ જ છે; તેથી (કશું સત્ય નથી એવો) ઉચ્છેદવાદ પણ પ્રાપ્ત થતો નથી. [૫૭]

જેમ સ્વપ્નમાં માયાને કારણે મન (દ્રષ્ટા અને દૃશ્ય એમ) દ્વૈતના આભાસવાળું બને છે, તેમ જ જાગ્રતમાં પણ જાણવું. સ્વપ્નમાં દ્રષ્ટા ફરતો ફરતો દશે દિશામાં સ્થિત વિવિધ પ્રાણીઓને જુએ છે; તે બધાં પ્રાણીઓ (સ્વપ્નદ્રષ્ટાના) ચિત્તને જ દેખાય છે, તથા ચિત્તથી જુદાં હોતાં નથી. તેથી તેના ચિત્તને જ દેખાતું તે બધું તેના ચિત્ત રૂપ જ ગણાય છે [इष्यते]. તેવી રીતે જાગ્રતમાં દશે દિશામાં જે પ્રાણીઓ દેખાય છે, તે (જાગ્રત અવસ્થાના દ્રષ્ટા)ના ચિત્તને જ દેખાય છે, તથા તેના ચિત્તથી જુદાં હોતાં નથી. તેથી તેના ચિત્તને જ દેખાતું તે બધું તેના ચિત્ત રૂપ જ ગણાય. [૬૧-૬૬.] તે ચિત્ત તેમ જ તેને દેખાતું દૃશ્ય, એ બંને અન્યોન્યાશ્રિત છે. કોઈ પદાર્થની જાણ તેના જ્ઞાન વિના થઈ શકે નહિ; અને પદાર્થ વિના તેનું જ્ઞાન સંભવે નહિ. તે બંનેનો સંબંધ વ્યાવહારિક જ છે – પ્રમાણશૂન્ય છે. [૬૭.]

સ્વપ્નના, માયા – નજરબંધીના કે મંત્રાદિથી ઊભા કરેલા જીવો જેવા જ આ બધા જીવો છે. ખરી રીતે કોઈ જીવ ઉત્પન્ન થતો નથી; કશું જ ઉત્પન્ન થતું નથી. બધા આત્માઓને સ્વભાવથી આકાશ જેવા જ જાણવા. તેમનામાં જરા પણ અનેકતા – ભિન્નતા છે જ નહિ. [૯૧.] તે સ્વભાવથી નિત્ય બોધસ્વરૂપ, નિત્ય શાંત, અનુત્પન્ન, અને નિઃસંગ સ્વભાવના છે. તે બધા પરમાર્થતઃ સમાન છે અને અભિન્ન છે. આત્મતત્ત્વ અજ, સમ અને વિશુદ્ધ જ [विशारद] છે. [૯૩.]

આ દ્રષ્ટા અને દૃશ્ય એ બધું દ્વૈત ચિત્તના (અવિદ્યાએ ઊભા કરેલા) સ્પંદન રૂપ છે. ચિત્ત (આત્મા) પોતે તો હંમેશ કોઈ દ્વૈત – વિષયરહિત જ છે. તેથી તેને શ્રુતિમાં (બૃહ૦ ૪, ૩, ૧૫-૬) ‘ અસંગ ’ કહ્યું છે. [૬૮-૭૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વૈત ખરી રીતે છે જ નહિ એમ બોધ થતાં, પછી દ્વૈતસૃષ્ટિરૂપી નિમિત્ત ન રહેવાથી, તેમાં અભિનિવેશ પણ થતો નથી. ઉત્તમ–અધમ–મધ્ય એવા બાહ્યસૃષ્ટિરૂપી હેતુઓ ન રહે, તો પછી તે પ્રમાણેના જ્ઞાનવાળું ચિત્ત પણ શી રીતે બને ? બાહ્ય સૃષ્ટિ દેખાવા રૂપી નિમિત્ત ન રહ્યું, એટલે પછી ચેતન [चित्त] સમ–અદ્વય અવસ્થામાં સ્થિત થાય છે. એ 'અનુત્પતિ'ની (અર્થાત્ મોક્ષ–નિર્વાણની) સ્થિતિ છે. જોકે, આ બધું દશ્ય દેખાતું હોય છે ત્યારે પણ આત્મા [चित्त] તો અનુત્પતિરૂપ અદ્વૈત (મુક્ત) સ્થિતિમાં જ હોય છે. [૭૫-૭]

દ્વૈત સૃષ્ટિરહિત સ્થિતિ [अनिमित्तता] ને સત્ય જાણીને, પછી (સંસારના નિમિત્તરૂપ) બીજા કોઈ રાગ – આસક્તિ વગેરે હેતુઓ ઊભા થતા ન હોવાથી, શોક તથા કામનાથી રહિત અને તેથી અભય એવા પદને પામે છે. [૭૮.] તે સામ્ય, અજ, અદ્વય સ્થિતિ પરમાર્થદર્શી બુદ્ધોનો વિષય છે. [૮૦.] અજ, અનિદ્ર, અસ્વપ્ન એવી એ સ્થિતિ સ્વયં પ્રકાશિત [प्रभातं] હોય છે. વસ્તુ-સ્વભાવે કરીને એ આત્મા નિત્ય પ્રકાશ [सकृद्विभातः] છે. [૮૧]

કોઈ પણ બાહ્ય પદાર્થમાં અભિનિવેશ કરો, તો (આત્માનું સ્વભાવગત) સુખ ઢંકાઈ જાય છે, અને હંમેશ દુઃખ જ પ્રગટ થાય છે [૮૨.] સંપૂર્ણ સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને, તથા અદ્વય એવું તથા આદિ–મધ્ય–અંત રહિત એવું બ્રહ્મણ્યપદ પ્રાપ્ત કર્યા પછી શાની ઇચ્છા રહે ? [૮૫.] એ સ્થિતિ જ ડાહ્યા પુરુષો [विप्र] નો વિનય કહેવાય; એ જ તેમનો સ્વાભાવિક શમ પણ કહેવાય. સ્વાભાવિક રીતે જ ઇંદ્રિયો વિષયો તરફથી પાછી ફરતી હોવાથી, એ જ દમ પણ કહેવાય. [૮૬]

દુર્દર્શ, અતિ ગંભીર, અજ, સમ, વિશુદ્ધ તથા નાનાત્વરહિત એવા પદને જાણીને, અમે તેને યથાશક્તિ વંદન કરીએ છીએ. [૧૦૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

મંત્રોનો ગુજરાતી પાઠ

શાંતિપાઠ

ૐ હે દેવો, યજ્ઞધર્મનું પાલન કરતા રહેનારા અમે, અમારા કાનો વડે કલ્યાણકારી વાતો સાંભળીએ; આંખો વડે કલ્યાણકારી ચીજો જોઈએ; અમારાં નીરોગી અને મજબૂત અંગો તથા શરીરો વડે તમારી સ્તુતિ કરતા કરતા, જે આયુષ્ અમારે માટે તમે ઠેરવ્યું હોય તેને દેવોના હિતમાં — તેમની પ્રીતિ અર્થે અમે ભોગવીએ.

અમારાં મનને પણ કલ્યાણ તરફ જ પ્રેરો.

હે દેવો, આમ અમે તમારી પાસે માગીએ છીએ; એ પ્રમાણે અમારો જીવનપથ કાપવાનો અમે સંકલ્પ કરીએ છીએ,

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

૧

પેલું अक्षर કહેવાતું તત્ત્વ એ ૐકાર છે;

क्षर એવું જે દૃશ્ય તું જુએ છે તે આ બધું सर्वम्, એ અક્ષર તત્ત્વનો વિસ્તારવેલો કે તેની વર્ણન-ગાથા છે.

આથી કરીને, ભૂતકાળ, વર્તમાનકાળ તથા ભવિષ્યકાળ એ ત્રણમાં રહેતું કે ગુજરતું क्षर એવું આ બધું सर्वम् છે, તે પણ ૐકાર જ છે.

તથા તે ત્રણ કાળની પાર જે બીજું કાંઈ છે તે પણ ૐકાર જ છે. (૧)

૨

પેલું તારી ચોતરફ વીંટળાયેલું આ બધું सर्वम् બ્રહ્મ જ છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આત્મા,- કે જે તને અને સૌને હુંપણાના અનુભવ વડે પ્રતીત થાય છે, તે પણ બ્રહ્મ છે.

એવો એ આત્મા ચતુષ્પાદ છે; એટલે કે, તેનું વસ્તુ ચોથે પગલે કે ચોથી દશાએ જોતાં વરતાય એવું છે. (૨)

૩

એવા એ આત્માનો પહેલો પાદ જાગ્રત-દશા છે. તે સ્થાને તેનું પ્રજ્ઞાન દેહ બહાર પ્રતીત થતા સ્થૂલ પદાર્થો પરત્વે પ્રવર્તે છે. એમ, તે તેનાં સાત અંગો અને ૧૯ ઇંદ્રિયોરૂપી મુખો વડે, એ સ્થૂલ પદાર્થોને માણે છે. આવા પ્રકારના પ્રથમ પાદે વરતાતો આત્મા વૈશ્વાનર કહેવાય છે. (૩)

૪

આત્માનો બીજો પાદ સ્વપ્ન-દશા છે. તે સ્થાને તેનું પ્રજ્ઞાન દેહની અંદર મનમાં પડેલા અને ત્યાંથી ઊઠતા એવા પદાર્થો પરત્વે પ્રવર્તે છે. એમ તે તેનાં સાત અંગો અને ૧૯ ઇંદ્રિયોરૂપી મુખો વડે, મનના સૂક્ષ્મ પડેલા 'પ્રવિવિક્ત' પદાર્થોને માણે છે. આવા પ્રકારના બીજા પાદે વરતાતો આત્મા તૈજસ કહેવાય છે. (૪)

૫

ઊંઘમાં પડવાની દશાને સુષુપ્ત કહે છે. તે દશાએ જતાં આત્મા જાગ્રત-દશા પેઠે કશી કામના કરતો નથી, સ્વપ્ન-દશા પેઠે કશું સ્વપ્ન જોતો નથી. તે સ્થાને તેનું પ્રજ્ઞાન ઠરીને ઘન એકાકાર બને છે. ત્યાં તે પોતાના ચેતન શક્તિના મુખ વડે કેવળ આનંદમય હોય છે, એટલે આનંદ જ માણે છે. આવા પ્રકારના ત્રીજા પાદે વરતાતો આત્મા પ્રાજ્ઞ કહેવાય છે. (૫)

૬

આ પ્રાજ્ઞ કહેવાતો આત્મા જ આ જગતનો સર્વેશ્વર છે; તે સર્વજ્ઞ છે, અંતર્યામી છે; બધું એમાંથી જન્મે છે; ભૂતમાત્રના ઉદય અને લયનું સ્થાન એ છે. (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

હવે ચતુર્થ કહેવાતો એવો પાદ જુઓ. તે સ્થાને પ્રજ્ઞાન અંદરનું સૂક્ષ્મ કે બહારનું સ્થૂલ કે બેઉ-તરફી નથી; ઉપરાંત, ત્રીજા પાદ પેઠે પ્રજ્ઞાનઘન પણ નથી. તેથી તે પ્રજ્ઞ કે અપ્રજ્ઞ પણ નથી.

એટલે પૂર્વનાં ત્રણ પાદ, કે જે દેખાય કે વરતાય એવાં છે, તેમ આ ચોથો પાદ નથી. તે અદૃષ્ટ છે. તેથી કોઈ અંગ, ઇંદ્રિય કે મન વડે તેની જોડે વ્યવહાર પાડી ન શકાય કે પકડી ન શકાય એવો એ છે.

કેમ કે પૂર્વનાં ત્રણ પાદ પેઠે તેનું કોઈ લક્ષણ નથી. તે અલખ – અલક્ષણ છે.

એટલે તે ચિત્ત વડે ચિંતવી ન શકાય એવો, કે કોઈ લક્ષણ કહીને બતાવી કે ઓળખાવી કે વર્ણવી ન શકાય એવો પાદ છે.

એ સ્થાને આત્માને થતા પ્રત્યય- કે પ્રજ્ઞાન- માત્રના સારરૂપ મૂળ એકત્વ રહેલું છે. ત્યાં આગળ આ સંસારનો પ્રપંચમાત્ર શાંત પડેલો હોય છે; એટલે કે, અગાઉનાં ત્રણ સ્થાનો, કે જ્યાં ત્રણ દશામાં વહેંચીને સમજી શકાય છે એવા પ્રપંચનો અંશ જોવા મળે છે, તે બધું ચોથે પાદે ઉપશમને પામે છે.

પરિણામે, જે ચોથો પાદ માનવામાં આવે છે તે શાંત, શિવ અને અદ્વૈત છે.

તે ખરેખર આત્મા છે. તેને આપણે જાણવાનો છે. (૭)

૮

[તે કઈ રીતે જાણી શકાય?]

તેવો આ આત્મા અક્ષરોમાં મણિરૂપ છે; તેમ જ ૐકાર માત્રાઓમાં મણિરૂપ છે.

એકને પાદ તો બીજાને માત્રાઓ છે; એ પાદ છે તે જ માત્રાઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકાર, ઉકાર અને મકાર એ માત્રાઓ છે. (૮)

૯

જાગ્રત અવસ્થાના સ્થાને વિરાજતો આત્માનો વૈશ્વાનર પાદ તે ૐકારની પ્રથમ માત્રા અકાર છે. તે એ કારણે કે, પાદોમાં વૈશ્વાનર પેઠે માત્રાઓમાં અકાર સરખો વ્યાપ ધરાવે છે કે સૌથી પહેલો છે.

જે એમ જાણે છે તે ખરેખર બધી કામનાઓને પામે છે અને પ્રથમ બને છે. (૯)

૧૦

સ્વપ્નાવસ્થાને સ્થાને વિરાજતો આત્માનો તૈજસ પાદ તે ૐકારની બીજી માત્રા ઉકાર છે. તે એ કારણે કે, પાદોમાં તૈજસ પેઠે માત્રાઓમાં ઉકાર ઊંચે ઊઠવાનો — ઉત્કર્ષનો ગુણ ધરાવે છે તથા ત્રણમાં વચ્ચે હોઈ બંને બાજુ સંબંધ ધરાવનાર છે.

જે એમ જાણે છે તે ખરેખર પોતાની જ્ઞાનસંતતિને ઊંચે ને ઊંચે લે છે — જ્ઞાનવૃદ્ધિ કર્યે જ જાય છે તથા સર્વમાં સમતાને જોતો — સમાન થાય છે. તેના કુલમાં બ્રહ્મ ન જાણે એવો કોઈ થતો નથી.* (૧૦)

૧૧

સુષુપ્ત અવસ્થાને સ્થાને વિરાજતો આત્માનો પ્રાજ્ઞ પાદ તે ૐકારની ત્રીજી માત્રા મકાર છે. તે એ કારણે કે, પાદોમાં પ્રાજ્ઞ પેઠે માત્રાઓમાં મકાર સર્વનું માપ કે મર્યાદારૂપ છે અને ત્યાં બધું લય પામે છે.

---

* મતલબ કે, જ્ઞાનનો ઉત્તરોત્તર ઉત્કર્ષ એવો થાય છે કે, તેના અંતે રહેલી બ્રહ્મદૃષ્ટિ તેને લાધે છે; એમ જ્ઞાનયોગ દ્વારા બ્રહ્મનિષ્ઠ બનેલા તે માણસના સત્સંગમાં આવનારો બ્રહ્મને વિષેની શ્રદ્ધા સહેજે મેળવે છે; બ્રહ્મનો ઇન્કાર કરનાર નાસ્તિક તે નથી રહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે એમ જાણે છે તે ખરેખર આ સર્વનું માપ કાઢી લે છે —તેનો તાગ પામી જાય છે. અને તે બધાનું લય-સ્થાન પણ બને છે. એટલે કે, બધું જ પોતામાં સમાય છે—પોતામાં લય પામે છે કે શમે છે, એમ પણ તે જુએ છે.

૧૨

જેની જોડે વ્યવહાર ન પાડી શકાય, જ્યાં પ્રપંચમાત્ર શમે છે, જે શિવરૂપ છે, અદ્વૈત છે, એવો જે આત્માનો ચતુર્થ મનાતો (એમ ઉપર મંત્ર ૭માં કહ્યું તે) પાદ ૐકાર પેઠે અમાત્ર છે—તેને માત્રા નથી.

આ પ્રમાણે ૐકાર એ આત્મા જ છે. એટલે એ દ્વારા આત્માને જાણી શકાય છે.

જે એમ જાણે છે તે જાતે આત્મા થકી આત્મામાં ભળે છે. જે જાણવાનું છે તે પરમ વિજ્ઞેય પોતે જ છે, એમ લહે છે; અને એમ શાંત, શિવ એક અદ્વૈત આત્માને પામીને વિરમે છે. (૧૨)

શાંતિપાઠ

ૐ હે દેવો, યજ્ઞધર્મનું પાલન કરતા રહેનારા અમે, અમારા કાનો વડે કલ્યાણકારી વાતો સાંભળીએ; આંખો વડે કલ્યાણકારી ચીજો જોઈએ; અમારાં નીરોગી અને મજબૂત અંગો તથા શરીરો વડે તમારી સ્તુતિ કરતા કરતા, જે આયુષ અમારે માટે તમે ઠેરવ્યું હોય તેને, દેવોના હિતમાં—તેમની પ્રીતિ અર્થે અમે ભોગવીએ.

અમારાં મનને પણ કલ્યાણ તરફ જ પ્રેરો.

હે દેવો, આમ અમે તમારી પાસે માગીએ છીએ; એ પ્રમાણે અમારો જીવનપથ કાપવાનો અમે સંકલ્પ કરીએ છીએ.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદસૂચિ

૧. પદ સામેના આંકડા મંત્રની સંખ્યા બતાવે છે.

૩. અનુસ્વારોને અનુનાસિક વ્યંજનના ક્રમમાં જોવા.

૩. અંતઃસ્થવ્યંજન અને ઊષ્માક્ષરો પહેલાંના અનુસ્વાર તેમની પહેલાંના સ્વરનો ક્રમ પૂરો થાય તે પછી જોવા.

૪. વિસર્ગને સ્ ગણી, તે ક્રમમાં જોવો.

૫. પદોની શરૂઆતમાં અને અંતમાં ० આવું મીંડું હોય, તે પદો આખા સમાસપદની અંદરનાં ઘટક પદ સમજવાં.

अकारः ८, ९
अक्षरम् १
०अक्षरम् ८
अग्राह्यम् ७
०अङ्गः ३, ४
अचिन्त्यम् ७
०अतीतम् १
अदृष्टम् ७
अद्वैतम् ७
अद्वैतः ११
अधिमात्रम् ८
अध्यक्षम् ८
अन्तर्यामी ६
अन्तःप्रज्ञम् ७
अन्तःप्रज्ञः ४
अन्यत् १
अपि १
अपीतिः ११
अपीतेः ११
अप्ययौ ६
अप्रज्ञम् ७
अब्रह्मवित् १०
अमात्रः १२
अयम् २, ८
अलक्षणम् ७
अवाप्नोति ९
अव्यपदेश्यम् ७
अव्यवहार्यम् ७
अव्यवहार्यः १२
अस्य १०
आत्मना १२
आत्मा २, ७, ८, १२
आत्मानम् १२
आदिमत्त्वात् ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आदि: ९
आनन्दभुक् ५
आनन्दमय: ५
आप्ते: ९
इति १, ८
इदम् १, ११
उकार: ८, १०
उत्कर्षति १०
उत्कर्षात् १०
उपव्याख्यानम् १
०उपशमम् ७
०उपशम: १२
उभयत:प्रज्ञम् ७
उभयत्वात् १०
एकात्मप्रत्ययसारम् ७
एकीभूत: ५
एकोनविंशतिमुख: ३, ४
एतद् १, २
एव १, ५, १२
एवम् ९, १० ११, १२
एष: ६
ओङ्कार: १, ८, १२
ओम् १
कंचन ५
कामम् ५
कामयते ५
कामान् ९
कुले १०
०घनम् ७
०घन: ५
च १, ८, ९, १०, ११
चतुर्थम् ७
चतुर्थ: १२
चतुष्पात् २
चेतोमुख: ५
जागरितस्थान: ३, ९
ज्ञानसंततिम् १०
तत् ५
तद् १
तस्य १
तृतीय: ५
तृतीया ११
त्रिकालातीतम् १
द्वितीय: ४
द्वितीया १०
न ५, ७, १०
पश्यति ५
पाद: ३, ४, ५
पादा: ८
प्रज्ञम् ७
०प्रज्ञम् ७
०प्रज्ञ: ३, ४
प्रज्ञानघनम् ७
प्रज्ञानघन: ५
०प्रत्ययं ७
प्रथम: ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रथमा ९
प्रपंचोपशमम् ७
प्रपंचोपशमः १२
प्रभवाप्ययौ ६
प्रविविक्तभुक् ४
प्राज्ञः ५, ११
बहिष्प्रज्ञम् ७
बहिष्प्रज्ञः ३
ब्रह्म २
भवत् १
भवति ९, १०, ११
भविष्यत् १
भूतम् १
भूतानाम् ६
मकारः ८, ११
मन्यन्ते ७
०मात्रम् ८
मात्रा ९, १०, ११
मात्राः ८
मितेः ११
मिनोति ११
०मुखः ३, ४, ५
यः ९, १०, ११, १२
यत् १
यत्र ५
योनिः ६
वा १०, ११
विज्ञेयः ७
वेद ९, १०, ११, १२
वै ९, १०
वैश्वानरः ३, ९
शान्तम् ७
शिवम् ७
शिवः १२
०संततिम् १०
सप्तांगः ३, ४
समानः १०
सर्वज्ञः ६
सर्वम् १, २ ११,
सर्वस्य ६
सर्वान् ९
सर्वेश्वरः ६
सः २, ७, ८
संविशति १२
०सारम् ७
सुप्तः ५
सुषुप्तम् ५
सुषुप्तस्थानः ५, ११
०स्थानः ३, ४, ५, ९, १०, ११
स्थूलभुक् ३
स्वप्नम् ५
स्वप्नस्थानः ४, १०
ह ९, १०, ११
हि २, ६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા

૧. શ્રી યોગવાસિષ્ઠ : સંપા૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ કિં. રૂ. ૪.૦૦

અદ્વૈત વેદાંતના સુપ્રસિદ્ધ લોકગ્રંથનો સળંગ છાયાનુવાદ. મૂળના લગભગ પાંચમા ભાગ જેટલા કદમાં. શ્રી. મગનભાઈ પ્ર૦ દેસાઈના આમુખ સાથે.

૨. કળા એટલે શું ? : [ટૉલ્સ્ટૉય કૃત ‘ What is Art ? ’]
ભાષાંતરકાર મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. રૂ. ૩.૫૦

કળા ઉપરનો ટૉલ્સ્ટૉયનો આ નિબંધ તેમના થોડાક આર્ષ ગણાતા ગ્રંથોમાંનો એક છે. ઉપોદ્ઘાત, નામોની પરિચયસૂચિ તથા વિસ્તૃત વિષયસૂચિ સાથે.

૩. ગૌતમબુદ્ધ : અનુ૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ કિં. રૂ. ૧.૫૦

‘ માસ્ટર માઇન્ડ ’ (મહાપ્રજ્ઞ) વ્યાખ્યાનમાળામાં શ્રી. રાધાકૃષ્ણને આપેલા વ્યાખ્યાનનો અનુવાદ. શ્રી. રાધાકૃષ્ણનનો ટૂંક જીવનપરિચય, તથા ઉપયોગી ટિપ્પણો સાથે.

૪. મુંડકોપનિષદ : સંપા૦ મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. રૂ. ૨.૦૦

ઉપનિષદોમાં ‘ સર્વાંગસુંદર અને પરિપૂર્ણ ’ ગણાતા આ ઉપનિષદના મૂળ શ્લોક સાથે તેમનો પદાર્થ, અન્વય, ભાષાંતર, દલીલની સળંગસૂત્રતા પ્રગટ કરતું વિવેચન, પદસૂચિ — એવાં ઉપયોગી અંગો સહિત. શરૂમાં ઉપનિષત્-સાહિત્યની માહિતી આપતો વિસ્તૃત ઉપોદ્ઘાત.

૫. શ્રીમદ્ ભાગવત : સંપા૦ ગોપાળદાસ જીવાભાઈ પટેલ કિં. રૂ. ૩.૫૦

મૂળના પાંચમા ભાગ જેવડા કદમાં મૂળ ગ્રંથનો છાયાનુવાદ. શ્રીમદ્-ભાગવત અને ભાગવતધર્મ વિષેનો વિસ્તૃત ઉપોદ્ઘાત, પરિશિષ્ટો તથા વિશેષનામોની સૂચિ સાથે.

૬. પ્રાચીન સાહિત્ય : [શ્રી. રવીન્દ્રનાથ ઠાકુર કૃત] કિં. રૂ. ૧.૦૦

પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો શ્રી. રવીન્દ્રનાથે પોતાની અનોખી ઢબે નિરૂપેલો મોંઘેરો વારસો. મૂળ બંગાળી ઉપરથી સ્વ૦ મહાદેવભાઈ અને સ્વ૦ નરહરિભાઈ પરીખે કરેલા અનુવાદની નવી આવૃત્તિ.

૭. સુખમની : [પંચમ શીખગુરુ અર્જુનદેવ કૃત]
અનુ૦ મગનભાઈ પ્રભુદાસ દેસાઈ કિં. રૂ. ૨.૦૦

રોજ પાઠ કરવાના ગ્રંથ તરીકે શીખધર્મમાં ઉપયોગમાં લેવાતા એ ભક્તિકાવ્યનો પદ્યાનુવાદ. શીખધર્મ અને ગુરુ અર્જુનદેવનું ચરિત્ર નિરૂપતા વિસ્તૃત ઉપોદ્ઘાત સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय,

हरिद्वार

पुस्तक लौटाने की तिथि अन्त में अङ्कित है । इस तिथि को पुस्तक न लौटाने पर दस नये पैसे प्रति पुस्तक अतिरिक्त दिनों का अर्थदण्ड आप को लगाया जायेगा ।

५०००.११.१४ ।

GURUKULA KANGRI LIBRARY

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी, हरिद्वार
२०ग / 22
33,186

Date	No.	Date	No.

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar